# કર્મગ્રંથ - ૧
# વિવેચન

લેખક - સંપાદક
પ. મુનિરાજ શ્રી નરવાહનવિજયજી ગણિવર્ય



# પદાર્થ દર્શન ગ્રંથમાળા
## પુષ્પ - ૩

## કર્મગ્રંથ ભાગ-૧ વિવેચન

લેખક - સંપાદક

પૂજ્ય મુનિરાજ શ્રી નરવાહન વિજયજી ગણિવર્ય

પ્રકાશક

પદાર્થ દર્શન ટ્રસ્ટ

આશ્રમ રોડ, અમદાવાદ

# પુસ્તક-૩
# કર્મગ્રંથ ભાગ-૧

વીર સં. ૨૫૧૯

સને ૧૯૯૩

વિક્રમ સં. ૨૦૪૯

ચૈત્રી પૂર્ણિમા

પ્રથમ આવૃત્તિ

કિંમત રૂ. ૧૫.૦૦

લેખક

કર્મ સાહિત્ય નિષ્ણાત સિદ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચુડામણિ સ્વ. આચાર્યદિવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરિશ્વરજી મહારાજના પટ્ટધર પરમ શાસન પ્રભાવક, સૂરિચક્ર ચક્રવર્તિ વ્યાખ્યાન વાચસ્પતિ, સકલાગમ રહસ્ય વેદી, સુવિશાળ ગચ્છાધિપતિ પૂજય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરિશ્વરજી મહારાજના પરમ વિનેય શિષ્ય રત્ન પૂ. શ્રી નરવાહન વિજયજી ગણિવર

# આર્થિક સહયોગ

રત્નત્રયીની સુંદર આરાધના કરી રહેલ સાધ્વીશ્રી તત્વગુણાશ્રીજી કે જેઓ સંસારીપણે રસીલાબેન, શ્રી રમણલાલ કોદરલાલ શાહના સુપુત્રી થાય છે તેઓશ્રીની શુભપ્રેરણાથી સ્વ.-કંચનબેન તથા સ્વ. પ્રવિણભાઈના પુણ્ય સ્મરણાર્થે સુશ્રાવક શ્રાધ્ધવર્ય શ્રી રમણલાલ કોદરલાલ શાહ - અ.સો. શ્રીમતી તારાબેન રમણલાલ તેમજ તેમના પરિવાર સુપુત્ર સૂર્યકાંતભાઈ-કુમુદભાઈ-મુકેશભાઈ તથા સુપુત્રી સાધનાબેન ગવાડાવાળા તરફથી.

## પૂજ્ય આચાર્ય દેવેશની શીખ

છોડવા જેવો સંસાર

લેવા જેવું સંયમ

મેળવવા જેવો મોક્ષ

# પ્રકાશકીય

કર્મ સાહિત્યના અભ્યાસ તરફના સતત દુલક્ષ્યથી, અજ્ઞાનરૂપી અંધકારના આટાપાટામાં અથડાતાં આપણે મિથ્યાત્વના સહારે સાચામાં ખોટાપણાની અને ખોટામાં સાચાપણાની બુદ્ધિ ધરીને ચારગતિરૂપ સંસારમાં સતત પરિભ્રમણ કરી રહ્યાં છીએ ત્યારે આ રઝળપાટમાંથી છૂટકારો મેળવવાની ભાવના જાગે-અનંત સુખ ધામ મોક્ષ માટેની તાલાવેલી થાય, તેવા જીવોને કર્મ સત્તાની સમજ મળે અને તેની ચુંગાલમાંથી છૂટવા શા શા ઉપાયો કરવા જોઈએ તેનો સાચો ખ્યાલ આવે એ હેતુ એ મહાપુરૂષોએ ઘણું સાહિત્ય આપ્યું છે. અને તેની ગહનતાને ન સમજી શકનાર મુમુક્ષુઓને પણ સહેલાઈથી સમજાય એ હેતુએ, પોતાના જ્ઞાનના ક્ષયોપશમભાવ મુજબ બને તેટલી સરળ ભાષામાં કર્મને સમજાવતા સાહિત્યનું વિવેચન કરેલ છે.

એવું જ વિવેચન, સુવિશાળ ગચ્છાધિપતિ-દિક્ષાના દાનવીર વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસુરિશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય અને કર્મ સાહિત્યના ઠોસ અભ્યાસી પૂજ્ય નરવાહન વિજયજી ગણિએ કર્મ સાહિત્યના પુસ્તકોમાંથી વિવેચનો તૈયાર કરેલ છે જેમાં કર્મગ્રંથ ભાગ-૧ વિવેચન આપ સૌની સમક્ષ મુકતાં અમે સૌ આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ ખર્ચ આપનાર પરિવારે જે લાભ લીધો છે તેની અનુમોદના કરીએ છીએ અને અમારૂં કાર્ય સરળ બનાવી આપવા બદલ તેમનો ખૂબ આભાર માનીએ છીએ.

આ રીતે અમને સહકાર મળતો રહેશે તો કર્મ અંગેના બીજા ભાગો બનતી ત્વરાએ અમો આપની સમક્ષ મુકી શકીશું. આ કાર્યમાં જ્ઞાનખાતાની રકમ પણ સ્વીકારવામાં આવે છે.

અમને સંપૂર્ણ વિશ્વાસ છે કે અમારા આ કાર્યમાં આપ સૌનો સહકાર અચૂક સાંપડતો રહેશે

પ્રાંતે, આ પુસ્તકની પ્રુફ તપાસણીમાં કોઈ ભૂલ રહી જવા પામી હોય અગર ન સમજાઈ શકવાના કારણે પજ્યશ્રીના લખવાના આશયથી વિરૂદ્ધ કાંઈ છપાઈ ગયેલ હોય તો તે અમારી ક્ષતિ છે. વાંચક વર્ગ તે બદલ અમને ક્ષમા આપે.

પુસ્તક છપાઈ કામ સમયસર અને વ્યવસ્થિત કરી આપનાર શ્રી જિતુભાઈનો પણ અમે આભાર માન્યાવિના રહી શકતા નથી.

ચૈત્ર સુદી પૂર્ણિમા

એજ
પદાર્થ દર્શન ટ્રસ્ટ વતી
ટ્રસ્ટીઓ

# પ્રાપ્તિ સ્થાનો

(૧) **પદાર્થ દર્શન ટ્રસ્ટ**
એ સરિતા દર્શન,
જયહિંદ પ્રેસ સામે,
આશ્રમરોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૯
ટે.નં. ૪૦૨૩૩૭

(૨) **જંયતિલાલ પી. શાહ**
૬૯૬, નવા દરવાજારોડ, મયાભાઈની બારી પાસે
ડી.વાડીલાલ એન્ડ કુના મેડા ઉપર
ખાડિયા ચાર રસ્તા
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટે. નં. ૩૮૦૩૧૫

(૩) **સુનીલભાઈ કે શાહ**
ઠે. ૪/૪૩ પહેલે માળે,
સૂર્યનગર હાઉસીંગ સોસાયટી,
સહરાનો દરવાજો સુરત - ૧૦

(૪) **અશ્વિન એસ. શાહ**
૧૧, સુખસાગર એપાર્ટમેન્ટ,
સુખીપરા રેલ્વે ક્રોસીંગ પાસે,
જૈનનગર, પાલડી, અમદાવાદ-૭.

## શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમ :-

# કર્મ ગ્રંથ ભાગ-૧

## વિવેચન

શ્રી વીરપરમાત્માને નમસ્કાર કરીને કર્મના વિપાકનામના પહેલા કર્મગ્રંથને હું કહીશ.

જીવ વડે હેતુઓ દ્વારા જે કાંઈ કરાય છે તે કર્મ કહેવાય છે.

**કર્મની વ્યાખ્યા :-** જીવ વડે મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ દ્વારા જે કાંઈ ક્રિયાઓ થાય છે તેનાથી, જગતમાં રહેલા કાર્મણ વર્ગણાનાં પુદ્‌ગલોને ગ્રહણ કરીને તે દરેક પુદ્‌ગલનાં પરમાણુંઓને વિષે, જગતમાં રહેલા સર્વે જીવો કરતાં અનંત ગુણ અધિક રસ નાંખે છે. અર્થાત્ જીવ રાગાદિ પરિણામની ચીકાશવાળો અનાદિકાળથી છે તે રાગાદિ પરિણામની ચીકાશવાળા આ પુદ્‌ગલો બને ત્યારે આત્માની સાથે દૂધ-પાણીની જેમ અથવા અગ્નિ લોખંડની જેમ એકમેક થાય છે, તે એકમેક થતાં તેનાં સ્વભાવ રૂપે આઠ-સાત-છ વિભાગ પરિણામ પામે છે તેને કર્મ કહેવાય છે. અંજનચૂર્ણ ભરેલા દાભડાની જેમ નિરંતર પુદ્‌ગલનાં સમુદાયથી ભરેલા લોકને વિષે ક્ષીરનીરની જેમ અથવા લોખંડ અને અગ્નિની જેમ કર્મ વર્ગણાનાં પુદ્‌ગલો આત્માની સાથે જે કારણથી સંબંધિત થાય તે કારણથી તે કર્મ કહેવાય છે.

**જીવતિ ઈતિ જીવ :** પાંચ ઈંદ્રિય, ત્રણ બળ, આયુષ્ય અને શ્વાસોશ્વાસ આ દશ પ્રાણોમાંથી યથાયોગ્ય જે ધારણ કરે છે તે જીવ કહેવાય છે. મિથ્યાત્વાદિ કલુષિત પરિણામ વડે કરીને શાતાવેદનીયઆદિ કર્મને પેદા કરનાર અને તેનાં ફળને ભોગવનાર અને યથાકર્મનાં વિપાકના ઉદયથી નરકાદિ ભવને વિષે ફરનાર તથા સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ રત્નત્રયીથી સંપન્ન થયેલા તેના અભ્યાસથી કર્મરહિત થઈને નિર્વાણને પામનાર તે જીવ, સત્ત્વ, પ્રાણી અથવા આત્મા કહેવાય છે કહ્યું છે કે જે કર્મનો કર્તા છે કર્મનાં ફળોનો ભોક્તા છે સંસારમાં રખડનાર છે અને પોતે મોક્ષે જનાર છે તે આત્મા છે બીજો કોઈ નથી.

તે કર્મ પ્રવાહથી અનાદિથી છે. જો પ્રવાહની અપેક્ષાએ કર્મઆદિ રૂપે છે એમ માનીએ તો પહેલાં જીવ કર્મથી રહિત હતો અને પછી અકર્મ તેવા જીવને કર્મનો સંયોગ થયો તેમ માનવું પડે. એવું માનીએ તો મુક્તિનાં જીવોને પણ કર્મ સંયોગ થાય કારણ કે મુક્તિનાં જીવો અકર્મક છે તે કારણથી મુક્ત જીવો પણ અમુક્ત થાય માટે એ વાત બરાબર નથી તે કારણથી જીવ અનાદિકર્મનાં સંયોગવાળો છે.

જો અનાદિ કર્મનાં સંયોગવાળો જીવ માનીએ તો જીવની સાથે કર્મનો વિયોગ શી રીતે થાય ?

અનાદિ સંયોગવાળા સોનું અને માટીનો વિયોગ જગતમાં થતો દેખાય છે, તેની જેમ જીવને વિષે પણ જાણવું તે આ પ્રમાણે-સોનું અને માટીનો સંયોગ અનાદિથી હોવા છતાં પણ તેવા પ્રકારની સામગ્રીનો સદ્‌ભાવ થાય (ધમણાદિ

વડે-) તો માટીનો વિયોગ થતો દેખાય છે. એમ જીવને પણ જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી ધ્યાનનાં અગ્નિ વડે અનાદિ કર્મની સાથેનો વિયોગ થતો સિદ્ધ થાય છે, માટે કર્મનો વિયોગ થઈ શકે છે.

**આ કર્મ મુખ્યત્વે ચાર પ્રકારે છે. (૧) પ્રકૃતિબંધ (૨) સ્થિતિબંધ (૩) રસબંધ (૪) પ્રદેશબંધ** તે ચારે ભેદો લાડવાનાં દ્રષ્ટાંતથી જાણવાં. જેમ કે જેટલા વજનથી લાડવા બનાવવા હોય એટલા વજનનાં લોટ આદિનાં સમુદાયને ભેગા કરો. તે, પ્રદેશરૂપે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોને જીવજે ગ્રહણ કરે છે તે ગણાય છે. તે લાડવા બનાવવામાં પ્રમાણોપેત ઘી, સાકર નાંખવામાં આવે છે તો તેનો સ્વાદ બરાબર જળવાઈ રહે છે. તેવી રીતે ગ્રહણ કરેલા કાર્મણ વર્ગણાનાં પુદ્‌ગલોને વિષે શુભ અથવા અશુભ, મંદ, મંદતર, મંદતમ, તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ, રૂપ તરતમતાનાં પ્રકારરૂપે કર્મનો જે રસ બંધાય છે તે રસ બંધ કહેવાય છે.

તૈયાર થયેલા લાડવા કોઈ એક દિવસ-બે દિવસ યાવત્ પંદર દિવસ-૨૦ દિવસ કે એક માસ સુધી એવાને એવા સ્વાદવાળા રહે છે તે લાડવાની સ્થિતિ કહેવાય તે રીતે કર્મરુપે પરિણામ પામેલા પદ્‌ગલો આત્માની સાથે કેટલાક એક અંતરમુહૂર્ત સુધી, કેટલાક બે અંતર મુહૂર્ત સુધી, કેટલાક ૧ દિવસ- યાવત્ કેટલાક અંતઃ કોટાકોટી સાગરોપમ સ્થિતિ પ્રમાણ, કેટલાક ઉત્કૃષ્ટ સ્થિતિ રુપે વધારેમાં વધારે ૭૦ કોટાકોટી સાગરોપમ સુધી જે રહે છે તે સ્થિતિબંધ કહેવાય છે.

તૈયાર થયેલા લાડવા અનેક પ્રકારનાં એટલેકે અનેક જાતનાં હોય છે. જેમકે સૂંઠનો લાડુ પિત્તને હરે, તે રીતે વાયુને હરનાર, કફને હરનાર લાડવા વગેરે. સ્વભાવ મુજબ અનેક પ્રકારનાં લાડવા બને છે. તેવી રીતે કાર્મણવર્ગણાના ગ્રહણ કરેલા પુદ્‌ગલોમાંથી કેટલાક પુદ્‌ગલોને જ્ઞાનને આવરે તેવા બનાવે છે. કેટલાક દર્શનને આવરે તેવા બનાવે છે. કેટલાક સુખ દુઃખને આપવામાં સહાયભૂત થાય તેવા બનાવે. કેટલાક સારાસારનાં વિચાર કરવામાં મુંઝવણ પેદા કરાવે તેવા બનાવે છે. કેટલાક તો ભવપંર્યત સુધી જીવને પકડી રાખે તેવા બનાવે છે. કેટલાક વિચિત્ર પ્રકારનાં શરીર અંગોપાંગ આદિ પેદા કરવામાં નિમિત્તભૂત બનાવે છે. કેટલાક ઊંચનીચ પ્રકારનાં વહેવાર પ્રાપ્ત કરાવે તેવા બનાવે છે. કેટલાક દાન-લાભ-ભોગ વગેરેમાં અંતરાય કરનારા બનાવે છે. આ પ્રકૃતિબંધ કહેવાય છે.

આ ચારે પ્રકાર, કર્મનાં મૂળભેદરૂપે ગણાય છે. એટલે કે જે કર્મનાં ભેદ તથા પ્રભેદ કહેવાશે તે દરેકમાં આ ચાર ભેદ હોય જ એમ જાણવું.

તે મૂળ કર્મ ૮ છે. અને તેનાં ઉત્તરભેદ ૧૫૮ છે.

| | મુળભેદ | ઉત્તરભેદની સંખ્યા |
|---|---|---|
| (૧) | જ્ઞાનાવરણીય કર્મ | ૫ ભેદ |
| (૨) | દર્શનાવરણીય કર્મ | ૯ ભેદ |
| (૩) | વેદનીય કર્મ | ૨ ભેદ |
| (૪) | મોહનીય કર્મ | ૨૮ ભેદ |
| (૫) | આયુષ્ય કર્મ | ૪ ભેદ |

(૬) નામ કર્મ ૧૦૩ ભેદ
(૭) ગોત્ર કર્મ ૨ ભેદ
(૮) અંતરાય કર્મ ૫ ભેદ
૧૫૮ કુલ ભેદ.

અત્રે જ્ઞાનાવરણીય કર્મ સૌથી પહેલું જણાવેલ છે. તે મુખ્ય ત્રણ કારણને ઉદ્દેશીને કહેલ છે.

(૧) ચાર ઘાતી કર્મનો ક્ષય થતાં જીવને સૌ પ્રથમ કેવલજ્ઞાન પેદા થાય છે.

(૨) જ્યારે જીવ સિદ્ધિ ગતિમાં જતો હોય છે. ત્યારે તેને કેવલજ્ઞાનનો જ ઉપયોગ હોય છે.

(૩) છદ્મસ્થ જીવોને કોઈ પણ પ્રકારની લબ્ધિ એટલે કે મોક્ષનો અભિલાષ-માર્ગ અભિમુખ વગેરે શુદ્ધ પરિણામ પેદા કરવા માટે અથવા પેદા થયેલા પરિણામને ટકાવવા માટે, તેમાં સ્થિરતા લાવવા માટે ક્ષયોપશમ ભાવે જે ગુણોની પ્રાપ્તિ થાય છે તે લબ્ધિ કહેવાય છે. આ લબ્ધિઓ જ્ઞાનનાં ઉપયોગમાં જ પ્રાપ્ત થાય છે. આ ત્રણ કારણોને લીધે જ્ઞાનાવરણીય કર્મ અત્રે પહેલું કહેલું છે.

(૨) છદ્મસ્થ જીવોને જ્ઞાનનો ઉપયોગ એક અંતર મૂર્હૂત સુધી હોય છે. એ કાળ પૂર્ણ થયે અવશ્ય સામાન્ય બોધરૂપે દર્શનનો ઉપયોગ પ્રાપ્ત થાય છે. માટે જ્ઞાનાવરણીયનાં ઉપયોગથી ચ્યવેલો એવો જીવ દર્શનનાં ઉપયોગમાં સ્થિર થાય છે. તેનાં કારણે જ્ઞાનાવરણીય કર્મ પછી દર્શનાવરણીય કર્મ કહેલ છે.

(૩) જ્ઞાનાવરણીય કર્મનાં ઉદયથી તથા દર્શનાવરણીય કર્મનાં ઉદયથી જીવને ઘણી મહેનત કરવા છતાં પણ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. તથા ઈંદ્રિયની પ્રાપ્તિ થયેલી હોવા છતાં દર્શનાવરણીયનાં ઉદયથી તેનાં વિષયોનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી તેમજ બીજા જીવોને ક્ષયોપશમ ભાવ હોવાથી જ્ઞાન થયેલું જુએ અને પોતાને પ્રાપ્ત થતું ન હોય તેનાં કારણે જીવને અંદરથી દુ:ખ રહ્યા કરે છે. માટે જ્ઞાનાવરણીયનાં ઉદય અને દર્શનાવરણીયનાં ઉદય જીવને દુ:ખ પેદા કરવામાં નિમિત્તરૂપ થાય છે. એવી જ રીતે જ્ઞાનાવરણીયનાં ક્ષયોપશમ ભાવથી વગર મહેનતે જીવને જ્ઞાનપ્રાપ્ત થાય છે. તેનાથી સુખની અનુભૂતિ થાય છે. તથા દર્શનાવરણીય કર્મનાં ક્ષયોપશમ થવાથી પાંચે ઈંદ્રિયોનાં વિષયોને સારી રીતે જાણી શકે છે. તેથી સુખની અનૂભૂતિ થાય છે. આ કારણોથી સુખને પ્રાપ્ત કરવામાં જ્ઞાનાવરણીયદ-ર્શનાવરણીયનો ક્ષયોપશમ ભાવ કહેલો છે. આમ સુખદુ:ખને પેદા કરનાર હોવાથી જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ પછી ત્રીજું વેદનીય કર્મ કહેલ છે.

(૪) સુખનાં કાળમાં જીવને સહજ રીતે રતિ (આનંદ) પેદા થાય છે. અને દુ:ખનાં કાળમાં સહજ રીતે નારાજી થતાં અરતિ પેદા થાય છે. રતિ-અરતિ મોહનીયનાં પ્રકાર હોવાથી વેદનીય કર્મ પછી ૪થું મોહનીય કર્મ કહેલું છે.

(૫) મોહનીય કર્મમાં મુંઝાયેલા જીવો હિતાહિતનાં વિવેકથી રહિત બની સુખ અને દુ:ખમાં અનેક પ્રકારનાં પાપનું આચરણ કરતા મહારંભી અને મહાપરિગ્રહી બને છે. મહારંભ અને મહાપરિગ્રહ એ દુર્ગતિનાં આયુષ્યનાં બંધનું કારણ હોવાથી મોહનીય કર્મ પછી આયુષ્ય કર્મ કહેલું છે.

(૬) આયુષ્યકર્મની સાથે જ જીવોને ગતિ, જાતિ, શરીર વગેરે હોય છે. તેના કારણે આયુષ્ય કર્મની પછી નામકર્મ કહેલું છે.

(૭) નામકર્મની શુભ અને અશુભ પ્રકૃતિઓનાં ઉદયનાં કારણે જગતમાં રહેલા જીવોનો સામાન્યથી ઉચ્ચ અને નીચપણાંનો વહેવાર થતો હોવાથી નામ કર્મ પછી ગોત્ર કર્મ કહેલું છે.

(૮) સામાન્ય રીતે ઉચ્ચ ગોત્રમાં જન્મેલા જીવોને જ્ઞાનાંતરાય આદિનો ક્ષયોપશમ ભાવ હોય છે. અને નીચકુળમાં જન્મેલા જીવોને સામાન્ય રીતે દાનાંતરાયાદિનો ઉદયભાવ હોય છે. આ કારણથી ગોત્ર કર્મ પછી અંતરાયકર્મ કહેલું છે.

**જ્ઞાન ૫ પ્રકારે છે. - (૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન (૫) કેવળજ્ઞાન**

મતિ એટલે મન અને ઈંદ્રિય દ્વારા નિયત વસ્તુમાં રહેલા પદાર્થોનું જે જ્ઞાન પેદા થાય તે મતિજ્ઞાન કહેવાય છે. મતિજ્ઞાનને આભિનિબોધ જ્ઞાન પણ કહેવાય છે.

શ્રુત એટલે અભિલાપ્ય પદાર્થના અર્થના ગ્રહણ માટે હેતુભૂત લબ્ધિ વિશેષ શ્રવણથી જે પેદા થાય તે શ્રુત.

અવધિ એટલે ઈંદ્રિયાદિ વગર સાક્ષાત્ આત્મપ્રદેશથી મર્યાદાભૂત પદાર્થોના અર્થનું ગ્રહણ થાય તે અવધિજ્ઞાન કહેવાય છે.

મનઃપર્યવ એટલે સંજ્ઞી પંચેન્દ્રિય જીવો વડે મનોવર્ગણાના પુદ્ગલોને જાણવા તે મનઃપર્યવ.

કેવળજ્ઞાન એટલે મતિ આદિ ચાર જ્ઞાનથી રહિત સંપૂર્ણ તે કેવળજ્ઞાન કહેવાય છે.

**મતિજ્ઞાનનું વર્ણન**

સામાન્ય રીતે મતિજ્ઞાન બે પ્રકારે છે. (૧) શ્રુતનિશ્રિત (૨) અશ્રુતનિશ્રિત

**શ્રુતનિશ્રિત :-** શ્રુતના અભ્યાસ વડે શ્રુતજ્ઞાન પેદા કર્યા બાદ શ્રુતના અવલંબન વિના જે જ્ઞાન પેદા થાય તે શ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહેવાય છે. એટલે કે સૌ પ્રથમ જે શ્રુતજ્ઞાનથી શ્રુત પેદા થયું હોય તેને જ્યાં સુધી શ્રુતનો આધાર લઈને યાદ કરવું પડે તે શ્રુત જ્ઞાન કહેવાય છે. અને જ્યારે શ્રુતના આધાર વિના એનું એજ જ્ઞાન યાદ કરવામાં આવે તે મતિજ્ઞાન કહેવાય છે.

શ્રુત નિશ્રિતમતિજ્ઞાનનાં ૪ ભેદો છે. (૧) અવગ્રહ (૨) ઈહા (૩) અપાય. (૪) ધારણા

અવગ્રહનાં ૨ ભેદ વ્યંજનાવગ્રહ-અર્થાવગ્રહ આ રીતે કુલ ૫ ભેદ થયાં. (૧) વ્યંજનાવગ્રહ (૨) અર્થાવગ્રહ (૩) ઈહા (૪) અપાય (૫) ધારણા જેનું વિશેષ વર્ણન આગળ કરવામાં આવશે.

**અશ્રુત નિશ્રિત :-** શ્રુતનાં અભ્યાસ વગર સ્વાભાવિક જે ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થાય તે અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહેવાય છે. તેના ૪ ભેદ છે : (૧) ઔત્પાતિકી બુદ્ધિ (૨) વૈનયીકિ બુદ્ધિ (૩) કાર્મકી બુદ્ધિ ( ૪) પારિણામીકી બુદ્ધિ.

**(૧) ઔત્પાતિકી બુદ્ધિ :-** ભૂતકાળમાં આરાધના કરીને આ ભવમાં જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ લઈને આવેલો જે જીવ હોય કે જેના કારણે નાનપણથી બુદ્ધિનો તીવ્ર ક્ષયોપશમ ભાવ પેદા થયેલોહોય છે. તે ઔત્પાતિકી બુદ્ધિ કહેવાય છે. જેમ કે જીતશત્રુ રાજાનાં કાળમાં ગામડામાં કોઈ નરને ત્યાં દીકરો પેદા થયો હતો. તેનું નામ રોહક પાડ્યું નાની ઉંમરમાં એની માતા મરી ગઈ. બાપે વિચાર કર્યો બીજી વાર લગ્ન કરું તો એ શોક્ય રોહકને દુઃખ આપે. તેથી મારે તેને દુઃખી કરવાની ઈચ્છા નથી. એમ માનીને લગ્ન કરતો નથી. દીકરાને ખ્યાલ આવી જતાં બાપને વિનંતી કરી, "પિતાજી, તમે ખુશીથી લગ્ન કરો. હું મારી માને સાચવી લઈશ." તેના કહેવાથી નરે લગ્ન કર્યા. થોડા કાળ પછી સાવકી મા રોહકને પજવવા લાગી. રોહકે તે વખતે માને વિનંતી કરીને કહ્યું; કે જો મને પજવીશ તો હું તને હેરાન કરીશ માએ માન્યું નહિ. ત્યારે એક દિવસ રાતનાં રોહકે ફાનસનાં પ્રકાશમાં પોતાના બાપા આવતા હતા ત્યારે કહ્યું કે પિતાજી જો પેલો બીજો પુરુષ ભાગે છે. બાપાએ પણ પોતાનો પડછાયો જોઈ બીજો પુરુષ જઈ રહેલો છે તેમ કલ્પનાથી જાણ્યું. તેને શંકા પેદા થઈ કે મારી પત્ની મારી સાથે રહે છે પણ મને ઈચ્છતી નથી, બીજા પુરુષને ઈચ્છે છે. તેથી તેની સાથે બોલવા વગેરેનો વહેવાર ઓછો કરી નાંખ્યો. આમને આમ એક અઠવાડિયું પૂર્ણ થતાં, રોહકને તેની માએ કહ્યું, "દિકરા, તારો બાપ મારી સાથે બોલતો નથી મારી કોઈ ભૂલ મને દેખાતી નથી માટે તારો બાપ મારી સાથે બોલે તેવો તું ઉપાય કર. રોહકે કહ્યું, "જો તું મને હેરાન ન કરે તો કહું. " માએ કબૂલાત આપી. એ જ દિવસે રાતે ફરીથી એ જ પડછાયો બતાવીને પુરુષ તરીકે જણાવ્યું ત્યારે બાપે ધારીને જોતાં બાપને લાગ્યું કે આ તો મારો પડછાયો છે. દિકરોઆને પુરુષ કહે છે એટલે તેને સમજ નથી. પહેલાં પણ આવું જ બન્યું હશે એમ વિચારીને પત્ની સાથે બોલવા આદિનો વહેવાર ચાલુ કર્યો. પરંતુ રોહક સાવચેત બનેલો છે. એણે નક્કી કર્યું છે કે બાપા જમવા બેસે તો જ તેમની સાથે જમવા બેસવું કે જેના કારણે મા મને ગમે તે ખવડાવીને હેરાન કરે નહિં. એકવાર રાજાએ ગામના માણસોને સાચવવા માટે હાથી આપેલો હતો. એ હાથી મરણ પામી જાય તો ' મરી ગયો' તેવા સમાચાર આપવાનાં નો'તાં. છતાં રોજ રાજદરબારમાં હાથીનાં સમાચાર આપવા જવું પડતું. તેમાં હાથીનું મરણ થયું. ગામનાં ચોરે મહાજન ભેગું થઈને વિચારણા કરે છે કે રાજાને શું જવાબ આપવો ? રોહકનો બાપ પણ ત્યાં હાજર છે. જમવાનો ટાઈમ થતાં રોહકને ભૂખ લાગી છે. માટે બાપાને બોલાવવા આવે છે. બાપે કહ્યું : દિકરા, તું જમી લે. આજે મને વાર લાગશે." ત્યારે રોહકે પૂછ્યું, એવું કયું મહત્વનું કામ આવ્યું છે ? ત્યારે બાપે વાત જણાવી એટલે રોહકે કહ્યું કે બધાં ઘેર જઈને જમી આવો. જમ્યાબાદ આપણે રાજદરબારમાં જઈશું. અને રાજાને હું જવાબ આપીશ. બધાં સંમત થયા. જમીને રોહકની સાથે રાજદરબારમાં ગયા. રાજાએ પૂછ્યું, "શું સમાચાર છે ?" ત્યારે રોહકે કહ્યું કે તમારો આપલો હાથી ખાતો નથી, પીતો નથી, બેસતો નથી, ઉઠતો નથી, ચાલતો નથી, વગેરે. રાજાએ પૂછ્યું, "એટલે શું ?" તો ફરીથી પણ એજ પ્રમાણે જણાવે છે. વારંવાર આ રીતે બોલતાં રાજાએ કહ્યું કે, હાથી મરી ગયો છે ? ત્યારે જવાબ આપ્યો કે, એવું કાંઈક ખરું. નાની ઉંમરમાં બુદ્ધિનો જે આ ક્ષયોપશમ ભાવ તે ઔત્પાતિકી બુદ્ધિ કહેવાય છે.

(૨) **વૈનયીકી બુદ્ધિ :** સંસારમાં રહેલા જીવોને માતા-પિતા, વડિલાદિનાં તથા સાધુપણામાં પોતાથી દિક્ષા પર્યાયમાં જે મોટા હોય તે વડિલાદિનો વિનય આદિ ભક્તિ કરવાથી જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ પેદા થાય તે વૈનયીકી બુદ્ધિ કહેવાય છે.

(૩) **કાર્મીકી બુદ્ધિ :** કામ કરતાં કરતાં બુદ્ધિનો જે ક્ષયોપશમ ભાવ પેદા થાય દુનિયાનાં વહેવારમાં કહેવાય છે કે કામ કામને શીખવે. અને બુદ્ધિનો ક્ષયોપશમ પેદા થાય છે તે કાર્મીકી બુદ્ધિ કહેવાય છે.

(૪) **પારિણામીકી બુદ્ધિ :** પરિણામે ધીરે ધીરે બુદ્ધિનો જે ક્ષયોપશમ ભાવ પેદા થાય તે પારિણામીકી બુદ્ધિં કહેવાય છે. જેમ કે વય પરીપકવ થતાં જીવને બુદ્ધિનો ક્ષયોપશમ ભાવ પેદા થવાનો હોય તો થતો દેખાય છે. માટે વહેવારમાં કહેવાય છે કે સોળે સાન અન વીસે વાન. આને પારિણામીકી બુદ્ધિ કહેવાય છે.

**વ્યંજનાવગ્રહ મતિજ્ઞાનનાં ભેદોનું વર્ણન :-**

વ્યંજન એટલે ઈન્દ્રિય અને વ્યંજન એટલે પદાર્થ.

ઈન્દ્રિય અને પદાર્થનાં સંયોગથી આત્મામાં થતો અવ્યક્ત બોધ તે વ્યંજનાવગ્રહ મતિજ્ઞાન કહેવાય છે. ચક્ષુ ઈન્દ્રિય અને મન વિના ચાર ઈંદ્રિયો દ્વારા વ્યંજનાવગ્રહ મતિજ્ઞાન પ્રાપ્ત થાય છે.

**અર્થાવગ્રહ :-** ઈન્દ્રિય અને પદાર્થનાં સંયોગથી આત્મામાં થતા વ્યંજનાવગ્રહ કરતાં કાંઈક વિશેષ બોધ પરંતુ અવ્યક્તપણે એટલે શબ્દાત્મક રહિત થતો બોધ તે અર્થાવગ્રહ કહેવાય છે. પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠું મન એમ છ પ્રકારે અર્થાવગ્રહ મતિજ્ઞાન હોય છે.

**ઈહા :-** ઈન્દ્રિય અને પદાર્થનાં સંયોગથી ઘણીવાર વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ જ્ઞાન પેદા થતાં થતાં શબ્દાત્મકરૂપે જે જ્ઞાન પેદા થાય છે તે ઈહા જ્ઞાન કહેવાય છે. જે પદાર્થનું જ્ઞાન કરવાનું હોય તેને વિશે થતી શંકા આ પદાર્થ હશે કે આ હશે, કેવા પ્રકારનો હશે ? ઈત્યાદિ વિચારાત્મક જે જ્ઞાન તે ઈહાજ્ઞાન કહેવાય છે.

**અપાય. :-** ઈન્દ્રિય અને પદાર્થનાં સંયોગથી વ્યંજનાવગ્રહ- અર્થાવગ્રહ અને ઈહારુપે થયેલું પદાર્થનું જે જ્ઞાન તે જ્ઞાનની વિચારણાથી નિશ્ચયાત્મક જે જ્ઞાન પેદા કરવું એટલે કે પદાર્થનો નિશ્ચય કરવો તે અપાયજ્ઞાન કહેવાય છે. એટલે કે આ પદાર્થ આવો અને આજ છે. તે અપાય. ઈહા તથા અપાયનાં ૫ ઈન્દ્રિય અને છઠ્ઠું મન એમ ૬-૬ ભેદ હોય છે.

**ધારણા -** ઈન્દ્રિય અને પદાર્થનાં સંયોગથી વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઈહા અને અપાય રુપે થયેલા જ્ઞાનને ધારણા કરી રાખવું એટલે કે ફરીથી પ્રસંગ બને તો તે મુજબ યાદ રાખવું તે ધારણા મતિજ્ઞાન કહેવાય છે. આ પણ ૫ ઈન્દ્રિય અને છઠ્ઠું મન એમ ૬ પ્રકારે હોય છે.

**સામાન્ય રીતે ધારણાનાં ૩ ભેદ છે. (૧) અવિચ્યુતિ (૨) સ્મૃતિ (૩)વાસના.**

(૧) **અવિચ્યુતિ :-** નિર્ધારિત પદાર્થને તે જ રૂપે કાંઈ પણ ફેરફાર વિના થોડા કાળ માટે ધારી રાખવું તે અવિચ્યુતિ ધારણા કહેવાય છે.

(૨) **સ્મૃતિ :-** અર્થરૂપે ધારી રાખેલ તે સ્મૃતિજ્ઞાન કહેવાય છે. અવિચ્યુતિનાં કાળ કરતાં વિશેષ કાળ સુધી રહે છે.

(૩) **વાસના** :- અવિચ્યુતિથી થયેલા પદાર્થના બોધને સંખ્યાત્ કાળકે અસંખ્યાત્ કાળ સુધી દૃઢ સંસ્કાર પેદા કરીને ધારણા કરી રાખવું તે વાસના ધારણા મતિજ્ઞાનનો ભેદ ગણાય છે. જાતિસ્મરણ જ્ઞાનનો સમાવેશ આ ભેદમાં થાય છે. જાતિસ્મરણ જ્ઞાનથી જીવ પોતાના સંખ્યાત્ ભવોને જાણી શકે છે.

વ્યંજનાવગ્રહના-૪ અર્થાવગ્રહના-૬ ઈહાના-૬ અપાયના-૬ધારણા-૬ = ૨૮ ભેદ થયા. મતિજ્ઞાનના આ અઠ્ઠાવીસ ભેદના એક એક ભેદને વિષે ૧૨-૧૨ ભેદ થાય છે. એ કારણથી ૨૮ x ૧૨ કરતાં ૩૩૬ ભેદ શ્રુત નિશ્રિત મતિજ્ઞાનના થાય છે.

**બહુઆદિ ૧૨ ભેદોનું વર્ણન (સમજણ)**

કોઈ જગ્યાએ જતાં હોઈએ કે બેઠેલ હોઈએ તે વખતે એક સાથે વાજીંત્રનો અવાજ સાંભળવામાં આવે તો વાર્જિત્રો વાગે છે એટલું જે જ્ઞાન તે બહુજ્ઞાન કહેવાય છે. કોઈ જીવને વારંવાર સાંભળતાં સાંભળતાં જ્ઞાન પદો થાય તે અબહુજ્ઞાન કહેવાય છે. કોઈ જીવને સાંભળતાની સાથે કેટલા પ્રકારના વાજીંત્રો વાગી રહેલા છે અને વગાડનાર કોણ કોણ છે તેનું જ્ઞાન તે બહુવિધ જ્ઞાન કહેવાય છે વાજીંત્ર વગાડનાર કયા કયા વાજીંત્રો કયા કયા રાગમાં વગાડે છે તેજે જાણવું તે અબહુવિધ. જલદીથી જાણવું તે ક્ષીપ્ર, ધીમેથી એટલે કે જાણતાં વાર લાગે તે અક્ષીપ્ર. નિશ્રાથી જાણવું તે નિશ્રિત, નિશ્રા વિના સ્વાભાવિક જાણવું તે અનિશ્રિત. જાણતાં જાણતાં શંકા વિગેરે પ્રાપ્ત થાય એવું શંકાપૂર્વકનું જે જ્ઞાન તે સંદિગ્ધ, શંકા વિનાનું જે જ્ઞાન પ્રાપ્ત થાયતે અસંદિગ્ધ, જાણ્યા પછી જેવી રીતે જાણ્યું હોય તેવી રીતે કાયમ ટકી રહે તે ધ્રુવજ્ઞાન અને થોડો કાળ ટકીને નાશ પામી જાય તે અધ્રુવજ્ઞાન કહેવાય છે.

**એકેંદ્રિયાદિ જીવોને વિશે મતિજ્ઞાનના ભેદોનું વર્ણન :-**

એકેંદ્રિય જીવોને મતિજ્ઞાનના ૨૮ ભેદમાંથી ૯ ભેદ હોય છે. સ્પર્શના-૫, વ્યંજનાવગ્રહ- અર્થાવગ્રહ- ઇહા અપાય ધારણા મનના-૪ અર્થાવગ્રહ, ઈહા, અપાય, ધારણા, (અત્રે એકેંદ્રિયાદિ જીવોના મનના જે ભેદ કહેલા છે તે ભાવમનની અપેક્ષાએ જાણવા. દ્રવ્ય મન એકેંદ્રિયાદિ જીવોને લબ્ધિરૂપે હોય છે પણ તેનો ઉપયોગ હોતો નથી.)

નવભેદની સાથે બહુઆદિ ૧૨ ભેદ ગણતાં ૯ x ૧૨ = ૧૦૮ ભેદ મતિજ્ઞાનના થાય છે.

બેઈંદ્રિય જીવને વિષે કુલ - ૧૪ ભેદ હોય છે. સ્પર્શ-૫, વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઈહા, અપાય, ધારણા. રસ-વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઈહા, અપાય, ધારણા, ભાવ મનના-૪ અર્થાવગ્રહ, ઈહા, અપાય, ધારણા આ ૧૪ ભેદના દરેક ભેદને વિષે ક્ષયોપશમની વિચિત્રતાથી ૧૨ ભેદ હોય છે. માટે ૧૪ x ૧૨ = ૧૬૮ ભેદ મતિજ્ઞાનના થાય છે.

તેઈંદ્રિય જીવોને વિષે મતિજ્ઞાનના ૧૯ ભેદો હોય છે સ્પર્શ ૫-વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઈહા, અપાય, ધારણા, રસ-૫. વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઈહા, અપાય, ધારણા ઘ્રાણ-૫ વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઇહા, અપાય, ધારણા, ભાવ મનના અર્થાવગ્રહ, ઇહા, અપાય, ધારણા = ૧૯ આ ૧૯ ભેદોને વિશે અબહુ

આદિ ૧૨ ભેદો હોય છે. તેના કારણે ૧૯ x ૧૨ = ૨૨૮ ભેદ થાય છે.

ચઉરિંદિય જીવોને વિષે મતિજ્ઞાનના ૨૩ ભેદો હોય છે.

-સ્પર્શ ૫-વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઈહા, અપાય, ધારણા.

-રસ ૫-વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઈહા, અપાય, ધારણા.

-ઘ્રાણ ૫-વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઈહા, અપાય, ધારણા.

-ચક્ષુ ૪- અર્થાવગ્રહ, ઈહા, અપાય, ધારણા.

-ભાવમન ૪- અર્થાવગ્રહ, ઈહા, અપાય, ધારણા.

- આ ત્રેવીસ ભેદોને વિશે બહુ-અબહુ આ ૧૨ પ્રકારના ભેદો હોય છે. તેના કારણે ૨૩ x ૧૨ = ૨૭૬ ભેદ થાય છે. અસંજ્ઞી પંચેંદ્રિય તથા સંજ્ઞી પંચેંદ્રિય જીવોના મતિજ્ઞાનના ૨૮ ભેદોના ૩૩૬ પ્રભેદ હોય છે. વિશેષમાં સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને ૩૩૬ + ઔત્પાતિકાદિ-૪ બુદ્ધિ મળીને ૩૪૦ ભેદ હોય છે.

આ દરેક ભેદોના એક-એકના અસંખ્યાતા અસંખ્યાતા ભેદો થાય છે. પણ તે દરેકનું વર્ણન કરવાની અશક્તિ હોવાથી સ્થુળ દ્રષ્ટિથી ૩૪૦ ભેદ જણાવેલ છે.

આ ભેદોનું આવરણ કરનાર કર્મને મતિજ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે.

મતિ-સ્મૃતિ-બુદ્ધિ અને પ્રજ્ઞા આ મતિજ્ઞાનના પર્યાયવાચી શબ્દો છે.

મતિ-ભવિષ્યકાળના વિષયને જાણનારી (જણાવનારી) તે મતિ કહેવાય છે.

**બુદ્ધિ** :- વર્તમાનકાળના જ્ઞાનને જણાવનારી બુદ્ધિ કહેવાય છે.

**સ્મૃતિ** :- ભૂતકાળના જ્ઞાનને જણાવનારી (જાણનારી) સ્મૃતિ કહેવાય છે.

**પજ્ઞા** :- ત્રણેકાળના વિષયને જણાવનારી (જાણનારી) તે પજ્ઞા કહેવાય છે.

મતિજ્ઞાનની સાથે શ્રુત જ્ઞાન હોય જ. કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે જથ્થ મઈનાણં તથ્થ સૂયનાણં, જત્થ સૂયનાણં તથ્થ મઈનાણં. આ કારણથી જ્યાં મતિજ્ઞાન હોય ત્યાં શ્રુતજ્ઞાન હોય અને જ્યાં શ્રુતજ્ઞાન હોય ત્યાં મતિજ્ઞાન હોય માટે મતિની સાથે શ્રુતજ્ઞાન હોય છે સામાન્ય રીતે નીચે જણાવેલ પાંચ કારણોથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનું સાધર્મ્યપણું જણાવેલ છે.

(૧) **સ્વામીપણું** :- મતિજ્ઞાનના જે સ્વામી હોય છે તેજ શ્રુતજ્ઞાનના સ્વામી હોય છે અને જે શ્રુતજ્ઞાનના સ્વામી હોય છે તે જ મતિજ્ઞાનના સ્વામી હોય છે.

(૨) **કાળ** :- મતિજ્ઞાનનો જેટલો કાળ હોય છે તેટલો જ કાળ શ્રુતજ્ઞાનનો હોય છે, જેટલો શ્રુતજ્ઞાનનો કાળ હોય છે તેટલો મતિજ્ઞાનનો કાળ હોય છે. અનેક જીવોને આશ્રયીને અનાદિકાળની અપેક્ષાએ મતિજ્ઞાનનો કાળ આદિથી છે. અને એક જીવની અપેક્ષાએ (સમક્તિથી નહિ પડેલા) ૬૬ સાગરોપમ + મનુષ્યભવ અધિક મતિ તથા શ્રુતજ્ઞાનનો કાળ હોય છે.

(૩) **કારણ** :- મતિજ્ઞાન ઈંદ્રિયોના નિમિત્તથી પેદા થાય છે તેમ શ્રુતજ્ઞાન પણ ઈંદ્રિયોના નિમિત્તથી પેદા થાય છે.

(૪) **વિષય** :- મતિજ્ઞાની જીવ આદેશથી સર્વ દ્રવ્યાદિનો વિષય કરે છે એમ શ્રુત જ્ઞાન પણ આદેશથી સર્વ દ્રવ્યાદિનો વિષય કરનારું છે.

**(૫) પરોક્ષા :-** મતિજ્ઞાન પરોક્ષ છે એમ શ્રુતજ્ઞાન પણ પરોક્ષ કહેલું છે.

આ કારણથી અવધિ આદિ જ્ઞાનથી પહેલાં મતિ અને શ્રુતજ્ઞાન કહેલા છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય તોજ અવધિ આદિ જ્ઞાન પેદા થાય છે અને એનો સદ્ભાવ હોય છે.

**પ્રશ્ન : ૧ અવધિ આદિની પહેલાં મતિ-શ્રુત કહ્યું એતો બરોબર પણ મતિ શ્રુત જ્ઞાન બેમાં પહેલાં, મતિ પછી શ્રુત શા કારણથી ?**

જવાબ : ૧ મતિ પૂર્વકજ શ્રુત જ્ઞાન થાય છે કહ્યું છે કે અવગ્રહાદિ જ્ઞાનરુપ મતિજ્ઞાનનો ઉદય થાય પછી જ શ્રુતજ્ઞાન થાય છે તથા મતિજ્ઞાનની સાથે ૫ કારણોથી શ્રુતજ્ઞાનનો અભેદ હોય છતાં પણ ભેદ હેતુઓથી પણ ભેદ કહેલા છે.

**લક્ષણના ભેદથી ભેદ :-** મતિજ્ઞાનનું લક્ષણ ચિંતન કરવું તે મતિ અને સાંભળવું તે શ્રુત આ ભેદના કારણે મતિ-શ્રુતમાં ભેદ છે.

(૨) કારણ કાર્યના ભેદથી મતિજ્ઞાનએ શ્રુવજ્ઞાનનું કારણ છે અને શ્રુતજ્ઞાનએ કાર્ય છે.

(૩) ભેદના ભેદથી ભેદ છે.

મતિજ્ઞાનના ૨૮ ભેદ છે. શ્રુતજ્ઞાનના ૧૪ ભેદ છે.

(૪) ઈંદ્રિય વિભાગથી પણ ભેદ છે. શ્રુતજ્ઞાન શ્રોતેદ્રિંયના ક્ષયોપશમથી પેદા થાય છે. જ્યારે મતિજ્ઞાન પાંચે ઈંદ્રિયોના ક્ષયોપશમથી પેદા થાય છે.

**(૫) સાક્ષર અનક્ષર :-** મતિજ્ઞાન અનક્ષર છે તથા સાક્ષર છે વ્યંજનાવગ્રહ અર્થાવગ્રહ એ અનક્ષર છે જ્યારે ઇહા, અપાય, ધારણા તે સાક્ષર છે જ્યારે શ્રુતજ્ઞાન સાક્ષર જ હોય છે અક્ષર વિના શ્રુતજ્ઞાન પેદા થતું નથી.

**(૬) મુક-અમુક :-** મતિ જ્ઞાન નિયમા મુંગું હોય છે જ્યારે શ્રુતજ્ઞાન બોલતું જ હોય છે.

(૭) મતિજ્ઞાન પોતાના ક્ષયોપશમ માટે ઉપયોગી છે જ્યારે શ્રુતજ્ઞાન સ્વ અને પર એટલે પોતાને અને બીજાને માટે ઉપયોગી થાય છે.

આ ભેદોના કારણે મતિજ્ઞાન પછી શ્રુતજ્ઞાન કહ્યું છે.

**શ્રુતજ્ઞાનનું વર્ણન :-** શ્રવણથી જે બોધ થાય તે શ્રુતજ્ઞાન કહેવાય છે. તેના સામાન્યથી પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજાએ બે ભેદ પાડેલા છે. (૧) સંવેદનજ્ઞાન (૨) સ્પર્શજ્ઞાન. સંવેદનજ્ઞાન એ ભવ્યશ્રુત છે, પરંતુતે તત્ત્વને જણાવનારું નથી. કાંઈક જણાય છતાં પણ ન જાણ્યું હોય એની જેમ નિષ્ફળ છે.

વસ્તુના સ્વરુપનું જ્ઞાન તે સ્પર્શજ્ઞાન છે. આ જ્ઞાન વગર વિલંબે સ્વસાધ્ય ફળ આપનારું છે. અનુભવ જ્ઞાનીને હોય છે.

અનુભવ એટલે યથાર્થ સ્વરૂપનું જ્ઞાન :- પરભાવમાં રમણતાનો અભાવ સ્વભાવમાં રમણતા અને તેના આસ્વાદમાં તન્મયતા તે અનુભવ.

સામાન્ય રીતે જગતમાં રહેલા પદાર્થો બે વિભાગવાળા હોય છે જેમાં ૧લા વિભાગ રુપે અનઅભિલાપ્ય પદાર્થો કે જે જગતમાં રહેલા હોવા છતાં શબ્દોથી

બોલાતા નથી. પણ તેનું જ્ઞાન થાય છે. જેમ કે ગોળ- ખાંડની મીઠાસ કેવી છે ?તે અનુભવી શકાય પણ કહી શકાતી નથી એવી જ રીતે ઘીનો સ્વાદ કેવો ઈત્યાદિ.

(૨) અભિલાપ્ય પદાર્થો કે જે શબ્દોથી બોલી શકાય અને અનુભવી શકાય છે.

અનઅભિલાપ્ય પદાર્થો જગતમાં જેટલા રહેલા છે તેના અનંતમા ભાગ જેટલા અભિલાપ્ય પદાર્થો જગતમાં હોય છે. તેના અનંતમા ભાગ જેટલા અભિલાપ્ય પદાર્થો શાસ્ત્રોમાં ગુંથાયેલા (રચાયેલા) હોય છે. માટે જ્ઞાનીભગવંતોએ કહ્યું છે કે એક એક સૂત્રના અથવા એક એક શબ્દના અનંતા અનંત અર્થો હોય છે.

વાંચના-પૃચ્છના-પરાવર્તના અને ધર્મકથા આ ચાર દ્રવ્યશ્રુત છે અને અનુપ્રેક્ષા તે ભાવશ્રુત છે.

સંવેદનરૂપ શ્રુતજ્ઞાન એટલે શાસ્ત્રો વાંચવા તથા સાંભળવાથી જે અર્થજ્ઞાન થાય છે તે.

આ શ્રુત જ્ઞાનના ૧૪ ભેદ કહેલા છે.

(૧) અક્ષરશ્રુત :- તેના ત્રણ ભેદ છે.

(૧) વ્યંજનાક્ષર (૨) સંજ્ઞાક્ષર (૩) લબ્ધ્યાક્ષર

(૧) **વ્યંજનાક્ષર** :- શાસ્ત્રમાં ૧૮ પ્રકારની લીપી કહેલી છે. તે લીપીની બારાખડીઓ જે જે જણાવેલી હોય તે બારાખડીના અક્ષરનું જે જ્ઞાન તે વ્યંજનાક્ષર કહેવાય છે.

(૨) **સંજ્ઞાક્ષર** :- શાસ્ત્રમાં જણાવેલી ૧૮ પ્રકારની લીપી એટલે કે વ્યંજનાક્ષરમાં જણાવેલા જે અક્ષરો તેના સંયોગથી જે શબ્દો બને છે તે શબ્દોનું જે જ્ઞાન તે સંજ્ઞાક્ષર કહેવાય.

(૩) **લબ્ધ્યાક્ષર** :- વ્યંજનાક્ષર અને સંજ્ઞાક્ષરથી આત્મામાં શબ્દાત્મક રુપે જે ક્ષયોપશમ ભાવ પેદા થાય તે લબ્ધ્યાક્ષર કહેવાય છે.આત્માના બોધરૂપે અવ્યક્ત અક્ષરો તે લબ્ધ્યાક્ષર કહેવાય છે. (શબ્દના અર્થનો વિચાર કરતાં પણ આત્માની અંદર અક્ષરપંક્તિપૂર્વક જ વિચાર કરાય છે માટે તે અંતરંગ અક્ષરપંક્તિ એજ લબ્ધયાક્ષર કહેવાય છે.)

(૨) **અનક્ષરશ્રુત** :- અક્ષર જ્ઞાન વગરનું શરીરના અવયવો વગેરેની સંજ્ઞાથી ઈંગીતાકાર વગેરે એટલેકે કોઈને આંખ ફરકાવવાથી જણાવાય, હાથના હલન-ચલનથી જણાવાય, મોઢું મચકોડવાથી જણાવાય, આક્રિયા કરતાં આમાં શબ્દાત્મકજ્ઞાન નથી છતાં પણ સામા જીવના અંતરમાં શબ્દાર્થકજ્ઞાન ઉત્પન્ન થવાનું કારણ બને છે તેથી આ શ્રુત જ્ઞાનને અનક્ષરશ્રુત કહેવાય છે.

(૩) **સંજ્ઞીશ્રુત** :- સંજ્ઞા ૩ પ્રકારની કહેલી છે. (૧) હેતુવાદોપદેશીકી (૨) દીર્ઘકાલીકિ (૩) દ્રષ્ટિવાદોપદેશીકી

(૧) **હેતુવાદોપદેશીકી** :- આ સંજ્ઞાના બળે જીવોને વર્તમાન કાલીન તથા અલ્પ નજીકના ભૂત અને ભાવિ કાળનું જ્ઞાન હોય તે હેતુવાદોપદેશીકી સંજ્ઞા કહેવાય છે.

(૨) **દીર્ઘકાલીકી સંજ્ઞા** :- આ સંજ્ઞાના બળે જીવોને ભૂતભાવિ અને વર્તમાન એમ ત્રણે કાળનું જ્ઞાન પ્રાપ્ત થયેલું હોય એટલેકે ભૂતકાળમાં મેં આવું કર્યું હતું.

વર્તમાન કાળમાં આ રીતે કરી રહ્યો છું; ભવિષ્ય કાળમાં આવી રીતે કરીશ તો હુ જીવી શકીશ. ઈત્યાદિ જે જ્ઞાન તે દીર્ઘકાલીકી સંજ્ઞાવાળાનું જ્ઞાન કહેવાય છે.

(૩) **દ્રષ્ટિવાદોપદેશીકી સંજ્ઞા :-** હેય પદાર્થોમાં હેથ બુદ્ધિ, ઉપાદેય પદાર્થોમાં ઉપાદેય બુદ્ધિ જીવો ને જે સંજ્ઞાના બળે પ્રાપ્ત થાય તે દ્રષ્ટિવાદોપદેશીકી સંજ્ઞા કહેવાય છે. આ સંજ્ઞા સમકિતી જીવોને હોય છે.

દીર્ઘકાલિકી સંજ્ઞાવાળાં જીવોનું જે જ્ઞાન તે સંજ્ઞી શ્રુત કહેવાય છે. આ સંજ્ઞા સંજ્ઞી જીવોને હોય છે.

(૪) **અસંજ્ઞીશ્રુત :-** હેતુવાદોપદેશીકી સંજ્ઞાવાળા જીવોનું જે જ્ઞાન તે અસંજ્ઞી શ્રુતજ્ઞાન કહેવાય છે. આ શ્રુતજ્ઞાન ૨-૩-૪ ઈંદ્રિયવાળા જીવોને હોય છે. એકેંદ્રિય જીવોને હેતુવાદોપદેશીકી સંજ્ઞા હોતી નથી કારણ તેઓને અવ્યકતપણે હોવાથી તે જીવોને આ સંજ્ઞા હોતી નથી. એમ શાસ્ત્રમાં કહ્યું છે તોપણ તેઓનું શ્રુત અસંજ્ઞીશ્રુત રૂપે ગણાય છે. ૨૦૫૫·૫૨/5725

(૫) **સમ્યકશ્રુત :** જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલા પદાર્થો જે રૂપે નિરૂપણ કરેલા હોય તે રૂપે માનવા, તથા સમ્યકૃદ્રષ્ટિ જીવોમાં મિથ્યાદ્રષ્ટિએ પ્રરૂપિત શાસ્ત્રોનો અભ્યાસ કરવા છતાં પણ હેય ઉપાદેયપણાની બુદ્ધિ રહેલી હોય છે તેના કારણોએ તે અભ્યાસને સમ્યક્શ્રુત કહેવાય છે કારણકે સમ્યકૃરૂપે જ પરિણામ પામે છે.

(૬) **મિથ્યાશ્રુત :-** જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલા પદાર્થોને જે રીતે માનવા જોઈએ તે રીતે માન્યતા પેદા ન થાય કારણ મિથ્યાત્વના ઉદયના કારણે સમ્યકશ્રુતનો અભ્યાસ પણ મિથ્યાશ્રુત રુપે પરિણામ પામે છે, તથા મિથ્યાત્વના ઉદયથી મિથ્યાદ્રષ્ટિનું ભણાયેલું શ્રુત મિથ્યારુપે પરિણામ પામે તે મિથ્યાશ્રુત કહેવાય છે.

(૭ થી ૧૦) સાદિ-શ્રુત - સપર્યવસિતશ્રુત-અનાદિશ્રુત-અપર્યવસિતશ્રુત :- આ ચારે ભેદોને દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવને આશ્રયીને જાણવા લાયક હોવાથી તે જણાવે છે (૧) સાદિ એટલે જે શ્રુતજ્ઞાનની આદિ થયેલી હોય તે સાદિશ્રુત કહેવાય છે. (૨) સપર્યવસિતશ્રુત એટલે કે શ્રુતજ્ઞાનનો અંત થાય. સાદિ શ્રુત હંમેશાં અંત થવાવાળું જ હોય છે માટે તે સપર્યવસિત્ કહેવાય છે.

(૩) **અનાદિશ્રુત :-** જે શ્રુતજ્ઞાનની આદિ નથી પણ અનાદિ કાળથી ચાલ્યું આવે છે તે અનાદિશ્રુત જ્ઞાન કહેવાય છે.

(૪) **અપર્યવસિત શ્રુત :-** જે શ્રુતજ્ઞાન સદાકાળ માટે રહેતું હોય અર્થાત્ કોઈકાળે નાશ ન પામેલું હોય તેને અપર્યવસિત શ્રુત જ્ઞાન કહેવાય છે.અનાદિ શ્રુતજ્ઞાન હંમેશાં અપર્યવસિત જ હોય છે.

**દ્રવ્યાદિની અપેક્ષાએ વિચારણા :-**

(૧) એક જીવને આશ્રયીને જ્યારે જીવ નવા સમક્તિની પ્રાપ્તિ કરતો હોય ત્યારે તેનું અજ્ઞાન શ્રુતજ્ઞાન રૂપે પરિણમે છે એ શ્રુતજ્ઞાનની આદિ થયેલી કહેવાય છે.

(૨) આ આદિ થયેલું શ્રુતજ્ઞાન જીવ સમક્તિ વમીને પહેલા ગુણ સ્થાનકને પ્રાપ્ત કરે ત્યારે તેનું શ્રુતજ્ઞાન સપર્યવસિત બને છે તથા કોઈ સમકિતી જીવ આ

રીતે શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરીને ક્રમસર આગળ વધી કેવળજ્ઞાનને પામે છે ત્યાં ક્ષયોપશમ ભાવે રહેલું શ્રુતજ્ઞાન સપર્યવસિત બને છે.

(૩) અનેક જીવોની અપેક્ષાએ અનાદિકાળથી જગતમાં સમકિતી જીવો હતા વર્તમાનમાં છે, ભવિષ્યમાં સદાકાળ માટે રહેવાના છે. માટે તે અનાદિશ્રુ કહેવાય છે.

(૪) જગતમાં રહેલું અનાદિકાલિન જે શ્રુત તે સદાકાળ રહેતુ હોવાથી (અને જીવની અપેક્ષાએ) કોઈ કાળે તે શ્રુતજ્ઞાનનો નાશ થતો ન હોવાથી અપર્યવસિત શ્રુતજ્ઞાન કહેવાય છે.

સામાન્ય રીતે શાસ્ત્રોમાં જણાવેલું છે કે જગતમાં રહેલા સંજ્ઞી પંચેંદ્રીય પર્યાપ્ત જીવોમાંથી જઘન્યથી કોઈને કોઈ એક જીવ સાત દિવસે સમકિતની પ્રાપ્તિ કરે છે ૧૫ દિવસે સંજ્ઞી પર્યાપ્તા મનુષ્ય અને તિર્યંચોમાંથી જઘન્યથી કોઈને કોઈ એ જીવ દેશવિરતિને પામે છે. એક મહિને મનુષ્યોમાંથી જઘન્યથી કોઈને કોઈ એ જીવ સર્વવિરતિના પરિણામને પામે છે.

**(૨) ક્ષેત્રને આશ્રયીને ૪ ભેદ :-**

(૧) ૫ ભરત-૫ ઐરવત ક્ષેત્રને વિષે જ્યારે તિંર્થકરો તિર્થની સ્થાપના કરે ત્યારે શ્રુતજ્ઞાનની આદિ થાય છે તેને સાદિશ્રુતજ્ઞાન કહેવાય છે.

(૨) ૫ ભરત - ૫ ઐરવત ક્ષેત્રને વિષે તીર્થની આદિ રૂપ જે શ્રુતજ્ઞાન આદિ છે તેનો અંત પણ અવશ્ય હોય જ છે તે કારણથી ૨૪મા તિંર્થકરનું શાસન પૂર્ણ થાય ત્યારે શ્રુતજ્ઞાનનો વિચ્છેદ ગણાય છે. આને સપર્યવસિત શ્રુતજ્ઞાન કહેવાય છે.

(૩) ૫-મહાવિદેહક્ષેત્રને વિષે :- અનાદિકાળથી શ્રુતજ્ઞાન છે તે અનાદિશ્રુતજ્ઞાન કહેવાય છે.

(૪) અપર્યવસિત શ્રુતજ્ઞાન- ૫ મહાવિદેહ ક્ષેત્રને વિષે અનાદિ શ્રુતજ્ઞાન હોવાથી તે સદાકાળ રહે છે માટે તેને અપર્યવસિત્ શ્રુતજ્ઞાન કહેવાય છે.

**(૩) કાળને આશ્રયીને :-** અવસર્પિણી ઉત્સર્પિણી કાળમાં તીર્થંકરો તીર્થની સ્થાપના કરે ત્યારે શ્રુતજ્ઞાનની આદિ ગણાય છે તે સાદિ શ્રુત. ઉત્સર્પિણી અવસર્પિણી કાળને વિષે તીર્થનો વિચ્છેદ થાય ત્યારે શ્રુતજ્ઞાનનો અંત થાય છે તે સપર્યવસિત શ્રુતજ્ઞાન કહેવાય છે. જ્યાં ઉત્સર્પિણી અવસર્પિણી કાળ નથી એટલે કે સદા માટે ચોથા આરા જેવો કાળ રહેલો હોય છે તે કાળમાં જે શ્રુતજ્ઞાન હોય છે તે અનાદિ શ્રુતજ્ઞાન્ કહેવાય છે.

જ્યાં ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળનથી એવા ક્ષેત્રને વિષે રહેલું શ્રુતજ્ઞાન નાશપામતું ન હોવાથી તે અપર્યવસિત શ્રુતજ્ઞાન કહેવાય છે.

**(૪) ભાવને આશ્રયીને :-** અભવ્ય જીવોને જેમતિ જ્ઞાનાવરણીય આદિનો જે ક્ષયોપશમ ભાવ હોય છે તે અનાદિ શ્રુતજ્ઞાન કહેવાય છે.

(૨) આ શ્રુતજ્ઞાનનો ક્ષયોપરામ ભાવ અભવ્ય જીવોને કદી નાશન પામતો હોવાથી અપર્યવસિત શ્રુતજ્ઞાન કહેવાય છે. જે ભવ્ય જીવો હજી સુધી મોક્ષે જવાના માટે પ્રયત્ન કરવા છતાં સમક્તિ વગેરેની જે પ્રાપ્તિ થઈ નથી.પરંતુ ભવિષ્યમાં થશે

તેવા જીવોનું જે શ્રુતજ્ઞાન તે સાદિ શ્રુતજ્ઞાન કહેવાય છે.

(૪) જે ભવ્ય જીવો સમક્તિ વગેરેને પામીને ગમે તેટલા કાળે કેવળજ્ઞાન પામશે ત્યારે તેમના શ્રુતજ્ઞાનનો અંત થશે તે સપર્યવસિત શ્રુતજ્ઞાન કહેવાય છે.

(૧૧) ગમીકશ્રુત :- જે સુત્રોની રચનાને વિષે ગાથાઓ વગેરે ન આવતાં એકસરખા પદો વારંવાર આવતા હોય તે શ્રુતજ્ઞાન ગમિક શ્રુતજ્ઞાન કહેવાય છે.

(૧૨) અગમીક શ્રુત :- જે સૂત્રોને વિષે એકસરખા પાઠોઆવતા ન હોય તે અગમીકશ્રુતજ્ઞાન કહેવાય છે.

(૧૩) અંગપ્રવિષ્ટશ્રુત :- જિનેશ્વર ભગવંતના અર્થથી કહેવાયેલ ત્રિપદીમાંથી ગણધર ભગવંતના આત્માઓ સૌથી પહેલાં જે ૧૨ અંગની રચના કરે છે તે અંગપ્રવિષ્ટ શ્રુતજ્ઞાન કહેવાય છે.

(૧૪) અંગ બાહ્ય શ્રુતજ્ઞાન :- અંગ પ્રવિષ્ટ શ્રુતજ્ઞાન ઉપરથી તે સુત્રોને બાધ ન પહોંચે એ રીતે બીજા બધા ગ્રંથોની જે રચના થયેલી હોય છે જેમકે બાર ઉપાંગ ૧૦ પયન્ના એ સિવાયના પ્રકરણાદિ ગ્રંથો વગેરે અંગ બાહ્ય સૂત્ર કહેવાય છે.

**અથવા શ્રુત જ્ઞાનના ૨૦ ભેદનું વર્ણન :-**

લબ્ધિ અપર્યાપ્તા સુક્ષ્મ નિગોદના જીવો ઉત્પતિના પહેલા સમયે વિદ્યમાન તેને જે શ્રુતજ્ઞાનનો ક્ષપોયરામ ભાવ અક્ષરના અનંતમા ભાગ જેટલો રહેલો હોય છે, તે સર્વજઘન્ય શ્રુતજ્ઞાનનો ક્ષયોયશમ ભાવ કહેવાય છે. તાત્પર્યાથ એ છે કે કોઈ ૧૪ પૂર્વી જીવ કિલષ્ટ કર્મને બાંધીને લબ્ધિ અપર્યાપ્તા સુક્ષ્મનિગોદ-ઉત્પત્તિના પહેલા સમયે ઉત્પન્ન થાય તથા કોઈ જીવો પૃથ્વીકાય આદિમાંથી આ સ્થાને ઉત્પન્ન થાય તો બન્ને જીવોનું જઘન્ય શ્રુતજ્ઞાન એકસરખું હોય છે.

અત્રે શ્રુતજ્ઞાનના ૨૦ ભેદોનું જે વર્ણન કરાય તે વિશેષજ્ઞાન પ્રાપ્તિ માટે એટલે કે જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ પેદા કરવા માટે જણાવેલ છે.

(૧) પર્યાયશ્રુત : સર્વ જઘન્ય શ્રુતજ્ઞાન-જ્ઞાની ભગવંતોએ જે કહેલું છે. તેમાં એક પર્યાય અધિક શ્રુતજ્ઞાનના ક્ષયોપશમ ભાવવાળા જીવોનું જે જ્ઞાન તે પર્યાયશ્રુત કહેવાય છે. પર્યાય એટલે જે જ્ઞાનના અંશને કેવળજ્ઞાની પણ એકના બે ભાગ કરી ન શકે તે પર્યાય કહેવાય છે.

(૨) પર્યાયસમાસ શ્રુત :- સમાસ એટલે અધિક એટલે કે જે જીવોને પર્યાયશ્રુત રહેલું હોય છે તેનાથી ૨-૩-સંખ્યાતા-અસંખ્યાતા કે અનંતા પર્યાયોનું જે અધિકજ્ઞાન પ્રાપ્ત થાય તે પર્યાયસમાસશ્રુત કહેવાય.

(૩) અક્ષરશ્રુત :- કોઈપણ એક અક્ષરના જ્ઞાનનો ક્ષયોપશમભાવ પેદા થાય તેને અક્ષરશ્રુત કહેવાય છે.

(૪) અક્ષર સમાસ શ્રુત :- બે, ત્રણ-ચાર ઈત્યાદિ વિશેષ અક્ષરોનું જે જ્ઞાન તે અક્ષર સમાસ શ્રુત કહેવાય છે.

(૫) પદશ્રુત :- પદ એટલે વાકયને પુરું કરે તે પદ અત્રે લેવાનું નથી. પરંતુ આચારાંગ સૂત્ર ૧૮,૦૦૦ પદ વાળું હતું. તેમાંના ૧ પદનું સંપૂર્ણજ્ઞાન તેને જ્ઞાની ભગવંતો પદશ્રુત જ્ઞાન કહે છે. રત્નસારગ્રંથને વિષે ૫૧૦૮૮૬૮૪૦ (એકાવન

કરોડ, આઠ લાખ, છયાસી હજાર આઠસોને ચાલીસ) શ્લોક પ્રમાણ એક પદ થ
છે.

(૬) પદસમાસશ્રુત :- ઉપર જણાવેલ ૨પદ-૩પદ યાવત્ અધિક પદોનું જ્ઞાન તે પદસમાસશ્રુત કહેવાય છે.

(૭) સંઘાતશ્રુત :- તત્વજ્ઞાનને વિષે જીવોના ભેદને વિશેષ રીતે જાણવા મ ૧૪ માર્ગણારુપે તથા તેના ઉત્તરભેદ ૬૨ માર્ગણારુપે વર્ણન આવે છે તે ઠ માર્ગણામાંથી કોઈપણ એક માર્ગણાનું સંપૂર્ણજ્ઞાન પ્રાપ્ત થાય તે સંઘાતશ્રુત કહેવ છે.

(૮) સંઘાત સમાસશ્રુત :- બે-ત્રણ ઈત્યાદિ વિશેષ માર્ગણાઓનું સંપૂર્ણજ્ઞા પ્રાપ્ત થાય તે સંઘાત સમાસ શ્રુતજ્ઞાન કહેવાય છે.

(૯) પ્રતિપત્તિશ્રુતજ્ઞાન :- ઉપર જણાવેલ મૂળ ૧૪ માર્ગણામાંથી કોઈપણ એ માર્ગણાનું સંપૂર્ણજ્ઞાન પ્રાપ્ત થાય તે પ્રતિપત્તિ શ્રુતજ્ઞાન કહેવાય છે.

(૧૦) પ્રતિપત્તિ સમાસશ્રુત :- મૂળ ૧૪ માર્ગણાઓમાંથી ૨-૩ ઈત્યાદિ વિશે માર્ગણાઓનું જ્ઞાન પ્રાપ્ત થાય તેને પ્રતિપતિ સમાસ શ્રુતજ્ઞાન કહેવાય છે.

(૧૧) અનુયોગ શ્રુત :- મોક્ષપદનું સત્ પદ પ્રરૂપણા દ્રવ્ય પ્રમાણ ક્ષેત્ર ક વગેરે ૯ દ્વારોથી એટલે કે ૯ અનુયોગ દ્વારના પદોથી જે વર્ણન કરાયેલું તેમાંના કોઈપણ એક પદનું સંપૂર્ણજ્ઞાન પ્રાપ્ત થાય તે અનુયોગ શ્રુત કહેવાય છે

(૧૨) અનુયોગ સમાસ શ્રુત :- મોક્ષમાર્ગનું પ્રરૂપણ કરનાર નવ દ્વારોમાં ૨-૩ ઈત્યાદિ દ્વારોનું વિશેષ જે સંપૂર્ણજ્ઞાન તે અનુયોગ સમાસ શ્રુત જ્ઞા કહેવાય.

શ્રુતજ્ઞાનના ભેદોનું વર્ણન આવે છે તે શ્રુતજ્ઞાન હાલ વિચ્છેદ પામેલું છે તે સમજવા માટે જ્ઞાની ભગવંતોએ અસત્ કલ્પનાથી સમજ આપેલી છે જેમકે સ વસ્તુના અધિકારરૂપ સમુદાય જે ભેગો થાય તેને ૧ પૂર્વજ્ઞાન કહેવાય છે.

૧૦૦ પ્રાભૃતના અધિકારરૂપ સમુદાય ભેગોથાય તેને ૧ વસ્તુશ્રુત કહેવાય છે સો પ્રાભૃત પ્રાભૃતના અધિકાર રૂપ શ્રુતજ્ઞાનનો સમુદાય ભેગો થાય તે પ્રાભૃ શ્રુતજ્ઞાન્ કહેવાય છે.

(૧૩) પ્રાભૃત-પ્રાભૃત શ્રુત :- સોપ્રાભૃત-પ્રાભૃત શ્રુતના અધિકારમાંથી કોઈપ એક પ્રાભૃત પ્રાભૃત શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ પેદા થાય તેને પ્રાભૃત પ્રાભૃ શ્રુતજ્ઞાન કહેવાય છે.

(૧૪) પ્રાભૃત-પ્રાભૃત સમાસશ્રુત :-૨-૩ ઈત્યાદિ વિશેષ પ્રાભૃત પ્રાભૃ જ્ઞાનનો ક્ષયોપશમ પેદા થાય તે પ્રાભૃત-પ્રાભૃત સમાસ શ્રુતજ્ઞાન કહેવાય છે.

(૧૫) પ્રાભૃત શ્રુત :- સો પ્રાભૃત શ્રુતજ્ઞાનના અધિકારમાંથી કોઈપણ એ પ્રાભૃતનું જ્ઞાન પ્રાપ્ત થાય તે પ્રાભૃત શ્રુતજ્ઞાન કહેવાય છે.

(૧૬) પ્રાભૃત સમાસશ્રુત :- સો પ્રાભૃતના અધિકારમાંથી ૨-૩ ઈત્યાદિ વિશે પ્રાભૃતનું જ્ઞાન પ્રાપ્ત થાય તે પ્રાભૃત સમાસશ્રુતજ્ઞાન કહેવાય છે.

(૧૭) વસ્તુશ્રુત :- સો વસ્તુના અધિકારમાંથી કોઈપણ એક વસ્તુ અધિકારનું જ્ઞાનપ્રાપ્ત થાય તે વસ્તુ શ્રુતજ્ઞાન કહેવાય છે.

(૧૮) વસ્તુસમાસશ્રુત :- ૧૦૦ વસ્તુના અધિકારવાળા વસ્તુતામાંથી ૨-૩ કે તેથી વિશેષ વસ્તુના અધિકારનું જ્ઞાનપ્રાપ્ત થાય તે વસ્તુ સમાસશ્રુતજ્ઞાન કહેવાય છે.

(૧૯) પૂર્વશ્રુત :- ૧૪ પૂર્વના જ્ઞાનમાંથી કોઈપણ એકાદ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત થાય તે પૂર્વશ્રુતજ્ઞાન કહેવાય છે.

(૨૦) પૂર્વસમાસશ્રુત :- ૧૪ પૂર્વમાંથી ૨-૩ ઈત્યાદિ વિશેષ પૂર્વનું જ્ઞાનજે પ્રાપ્ત થાય તે પૂર્વસમાસશ્રુતજ્ઞાન કહેવાય છે.

શ્રુતજ્ઞાન પ્રમાણ અને નયના બોધ વિના વાક્યનો સમન્વય અર્થમાત્ર જણાવે તે શ્રુતજ્ઞાન કહેવાય છે. અજ્ઞાન કોઠીમાં રહેલા બીજ જેવું છે. તથા સ્વચ્છ અને સ્વાદિષ્ટ જળના સ્વાદ જેવું હોય છે.

(૨) ચિંતાજ્ઞાન :- સર્વ પ્રમાણ અને નય ગર્ભિત સુક્ષ્મ ચિંતન યુકત હોય છે. તેમજ તે જળમાં તેલબિંદુની જેમ વિસ્તાર પામે છે. ક્ષીર રસના સ્વાદ તુલ્ય આનો સ્વાદ હોય છે.

(૩) ભાવનાજ્ઞાન :- આ જ્ઞાન શાસ્ત્રના તાત્પર્ય પૂર્વકનું હોય છે. દરેક પ્રવૃતિમાં સર્વજ્ઞની આજ્ઞાને પ્રાધાન્ય આપે છે. એટલે કે આદર અને બહુમાન પૂર્વક સદ્‌અનુષ્ટાનમાં પ્રવૃતિ કરાવે છે. તેથી સ્વ-પર ઉભયને પરમ હિતકારક બને છે. તેનો સ્વાદ અમૃતરસ તુલ્ય છે. ભાવનાજ્ઞાનથી ભાવિત બનેલો આત્મા અનુભવ પ્રકાશને પ્રાપ્ત કરી શકે છે.

શ્રુતજ્ઞાનના અભ્યાસથી મોહનો સંતાપ નાશ પામે છે. અને ચિત નિર્મળ બને છે. ચિંતાજ્ઞાનના અભ્યાસથી ચિત્તની ચપળતા નાશ પામે છે. અને સ્થિરતા પ્રાપ્ત થાય છે. તેના કારણે આત્માના સમ્યક્ દર્શનાદિ ગુણો પુષ્ટ બને છે. ભાવનાજ્ઞાન અમૃતરસના પાનથી આત્મા સહજ સ્વભાવમાં તન્મયતા સિધ્ધ કરે છે.

**અવધિજ્ઞાનનું વર્ણન :-**

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પછી અવધિજ્ઞાન જે કહેવામાં આવેલું છે તે નીચેના કારણોથી તેમાં સામ્યપણું રહેલું છે. માટે ત્રીજું અવધિજ્ઞાન કહેલું છે. તે સામ્યપણું (૧) કાળ ( ૨) વિપર્યાય (૩) સ્વામિત્વ (૪) લાભ સાધર્મ્યથી જાણવું

**કાળ :-** સમકિતથી નહિં પડેલા કોઈપણ એક જીવને આશ્રયીને મતિ તથા શ્રુતજ્ઞાનનો ૬૬ સાગરોપમનો કાળ કહેલો છે તે પ્રમાણે અવધિજ્ઞાનનો પણ ૬૬ સાગરોપમ પ્રમાણ કાળ જાણવો. એટલે કે કોઈ જીવને મનુષ્યપણામાં અવધિજ્ઞાન પ્રાપ્ત થાય એ અવધિજ્ઞાન સાથે અનુતર વિમાનમાં ૩૩ સાગરોપમ કાળ રૂપે ઉત્પન્ન થાય ત્યાંથી અવધિજ્ઞાન સાથે મનુષ્યપણામાં આવે ફરીથી અવધિજ્ઞાન સાથે ૩૩ સાગરોપમમાં ઉત્પન્ન થાય ત્યારબાદ મનુષ્યપણમાં અવધિજ્ઞાન લઈને આવે પણ ખરો અગર ન પણ આવે. આ પ્રમાણે ૬૬ સાગરોપમ મનુષ્ય અધિક અવધિજ્ઞાનનો કાળ જાણવો.

**વિપર્યય :-** કોઈ સમકિતિ જીવને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે. ત્યાંથી પડીને મિથ્યાત્વે આવે ત્યારે વિપર્યયરૂપે મતિઅજ્ઞાન શ્રુતઅજ્ઞાન રૂપે થાય છે .એવીજ રીતે સમકિતી જીવને અવધિજ્ઞાન પેદા થયા બાદ મિથ્યાત્વના ઉદયથી તે અવધિજ્ઞાન વિપરીત રૂપે એટલે વિભંગજ્ઞાન રૂપે ઉત્પન્ન થાય છે.

**સ્વામિત્વ :-** મતિ અને શ્રુતજ્ઞાનનાં જે સ્વામિ હોય છે. તે અવધિજ્ઞાનનાં પણ સ્વામી જાણવા.

**લાભ સાધર્મ્ય :-** કોઈ મિથ્યાદ્રષ્ટિ દેવ કે નારકીનો જીવ તેને વિભંગજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ હોય છે તે મિથ્યાદ્રષ્ટિ જીવ જ્યારે સમકિતની પ્રાપ્તિ કરે તે વખતે એક સાથે ૩ અજ્ઞાનને બદલે મતિ-શ્રુત -અવધિજ્ઞાનનો લાભ થાય છે એટલે કે પ્રાપ્ત થાય છે તે લાભ સાધર્મ્ય કહેવાય છે.

આ કારણથી મતિ અને શ્રુતજ્ઞાન પછી અવધિજ્ઞાન કહેલ છે.

અવધિજ્ઞાન મુખ્યતયાં ર ભેદે છે. (૧) ભવપ્રત્યયિક (ર) ગુણપ્રત્યયિક.

**ભવપ્રત્યયિક :-** ભવમાં ઉત્પન્ન થતાની સાથે જેમ પક્ષીમાં ઉત્પન્ન થતાં તેને પાંખ તથા ઉડવાનો ક્ષયોપશમ ભાવ પેદા થાય છે, તેવી રીતે દેવતા અને નારકીમાં ઉત્પન્ન થતાની સાથે જ જીવને અવધિજ્ઞાનનો ક્ષયોપશમભાવ પેદા થાય છે.

**નિયમ (૧) :-** સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાજીવો મરીને દેવ અને નરકમાં ઉત્પન્ન થાય તો ઉત્પતિના પહેલા સમયથી અવધિજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ ભાવ પેદા થાય છે એટલે કે અવધિજ્ઞાન થાય છે.

(ર) અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા જીવો મરીને દેવ અને નરકમાં ઉત્પન્ન થાય તો પર્યાપ્ત થયા પછી અવધિજ્ઞાનના ક્ષયોપશમનો ભાવ પ્રાપ્ત થાય છે, એટલે કે અપર્યાપ્ત અવસ્થામાં એક અંતર્મૂહુર્ત સુધી મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન એમ બેજ અજ્ઞાન હોય છે પણ વિંભંગજ્ઞાન હોતું જ નથી.

(૩) ગુણપ્રત્યયિક અવધિજ્ઞાન :- સંખ્યાત વર્ષના આયુષ્યવાળા ગર્ભજ પર્યાપ્ત મનુષ્યો અને તિર્યંચોને તપ વગેરે કરીને મનની એકગ્રતા જેમ જેમ પ્રાપ્ત થતી જાય તેમ તેમ અવધિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમભાવ પ્રાપ્ત થાય છે તેને ગુણ પ્રત્યયિક અવધિજ્ઞાન કહે છે. આ અવધિજ્ઞાનના ૬ ભેદ હોય છે. (૧) અનુગામી (ર) અનઅનુગામી (૩) વર્ધમાન (૪) હીયમાન (૫)પ્રતિપાતી (૬) અપ્રતિપાતિ

**(૧) અનુગામી :-** અનુ એટલે પાછળ પાછળ અર્થાત સાથે જવું તે. જેમ હાથમાં દીવો રાખીને અંધકારમાં ચાલનાર માણસની સાથે પ્રકાશ જાય છે એ રીતે જે ક્ષેત્રમાં જેટલા ક્ષેત્રનું અવધિજ્ઞાન પ્રાપ્ત થયેલું હોય તે ક્ષેત્ર સિવાય બીજા ક્ષેત્રમાં જતાં એ અવધિજ્ઞાનનો ક્ષયોપશમભાવ સાથે ને સાથે હોય છે એ અનુગામી અવધિજ્ઞાન કહેવાય છે.

**(ર) અનઅનુગામી અવધિજ્ઞાન :-** આ અવધિજ્ઞાન શૃંખલા બધ્ધ દિપકની જેમ હોય છે. અનઅનુગામી એટલે પાછળ પાછળ સાથે નહિં જનારૂં. જે ક્ષેત્રમાં જેટલા ક્ષેત્રનુ અવધિજ્ઞાન પ્રાપ્ત થયું હોય તે ક્ષેત્ર સિવાય બીજા ક્ષેત્રમાં જીવ જ્યારે જાય ત્યારે અવધિજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ નષ્ટ થાય છે. ફરીથી તે ક્ષેત્રમાં જીવ આવે ત્યારે જેટલો અવધિજ્ઞાનનો ક્ષયોપશમભાવ હોય તેટલું અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે.

**(૩) વર્ધમાન અવધિજ્ઞાન :-** ક્રમસર વધતું વધતું જે અવધિજ્ઞાન હોય તે વર્ધમાન અવધિજ્ઞાન કહેવાય છે. શરૂઆતમાં સૌથી ઓછામાં ઓછું અંગુલના અસંખ્યાતમા ભાગના ક્ષેત્રમાં રહેલા રૂપી પદાર્થોને જોવા અને જાણવા રૂપ અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે. ત્યારબાદ થોડું ક્ષેત્ર વધતાં અંગુલના સંખ્યાતમા ભાગ જેટલા ક્ષેત્રનું ત્યારબાદ કમસર વધતાં વધતા ૧ અંગુલ પ્રમાણ, ર અંગુલ

પ્રમાણ, ૪ અંગુલ પ્રમાણ, લોકાકાશની શ્રેણી, અસંખ્ય શ્રેણીઓ એક રાજલોકનો ૧ પ્રતર અસંખ્યાતા પ્રતર એકરાજ, બેરાજ, વધતાં વધતાં ૧૪ રાજલોક ક્ષેત્રને વિષે રહેલા રૂપી પદાર્થોને જોવાની અને જાણવાની શકિત પેદા થાય છે તેનાથી ક્રમસર વધતાં વધતાં અલોકને વિષે લોક જેવડા અસંખ્યાતા લોક રહેલા હોય અને તેમાં રહેલા જેટલા રૂપી પદાર્થો થાય એ સઘળાય રૂપી પદાર્થોને જોવા જાણવાની શકિત પેદા થાય છે. અત્રે અલોકને વિષે ૧ લોક સિવાય બીજા એકે લોક હોતા નથી, છતાં અસંખ્યાતા લોક જે કહ્યા છે તેનો ભાવાર્થ એમ સમજાય છે કે એકલોકના અવધિજ્ઞાનવાળો જીવ રૂપી પદાર્થોના જેટલા પર્યાયને જુએ અને જાણે છે તેનાં કરતાં અસંખ્ય લોકમાં રહેલા રૂપી પદાર્થોને જોવા જાણવાની શકિતવાળા જીવો એકલોકમાં રહેલા રૂપી પદાર્થોના એક લોકના અવધિજ્ઞાનવાળા જીવો કરતાં અસંખ્યાતા પર્યાયો રૂપ વિશેષ રીતે જુએ જાણે છે.

(૪) **હીયમાન અવધિજ્ઞાન :-** ક્રમસર ઘટતું ઘટતું જે જ્ઞાન તે હીયમાન કહેવાય છે. વર્ધમાન અવધિજ્ઞાનવાળા જીવને અસંખ્યાતા લોકમાં રહેલા રૂપી પદાર્થો જોવા જાણવાની જે શકિત પેદા થયેલી હોય છે તેમાંથી ક્રમસર ઘટતું ઘટતું ઓછું ઓછું થતું જાય તે હીયમાન અવધિજ્ઞાન કહેવાય છે.

(૫) **પ્રતિપાતિ અવધિજ્ઞાન :-** જેવો અવધિજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થાય કે તરતજ તે ક્ષયોપશમભાવ નષ્ટ થાય તે પ્રતિપાતિ અવધિજ્ઞાન કહેવાય છે. જેમકે જોરદાર પવનમાં દીવો સળગાવતાં જરાક પ્રકાશ થતાંની સાથે દીવો બુઝાઈ જાય તેની જેમ જાણવું, દા.ત. કોઈ એક મહાત્માને કાજો લેતાં લેતાં અવધિજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થતાં અવધિજ્ઞાન પ્રાપ્ત થયું તેના કારણે તેમના જોવામાં આવ્યું કે સમકિતિ એવો ઈંદ્ર પોતાની પટ્ટરાણીને મનાવી રહેલો છે તે જોતાની સાથે જ મુનિને હાસ્ય મોહનીયના ઉદયથી હસવું આવ્યું તેના કારણે અવધિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમભાવ નષ્ટ થતાં અવધિજ્ઞાન નષ્ટ થયું.

(૬) **અપ્રતિપાતિ અવધિજ્ઞાન :-** જેટલા ક્ષેત્રનું અવધિજ્ઞાન પ્રાપ્ત થયું હોય તે કાયમને કાયમ જીવે ત્યાં સુધી રહે તે અપ્રતિપાતિ અવધિજ્ઞાન કહેવાય છે. આ અવધિજ્ઞાનના પણ અનેક પ્રકાર છે. જેમ કે લોકાવધિ- સર્વાવધિ- પરમાવધિ અવધિજ્ઞાનવાળા જીવોને એક અંતરમુહૂર્તમાં અવશ્ય કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. બાકીના અવધિજ્ઞાની જીવો માટે કેવળજ્ઞાનનો નિયમ નથી.

**મનઃપર્યવજ્ઞાન નું વર્ણન :**

અવધિજ્ઞાન પછી નીચેના કારણોને લઈને મનઃપર્યવજ્ઞાન જણાવેલ છે.

(૧) છદ્મસ્થ (૨) વિષય (૩) ભાવ (૪) પ્રત્યક્ષ સાધર્મ્ય

(૧) **છદ્મસ્થ :-** અવધિજ્ઞાન જેમ છદ્મસ્થ જીવોને પ્રાપ્ત થાય છે તેમ મનઃપર્યવજ્ઞાન પણ છદ્મસ્થ જીવોને પ્રાપ્ત થાય છે.

(૨) **વિષય :-** અવધિજ્ઞાન રૂપી દ્રવ્યોને જોવા જાણવાના વિષયવાળું છે તેમ મનઃપર્યવજ્ઞાન મનોવર્ગણાના, પુદ્‌ગલોને ગ્રહણ કરીને મનરૂપે પરિણામ પમાડેલા રૂપી પુદ્‌ગલોને જોવા જાણવાના વિષયવાળુ છે.

(૩) **ભાવ :-** અવધિજ્ઞાન નિયમા ક્ષયોપશમભાવે હોય છે તેમ મનઃપર્યવજ્ઞાન પણ ક્ષયોપશમભાવ રહેલું હોય છે.

**(૪) પ્રત્યક્ષ સાધર્મ્ય :-** અવધિજ્ઞાન ઈંદ્રિય નિમિત વગર કોઈપણ આત્મપ્રદેશ ઉપરથી પ્રાપ્ત થઈ શકે છે તેમ મનઃપર્યવજ્ઞાન પણ ઈંદ્રિયનિમિત વગર આત્મ પ્રત્યક્ષ હોય છે. આ કારણથી મનઃપર્યવજ્ઞાન ૪થું કહેલું છે.

મનઃપર્યવજ્ઞાન :- તિર્ચ્છાલોકમાં અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રીય પર્યાપ્ત જીવોએ મનોવર્ગણાના પુદ્ગલો લઈને મનરૂપે પરિણામ પમાડી તેને જે વિસર્જન કરેલા છે તે વિસર્જન થયેલા જગતમાં રહેલા મનોવર્ગણાના પુદ્ગલોને વર્તમાન કાળે મનરુપે પરિણામ પમાડતા પુદ્ગલોને તથા ભવિષ્યને વિષે મનરુપે પરિણામ પમાડી વિસર્જન થનારા પુદ્ગલોને જોવા જાણવાની જે શક્તિ પેદા થાય તે મનઃપર્યવજ્ઞાન કહેવાય છે આના ૨ ભેદ છે. (૧) ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન (૨) વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન. ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન સામાન્યથી મનોવર્ગણાના પુદ્ગલોને જોવા જાણવાની જે શક્તિ વિશેષ તે ઋજુ મતિમનઃપર્યવજ્ઞાન કહેવાય છે. જેમકે આ જીવે ઘડો ચિંતવેલો છે. વિપુલમતિમનઃપર્યવજ્ઞાન વિશેષ રીતે તેના પર્યાયો સાથે મનના પુદ્ગલોને જોવા જાણવાની જે શક્તિ પેદા થાય તે વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન કહેવાય છે. જેમ કે આ જીવે ઘડો ચિંતવેલો છે પણતે કયા દેશનો છે ? સોનાનો છે કે માટીનો છે ? કોને ત્યાં બનેલો છે ? ઈત્યાદિ પર્યાયોને જાણી શકે છે. વિપુલમતિ મનઃપર્યવજ્ઞાની જીવ નિયમા ચરમશરીરી હોય છે, એટલે કે તેજ ભવમાં કેવળજ્ઞાન પામી મોક્ષે જનારા હોય છે.

**કેવળજ્ઞાન** :- મનઃપર્યવજ્ઞાન પછી સર્વોત્તમ જ્ઞાનરૂપ હોવાથી તથા મનઃપર્યવજ્ઞાન જે અપ્રમત્તાયતિ ને પેદા થાય છે તેમ કેવળજ્ઞાન પણ અપ્રમત્તાયતિ ને પેદા થાય છે તથા સર્વજ્ઞાનોને સમાવવાને યોગ્ય હોવાથી સર્વજ્ઞરૂપ સૌથી છેલ્લું કેવળજ્ઞાન કહેલું છે.

જગતમાં રહેલા રૂપી અરૂપી સઘળાય પદાર્થોને તેના ભૂત ભાવિ વર્તમાન સઘળાય પર્યાયોને એકજ સમયમાં હાથમાં રહેલા આમળાની જેમ પ્રત્યક્ષ રીતે જૂએ જાણે છે તે કેળવજ્ઞાન કહેવાય છે.

આ પાંચે જ્ઞાનને આવરણ કરનારું જે કર્મ તે જ્ઞાનાવરણીય કર્મોની પ્રકૃતિઓ કહેવાય છે.

**દર્શનાવરણીય કર્મ :-** જીવને બે પ્રકારનો ઉપયોગ હોય છે. (૧) સાકાર ઉપયોગ એ પદાર્થના વિશેષ બોધને જણાવનાર હોવાથી તે જ્ઞાનોપયોગ કહેવાય છે.

(૨) નિરાકાર ઉપયોગ :- પદાર્થના સામાન્ય બોધને જણાવનાર હોવાથી દર્શન ઉપયોગ કહેવાય છે.

આ સામાન્ય બોધને આવરણ કરનાર જે કર્મ તે દર્શનાવરણીય કર્મ કહેવાય છે તેના ૯ ભેદ છે.

(૧) ચક્ષુ (૨) અચક્ષુ (૩) અવધિદર્શનાવરણીય (૪) કેવળદર્શનાવરણીય (૫) નિદ્રા (૬) નિદ્રાનિદ્રા (૭) પ્રચલા (૮) પ્રચલા પ્રચલા (૯) થીણદ્ધિ

**(૧) ચક્ષુ દર્શનાવરણીય કર્મ :-** ચઉરીંદ્રીય જીવોથી શરૂ કરીને અસંજ્ઞી પંચેંદ્રિય તથા સંજ્ઞી પંચેન્દ્રીય ચારે ગતિવાળા જીવોને ચક્ષુ ઈંદ્રિયનો ક્ષયોપરામ ભાવ પ્રાપ્ત થાય છે એ ચક્ષુઈંદ્રિયના ક્ષયોપશમભાવનીજે તરતમતા જીવોને વિષે રહેલી હોય

છે તે ચક્ષુદર્શનાવરણીય કર્મ કહેવાય છે.

**(૨) અચક્ષુ દર્શનાવરણીય કર્મ** :- એકેન્દ્રીય જીવોને ૧ સ્પર્શેન્દ્રિયનો ક્ષયોપરામનો, બે ઈંદ્રિય જીવને સ્પર્શ-રસ બેનો ક્ષયોપરામ, તેઈંદ્રીય જીવોને સ્પર્શ-રસ-ઘ્રાણનો ક્ષયોપશમ, ચઉરીંદ્રીય જીવોને સ્પર્શ-રસ-ઘ્રાણનો ક્ષયોપશમ-પંચેન્દ્રિય જીવોને સ્પર્શ રસ ઘ્રાણ અને શ્રોતેંન્દ્રિયનો ક્ષયોપરામ ભાવ જે પેદા થાય છે તેમાં અનેક જીવોની અપેક્ષાએ ક્ષયોપશમ ભાવમાં તરમતા જણાય છે એટલે કે તીવ્ર-તીવ્રતર-તીવ્રતમ-મંદ-મંદત્તર-મંદત્તમ રુપે હોય છે તે અચક્ષુદર્શનાવરણીય કર્મ કહેવાય છે.

**(૩) અવધિ દર્શનાવરણીય કર્મ** :- સમક્તિની પ્રાપ્તિ સાથે ચારે ગતિમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા જીવોને જ્યારે અવધિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમ ભાવથી અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે.. તેની પહેલાં નિરાકાર રૂપયોગ રુપે અવધિદર્શનાવરણીય ક્ષયોપશમના ભાવથી અવધિદર્શન પેદા થાય છે. તે અવધિદર્શનને વિષે તીવ્ર-તીવ્રતર- તીવ્રતમ-મંદ- મંદત્તર-મંદત્તમ રુપ તરતમતા હોય છે. તે અવધિદર્શનાવરણીય કર્મ કહેવાય છે.

**(૪) કેવળદર્શનાવરણીય કર્મ** :- ૧૨મા ગુણસ્થાનકના અંતે ૪ ઘાતી કર્મના ઉદય-ઉદીરણા-સત્તામાંથી સંપૂર્ણ ક્ષય થાય ત્યારે જીવને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે તે કેવળજ્ઞાનનો ઉપયોગ ૧ સમય રહે છે તેના બીજા સમયે જીવને કેવળદર્શનનો ઉપયોગ પ્રાપ્ત થાય છે. આ કેવળદર્શનને સંપૂર્ણરૂપે આવરનાર કર્મ તે કેવળદર્શનાવરણીય કર્મ કહેવાય છે.

**(૫) નિદ્રા** : સૂતેલા મનુષ્યોને કોઈ પણ પ્રકારનો સામાન્ય કે વિશેષ અવાજ વગેરે પ્રાપ્ત થતાં તરતજ જે નિદ્રાનો નાશ થાય છે તેને નિદ્રા કહેવાય છે આ નિદ્રા કુતરા જેવી હોય છે.

**(૬) નિદ્રા-નિદ્રા** :- સૂતેલા મનુષ્યોને જગાડવા માટે કોઈપણ પ્રકારના અવાજ વગેરે થવા છતાં જલદી જાગી શકે નહિં પણ વારંવાર ઢંઢોળવા પડે તે નિદ્રા નિદ્રા કહેવાય છે.

**(૭) પ્રચલા** :- જીવનમાં કોઈપણ પ્રવૃત્તિ કરતાં આળસ, થાક વગેરે પ્રાપ્ત થતાં મનુષ્યોને બેઠાં બેઠાં કે ઉભા ઉભા જે નિદ્રા પ્રાપ્ત થાય છે તે પ્રચલા કહેવાય છે.

**(૮) પ્રચલા પ્રચલા** :- ચાલતાં ચાલતાં જીવોને નિદ્રાનો ઉદય પેદા થાય તેવી નિદ્રાને પ્રચલા પ્રચલા કહેવાય છે.

**(૯) થીણધ્ધિ** :- દિવસના કામનો બોજ ઘણો હોય તથા કોઈની સાથે ગુસ્સો કે દ્વેષ પ્રાપ્ત થયાં હોય તેની વિચારણા આખો દિવસ મગજમાં ચાલેલી હોય તથા તેમાં ધારેલી સફળતા મળી ન હોય, રાતના સુતી વેળા તેની વિચારણામાં સુઈ જાય તો તે નિદ્રાના કાળમાં એ વિચારને દૃઢ બનાવી ઉઠીને જે કાર્ય કરવાનું હોય તે કરવા માટે જાય કાર્ય પૂર્ણ કરીને પાછો આવે અને પછી સુઈ જાય તેમાં પોતાને આવા પ્રકારનું સ્વપ્ન આવ્યું છે એવો ભાસ સવારે ઉઠયા પછી થાય આ જીવોનું બળ પોતાના બળ કરતાં વર્તમાન કાળમાં આઠ ગણું પેદા થાય છે અને ૧લા સંઘયણવાળા જીવોના કાળમાં પ્રતિવાસુદેવ જેટલું બળ પેદા થાય છે. તે થીણધ્ધિ નિદ્રા કહેવાય છે. આ નિદ્રાના ઉદયવાળા જીવો નરકગામી હોય છે.

કેવળદર્શનાવરણીય અને પાંચ નિદ્રા તથા કેવળજ્ઞાનાવરણીય આ પ્રકૃતિઓ સર્વ ઘાતી રસે જ ઉદયમાં હોય છે. બાકીની ૪ જ્ઞાનાવરણીય ૩ દર્શનાવરણીય સર્વઘાતી રસે બંધાય છે પણ ઉદયમાં દેશઘાતી રસ રૂપે જ હોય છે.

જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-અંતરાય આ ત્રણે કર્મોનો ક્ષયોપશમ ભાવ તથા ઉદયભાવ બન્ને સાથેજ રહેલા હોય છે તે આ રીતે :- આ ત્રણે કર્મોની પ્રકૃતિઓ એટલે કે જ્ઞાનાવરણીય-૫ દર્શનાવરણીય ૪ અંતરાય ૫ :- ૧૪ ધ્રુવોદયી હોય છે.

સર્વઘાતી રસે બંધાતી હોવા છતાં ઉદયમાં દેશઘાતી રસ રુપે થઈને આવે છે. તેમાં દેશઘાતીના દલીકો અધિકરસવાળા હોય તો તે ક્ષયોપશમભાવનો નાશ કરવા રૂપે ઉદયભાવ રુપે કામ કરે છે અને દેશઘાતિના અલ્પરસવાળા દલિકો ઉદયમાં આવે તો ક્ષયોપશમ ભાવે જ્ઞાનાદિ પ્રાપ્ત કરવામાં સહાયભૂત થાય છે. માટે આ ત્રણે કર્મોનો ક્ષયોપશમભાવ તે ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમભાવ કહેવાય છે.

**વેદનીય કર્મ** :- સુખ અને દુઃખ રૂપે અનુભવાય તે વેદનીય કર્મ કહેવાય છે જો કે સઘળા કર્મો સુખ અને દુઃખ રુપે અનુભવાય છે તો પણ એટલી વિશેષતા છે કે બીજા કર્મો, સુખદુઃખની અંતરંગ સામગ્રી મેળવી આપે છે જ્યારે વેદનીય કર્મ સુખદુઃખની બાહ્ય સામગ્રી મેળવી આપે છે. (વેદનીયના ઉદયથી આત્માને સુખદુઃખાદિનું ભાન કરાવનાર સામગ્રીનો યોગ થાય છે તે સિવાય કાંઈ કરતું નથી) સુખદુઃખનું ભાન કરાવનારતો મોહનીય કર્મ છે. જેટલા અંશે મોહનીય સહકારી તેટલા અંશે સુખદુઃખાદિ સામગ્રીમાં આત્મા અનુરંજિત થાય છે તેના બે ભેદ છે.

**(૧) શાતા વેદનીય** :- જેના ઉદયથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ભવના સંબંધથી આત્માને, શરીર અને મનને સુખનો અનુભવ કરાવે તે શાતા વેદનીય કર્મ કહેવાય છે પ્રાયે કરી દેવતા મનુષ્યોને શાતાવેદનીયનો ઉદય હોય છે અથવા જેના ઉદયથી આરોગ્યને વિષય ઉપભોગાદિ ઈષ્ટ સાધન સામગ્રી દ્વારા ઉત્પન્ન થયેલ આલ્હાદ રુપ સુખનો અનુભવ થાય તે શાતા વેદનીય કહેવાય.

**(૨) અશાતા વેદનીય** :- જેના ઉદયથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવના સંબંધથી આત્માને-શરિરને તથા મનને ખેદ રુપ દુઃખનો અનુભવ થાય તે અશાતા વેદનીય કહેવાય છે. પ્રાયે કરીને તિર્યંચ અને નારકીના જીવોને અશાતા વેદનીયનો ઉદય હોય છે. અથવા માંદગી આદિ અનિષ્ટ સાધન દ્વારા ઉત્પન્ન થયેલ ખેદ રુપ દુઃખનો અનુભવ થાય તે અશાતા વેદનીય કહેવાય છે. સુખ દુઃખનું ભાન કરાવનાર મોહનીય કર્મ છે.

**મોહનીય કર્મ** :- પારમાર્થિક-હિતાહિત-વિવેકથી ભ્રષ્ટ કરે અથવા સ્વપરના વિવેકમાં મુંઝવણ પેદા કરે તે મોહનીય કર્મ કહેવાય છે.

મોહનીય કર્મના બે ભેદ છે. (૧) દર્શન મોહનીય (૨) ચારિત્ર મોહનીય.

દર્શન મોહનીય :- સાચી યા ખોટી કોઈપણ પદાર્થની અંતરમાં જે શ્રદ્ધા પેદા થાય તે શ્રદ્ધાની વિચાર ધારામાં તીવ્રતા મંદતા રુપ તરતમતાના જે ભેદો થાય તેને મુંઝવણ કહેવાય. આ શ્રદ્ધાના મુંઝવણરુપ વિચારોને દર્શન મોહનીય કર્મ કહેવાય છે.

ચારિત્ર મોહનીય :- ચારિત્ર એટલે ક્રિયા-સત્‌ક્રિયા કે અસત્‌ ક્રિયા આ બન્ને

પ્રકારની ક્રિયાની પ્રવૃત્તિને વિષે જીવીને તીવ્રતા મંદતારુપ મનની વિહ્વળતા એટલે કે ચંચળતા પેદા કરાવે તે ચારિત્ર મોહનીય કર્મ કહેવાય છે.

**દર્શન મોહનીયના ૩ ભેદ :-** સમ્યક્ મોહનીય-મિશ્ર મોહનીય- મિથ્યાત્વ મોહનીય

**(૧) મિથ્યાત્વ મોહનીય :-** જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપિત એટલે કે જગતને વિષે પ્રકાશીત કરેલા પદાર્થો પ્રત્યે જે પ્રમાણેની શ્રદ્ધા પેદા થવી જોઈએ તે પ્રમાણેની શ્રદ્ધ પેદા ન થાય પણ તેનાથી વિપરીત શ્રદ્ધા પેદા થાય એટલે કે છોડવા લાયક પદાર્થોને વિષે ગ્રહણ કરવા લાયકની બુદ્ધિ (શ્રદ્ધા) અને ગ્રહણ કરવા લાયક પદાર્થોને વિષે છોડવા લાયક રૂપ બુદ્ધિ (શ્રદ્ધા) પેદા થાય તે મિથ્યાત્વ મોહનીય કહેવાય છે.

**(૨) મિશ્ર મોહનીય :-** જિનેશ્વર ભગવંતોએ પ્રકાશિત કરેલા પદાર્થોને વિષે એક અંતર્મૂહુર્ત સુધી રાગનો પરિણામ કે દ્વેષનો પરિણામ પેદા ન થાય તે મિશ્ર મોહનીય કહેવાય છે. બીજા પદાર્થોને વિષે રાગાદિ પરિણામ બેઠા જ છે એટલે કે આ જીવ રાગાદિ પરિણામના અભાવવાળો હોતો નથી પણ માત્ર ભગવાનના વચન પ્રત્યે રાગાદિ પરિણામ હોતા નથી. જેમ કે નાળિયેરી દ્વીપમાં જ જન્મપામીને ઉછરેલા મનુષ્યોને ધાન્યાદિ પ્રત્યે એટલે મિષ્ટાન્ન વગેરે ભોજન પ્રત્યેજેમ રાગ અને દ્વેષ પેદા થતો નથી જ્યાં સુધી ભોજન ન કરે ત્યાં સુધી રાગાદિ પરિણામ હોતો નથી. પણ બીજા પદાર્થો પ્રત્યે રાગાદિ પરિણામ બેઠેલો જ છે તેની જેમ આ મિશ્ર મોહનીયમાં જાણવું.

**(૩) સમ્યક્ત્વ મોહનીય :-** જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપણા કરેલ જીવ-અજીવ-પુણ્ય-પાપ-આશ્રવ-સંવર-નિર્જરા-બંધ અને મોક્ષ આ નવે પ્રકારના તત્વો પ્રત્યેની શ્રદ્ધા એટલે કે નવમાંથી છોડવા લાયક પદાર્થો પ્રત્યે છોડવા લાયકની શ્રદ્ધા, ગ્રહણ કરવા લાયક પદાર્થો પ્રત્યે ગ્રહણ કરવા લાયકની શ્રદ્ધા તથા જાણવા લાયક પદાર્થો પ્રત્યે જાણવાની જે શ્રદ્ધા પેદા થાય તેના પરિણામમાં તીવ્રતા મંદતા રુપ જે વિહવલતા પેદા કરાવે તે **સમ્યક્ત્વ મોહનીય** કહેવાય છે.

ચારિત્ર મોંહનીયના બે ભેદ :- કષાય મોહનીય, નોકષાય મોહનીય

(૧) કષાય મોહનીય :- કષ એટલે સંસાર આય એટલે લાભ જેનાથી જીવોને સંસારનો લાભ પ્રાપ્ત થાય તે કષાય મોહનીય કર્મ કહેવાય છે.

(૨) નોકષાય મોહનીય :- નો એટલે નિષેધાત્મક નથી પરંતુ એકદર્શીય સહાય કરવા રુપ "નો" શબ્દ છે. જે પ્રકૃતિઓ કષાય ને ઉત્તેજિત કરી પ્રેરિત કરે અને સહાય કરે તેને જ્ઞાની ભગવંતો નોકષાય મોહનીય કર્મ કહે છે. કષાય મોહનીયના ૧૬ ભેદ + નોકષાય મોહનીયના ૯ ભેદ મળી કુલ ૨૫ ભેદ છે.

**કષાય મોહનીયના ૧૬ ભેદ :-**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | અનંતાનુબંધી | ક્રોધ | (૯) | પ્રત્યાખ્યાનીય | ક્રોધ |
| (૨) | અનંતાનુબંધી | માન | (૧૦) | પ્રત્યાખ્યાનીય | માન |
| (૩) | અનંતાનુબંધી | માયા | (૧૧) | પ્ર [illegible] | માયા |
| (૪) | અનંતાનુબંધી | લોભ | (૧૨) | [illegible] | લોભ |

| | | | | |
|---|---|---|---|---|
| (૫) | અપ્રત્યાખ્યાનીય ક્રોધ | (૧૩) | સંજવલન | ક્રોધ |
| (૬) | અપ્રત્યાખ્યાનીય માન | (૧૪) | સંજવલન | માન |
| (૭) | અપ્રત્યાખ્યાનીય માયા | (૧૫) | સંજવલન | માયા |
| (૮) | અપ્રત્યાખ્યાનીય લોભ | (૧૬) | સંજવલન | લોભ |

**આ ૧૬ કષાયના ૬૪ ભેદ પણ થાય છે જેનું વર્ણન આગળ આવશે.**

નોકષાય મોહનીય ૯ ભેદ : (૧) હાસ્ય (૨) રતિ (૩) અરતિ (૪) શોક (૫) ભય (૬) જુગુપ્સા (૭) પુરુષવેદ (૮) સ્ત્રીવેદ (૯) નપુંસકવેદ

**કષાયના સ્વરૂપનું વર્ણન :-** (૧) અનંતાનુબંધી :- જીવોને સંખ્યાતા અસંખ્યાતા કે અનંતા ભવોનો અનુબંધ પેદા કરાવે તે અનંતાનુબંધી કષાય કહેવાય છે. આ કષાય જીવને જાવત્જીવ સુધી રહે છે. (જ્યાં સુધી જીવ સમ્યક્ત્વ પ્રાપ્તિ ન કરે અર્થાત્ સમ્યક્ત્વ પ્રાપ્તિની સન્મુખ ન બને ત્યાં સુધી આ કષાય નિયમા હોય છે.) સામાન્યથી આ કષાયની હાજરીમાં જીવને આયુષ્યનો બંધ પડે તો નરક આયુષ્ય બંધાય છે. આ કષાયના ૪ ભેદ છે અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા, અનંતાનુબંધી લોભ. અનંતાનુબંધી ક્રોધ પથ્થરમાં પડેલી તીરાડ જેવો છે. માન પથ્થરના સ્થંભ જેવો છે. એટલેકે વાળ્યો વળે નહિં એવો હોય છે. માયા વાંસના મૂળીયાની ગાંઠ જેવી હોય છે. એ ગાંઠ બાળી બળે પણ ભેદાય નહિં અને લોભ કિરમજીના રંગ જેવો હોય છે કે જે જાય જ નહિં આ કષાય જ્યાં સુધી ઉદયમાં હોયછે ત્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી, તથા સમ્યક્ત્વ પ્રાપ્ત થયા બાદઆ કષાયના ઉદયથી તેનો નાશ થાય છે. આ કષાયના ૧૬ ભેદ છે :-

| | | | |
|---|---|---|---|
| (૧) | અનંતાનુબંધી | અનંતાનુબંધી | ક્રોધ |
| (૨) | અનંતાનુબંધી | અનંતાનુબંધી | માન |
| (૩) | અનંતાનુબંધી | અનંતાનુબંધી | માયા |
| (૪) | અનંતાનુબંધી | અનંતાનુબંધી | લોભ |
| (૫) | અનંતાનુબંધી | અપ્રત્યાખ્યાનીય | ક્રોધ |
| (૬) | અનંતાનુબંધી | અપ્રત્યાખ્યાનીય | માન |
| (૭) | અનંતાનુબંધી | અપ્રત્યાખ્યાનીય | માયા |
| (૮) | અનંતાનુબંધી | અપ્રત્યાખ્યાનીય | લોભ |
| (૯) | અનંતાનુબંધી | પ્રત્યાખ્યાનીય | ક્રોધ |
| (૧૦) | અનંતાનુબંધી | પ્રત્યાખ્યાનીય | માન |
| (૧૧) | અનંતાનુબંધી | પ્રત્યાખ્યાનીય | માયા |
| (૧૨) | અનંતાનુબંધી | પ્રત્યાખ્યાનીય | લોભ |
| (૧૩) | અનંતાનુબંધી | સંજવલન | ક્રોધ |
| (૧૪) | અનંતાનુબંધી | સંજવલન | માન |
| (૧૫) | અનંતાનુબંધી | સંજવલન | માયા |
| (૧૬) | અનંતાનુબંધી | સંજવલન | લોભ |

**અનંતાનુબંધી અનંતાનુબંધી કષાયનું વર્ણન :-** આ કષાયનો ઉદય જીવને જ્યારે હોય છે તે વખતે તેનામાં સજ્જનતાના ગુણો પ્રાપ્ત થતા નથી. તેથી સારા કુળમાં, સારી જાતિમાં ઉત્પન્ન થવા છતાં પણ તેનામાં ધર્મનું દ્વેષીપણું સદા માટે રહેલું હોય છે. તેના કારણે પોતે ધર્મ કરે નહિં અને કરનારને કરવા દે નહિં તથા પોતાની શક્તિ હોય તો ધર્મ કરનારને ધર્મથી પતન કર્યાવિના રહેતો નથી. દેવ-ગુરૂ-ધર્મનો નિંદક બને છે. દુનિયાના સુખ અને સુખના સાધન માટે ૧૮ પાપ સ્થાનકમાંથી જો કોઈ પાપનું સેવન કરવાનો વખત આવે તો તેમાં તેને જરાપણ આંચકો લાગતો નથી. એવી આસકિત પૂર્વક પાપને કરે છે કે જેના કારણે પાપરૂપે પાપને માનવાની તેની તૈયારી હોતી નથી. પોતાનું કર્તવ્ય અને ફરજ છે એમ માને છે. આ કારણોથી આ જીવો અધમાધમ કોટીમાં આવે છે. આ કષાયના ઉદયવાળા જીવોને આયુષ્યનો બંધ પડે તો નિયમા નરકાયુષ્ય બંધાય છે.

(૨) **અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનીય કષાય :-** આ કષાયની સ્થિતિ જીવ જો પ્રયત્ન કરે તો એક વર્ષથી અધિક સમય રહેતી નથી. આ કષાયવાળા જીવને કોઈપણ જાતના વ્રત નિયમ પચ્ચકખાણ વગેરે કરવાનું મન થાય નહિ, કોઈ પચ્ચંકખાણ કરતું હોય તો અટકાવે નહિં, તેને કરાવવામાં સહાયભૂત થાય, મંદિરે જાય, ભગવાનને માને,- ભગવાનની ભકિત વગેરેની પ્રવૃતિ કરે છતાં પણ મનમાં વ્રત નિયમ પ્રત્યે રૂચિ ભાવ પેદા થાય નહિં તેના કારણે ધર્મ દ્વેષી હોતો નથી પણ ઉંડે ઉંડે ધર્મ એને ગમતો નથી આ કારણથી સુખ અને સુખના સાધન માટે ૧૮ પાપ સ્થાનકમાંથી જે કોઈ પાપનું સેવન કરવા જેવું લાગે તેનું સેવન કરે પોતાનું કર્તવ્ય અને ફરજ પણ માને પણ અત્યંત તીવ્ર ભાવે કરતોનથી, તથા પાપને પાપરૂપે માનવાની બુધ્ધિ પણ પેદા થતા દેતો નથી આના કારણે જોઈએ તેવી પરલોક પ્રત્યેની શ્રદ્ધા પેદા થતી નથી તેથી આ કષાયના ઉદયકાળમાં જીવને આયુષ્યનો બંધ પડેતો નિયમા તિર્યંચ આયુષ્ય બાંધે છે. નિગોદથી લઈને પંચેન્દ્રિય તિર્યંચના ઉત્કૃષ્ટ સુધીના અધ્યવસાયોમાંથી કોઈ પણ અધ્યવસાય વડે તિર્યંચનું આયુષ્ય બાંધે છે.

(૩) **અનંતાનુબંધી પ્રત્યાખ્યાનીય કષાય :-** આ કષાયવાળા જીવો ક્ષમા-નમ્રતા-સરળતા-દાનરૂચિ-વડીલોનો વિનયાદી ગુણ પ્રાપ્તિ આદિ વહેવારમા પ્રવૃતિ કરતા હોય છે. તથા નાનામાં નાના વ્રત નિયમ પચ્ચકખાણથી શરૂ કરી શ્રાવકના ૧૨ વ્રત ૧૧ પડિમા વગેરેનું સંપૂર્ણ નિરતિચાર પણે પાલન કરી શકે છે છતાં મિથ્યાત્વ. ગાઢ હોય છે. આ બધી પ્રવૃતિ આલોક કે પરલોકના સુખ અનેસુખના સાધન માટે કરતા હોય છે. જ્યાં સુધી આ કષાયનો તીવ્ર ઉદય હોય છે. ત્યાં સુધી એ પોતાની પક્કડને છોડતા નથી આ પ્રમાણે કષ્ટ વેઠીને દુનિયાના વ્યવહારમાં સજ્જનતાના ગુણો કેળવીને નામના પણ મેળવે છે. આ કષાયમાં આયુષ્ય બાંધે તો નિયમા મનુષ્ય આયુષ્ય બાંધે છે. દા.ત. અભયકુમારને ઠગનારી વેશ્યા આ લોકના સુખના હેતુથી શ્રાવકપણાનું સુંદર પાલન કરવા છતાં છળ કપટ કરીને અભયકુમારને ઠગી ગઈ તેની જેમ જાણવું.

**અનંતાનુબંધી સંજ્વલન :-** આ કષાયના ઉદયકાળમાં વહેવારમાં દેખીતી રીતે પાયભીરૂતા, ગમે તેવું કષ્ટ પડે તો પણ સહન કરવાની શકિત, ક્ષમા, નમ્રતા વગેરે ગુણો સારામાં સારી રીતે ખીલેલા હોય છે પણ આ લોક કે પરલોકના

સુખને માટે જે તે ગુણોનો ઉપયોગ કરે છે. તેના કારણે એ ગુણ સંસારવર્ધક બને છે. મનુષ્યપણામાં સારામાંસારી સુખ સામગ્રી સંપતિ મળેલી હોય છતાં તેને ધર્મ સાંભળવાથી ખબર પડે કે દુનિયામાં આના કરતાં પણ સારી સુખની સામગ્રી હોય છે એ સામગ્રી આટલું આટલું કષ્ટ વેઠીને ગુણ કેળવીને સહન કરે તો એ સુખ જરૂર મળે એવી શ્રધ્ધા પેદા થતાં એ સુખ મેળવવા માટે વર્તમાનમાં મળેલી સંપતિને છોડીને ચારિત્રનો સ્વીકાર કરી નિરતિચારપણે ચારિત્રનું પાલન કરી શકે છે એ ચારિત્રનું પાલન કરતાં વહેવારમાં મોક્ષપ્રત્યેનો અદ્વેષભાવ દેખાડે છે. જ્ઞાનનો ક્ષયોપશમભાવ લઈને આવેલા હોય તો સાડાનવ પૂર્વ સુધીનું જ્ઞાન પણ મેળવે છે. આ જીવો આયુષ્ય બંધ કરે તો નિયમા દેવાયુષ્ય બાંધે છે. જઘન્યથી ૧૦ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી વૈમાનિકના ૩૧ સાગરોપમનું આયુષ્ય બાંધે છે. (૯મા ગ્રૈવવિક સુધી)

આ કષાયની હાજરીમાં ધર્મનો પુરૂષાર્થ કરતાં કરતાં જ્યાં સુધી મિથ્યાત્વની મંદતા થાય નહિં ત્યાં સુધી કરેલો સઘળોય ધર્મ ઔદયિકભાવ રૂપે ગણાય છે. એ ઔદયિક ભાવે કરેલો ધર્મ નિયમા પાપાનુબંધી પુણ્ય બંધાવે છે. પાપાનુબંધી પુણ્યના ઉદયકાળમાં જે સુખની સામગ્રી મળે તે સામગ્રીમાં પોતા કરતાં બીજાની પાસે અધિક દેખીને ઈર્ષા આદિ દુર્ગુણો પેદા થતાં સુખને સુખરૂપે ભોગવવા દેતું નથી તથા સુખ પોતે જ મારા આત્માને માટે નુકશાનકારક છે એ વિચારણા પણ પેદા થવા દેતી નથી.

અનાદિ કાળથી ભટકતો જીવ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તપણું પ્રાપ્ત કરીને ૭ કર્મોની ઉત્કૃષ્ટ સ્થતિનો બંધ કરે છે. તેમાં જ્ઞાન-દર્શન-વેદનીય અને અંતરાયની ૩૦ કોટાકોટી સાગરોપમ, નામ-ગોત્રની ૨૦ કોટાકોટી સાગરોપમ, મોહનીય કર્મની ૭૦ કોટાકોટી સાગરોપમની સ્થિતિ બાંધે છે. તેનો બંધ કર્યા બાદ તે સ્થિતિને ભોગવવા માટે સંસારની અંદર પરિભ્રમણ કરતો હોય છે તે પરિભ્રમણથી અકામ નિર્જરા કરતાં કરતાં જ્યારે એક કોટાકોટી સાગરોપમથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિ ઓછી થાય (આટલી સ્થિતિવાળા જીવોને અંતઃ કોટાકોટી સાગરોપમ સ્થિતિવાળા કહેવાય છે.) ત્યારે જીવ ગ્રંથિ દેશે આવેલો ગણાય છે. આ ગ્રંથિ દેશે અભવ્યજીવો-દુર્ભવ્યજીવો- ભારેકર્મી એવા ભવીજીવો તથા લઘુકર્મીજીવો અંનંતીવાર આવે છે અને પાછા ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને સંસારની રઝળપાટમાં ચાલ્યા જાય છે. આ ગ્રંથિદેશે આવેલામાં લઘુકર્મી એવા ભવ્યાત્મા જીવને ધર્મ સાંભળવા મળે અને સાંભળતા સાંભળતાં પોતાના અંતરાત્મામાં વિચારણા સ્કુરાયમાન થાય કે જીવનમાં કોઈવાર ન સાંભળેલું આજે સાંભળવા મળ્યું એમ વિચારી સાંભળેલા શબ્દોને વારંવાર યાદ કરીને અંદરની વિચારણા વિશેષ રીતે સ્કુરાયમાન કરતો કરતો ધર્મ પ્રત્યે આદર અને બહુમાન વાળો થાય ત્યારબાદ વારંવાર સાંભળતા પોતાના આત્માની સ્થિતિનો જ્યારે ખ્યાલ આવે કે અત્યારસુધી સંસારમાં જે પરિભ્રમણ કર્યું. તેમાં રાગ અને દ્વેષ એજ મુખ્ય કારણ છે, કારણ જે સુખની હું ઝંખના કરૂ છું તે બાહ્ય કોઈ પદાર્થમાં નથી પણ મારી પાસે જ છે. આ વિચારબાદ ધર્મ મેળવવાની ભાવના તીવ્ર થતાં રાગાદિ પરિણામ પ્રત્યે સહજ રીતે અરૂચી ભાવ વધતાં વધતાં દ્વેષ ભાવ વધારતો જાય છે. આ પ્રયત્ન કરવામાં જે વિચારણા પેદા થયેલી છે, તેનાથી મિથ્યાત્વની મંદતા પેદા થયેલી છે, તેમાં અનંતાનુબંધી કષાયની સહાય મળતાં રાગાદિ પરિણામ પ્રત્યે દ્વેષ વધતો જાય છે. આને જ્ઞાની ભગવંતો પ્રશસ્ત કષાય કહે છે.

આ રીતે વારંવાર પ્રયત્ન કરતાં કરતાં ધર્મને વિષે સ્થિરતા, એકાગ્રતા તથા ધર્મની પ્રવૃતિમાં પ્રસન્નતા વિશેષરૂપે પેદા કરતો જાય છે. આ પ્રયત્ન કરતાં કરતાં જો અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનીય કષાય પ્રશસ્ત રૂપે બનતો હોય તો જીવનમાં વ્રત-નિયમ પચ્ચકખાણ વગેરે કાંઈ પેદા થતું નથી. પણ આ કષાયની સહાયથી ભગવાનની ભકિત સુંદરમાં સુંદર રીતે કરતો રાગાદિ પરિણામ પ્રત્યે દ્વેષ વધારતો ઘણી સકામ નિર્જરાને સાધે છે જો જીવને અનંતાનુબંધી પ્રત્યાખ્યાનીય કષાય હોય તો જીવનમાં વ્રત નિયમ-પચ્ચકખાણ નાનામાં નાનાથી શરૂ કરીને અભ્યાસ પાડતોપાડતો શ્રાવકના ૧૨ વ્રત વગેરેને સારામાં સારી રીતે પાળતાં સકામ નિર્જરા કરે છે. જો અનંતાનુબંધી સંજ્વલન જેવા કષાયની સહાય હોય તો વર્તમાનમાં મળેલી સાહ્યબી સંપતિને છોડીને સર્વ વિરતિને ગ્રહણ કરીને સારામાં સારી રીતે પાલન કરતો મિથ્યાત્વની મંદતા વધારતો રાગાદિ પરિણામ પ્રત્યે તીવ્ર ભાવે દ્વેષ પેદા કરતો (અનંતાનુબંધી અનંતાનુબંધી જેવો દ્વેષ) ચરમ યથાપ્રવૃતિકરણને પ્રાપ્ત કરે છે. આ પ્રાપ્તિમાં જીવનો અધ્યવસાય સંસારમાં રહેલી સઘળી પાપની પ્રવૃતિ તપાવેલા લોઢા ઉપર ચાલવા જેવી માને છે. આ કાળ પુરો થતાં અપૂર્વકરણ નામનો અધ્યવસાય પ્રાપ્ત થાય તેની સાથે જ પ્રશસ્ત કોટીના કષાયની સહાયથી ગ્રંથિ ભેદાય છે.

**અપ્રત્યાખ્યાનીય કષાયોનું વર્ણન :-**

અપ્રત્યાખ્યાનીય ક્રોધ - પૃથ્વીમાં પડેલી તિરાડ જેવો

અપ્રત્યાખ્યાનીય માન- હાડકા જેવું

અપ્રત્યાખ્યાનીય માયા - ઘેટાના શીંગડા જેવી

અપ્રત્યાખ્યાનીય લોભ- ગાડાની મળી જેવો હોયછે.

આ કષાયની સ્થિતિ ૧ વર્ષની હોય છે. આ કષાયના ઉદયકાળમાં જીવને કોઈપણ જાતનું વ્રત-નિયમ પચ્ચકખાણ કરવાનો પરિણામ પેદા થતો નથી કોઈ કરતું હોય તો તેને સહાયરૂપ થવાની ભાવના હોય છે. આ કષાય ત્રીજા અને ચોથા એ બે ગુણસ્થાનકે હોય છે. આ કષાયના પણ ૧૬ ભેદ થાય છે. જે નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | અપ્રત્યાખ્યાનીય | અનંતાનુબંધી | ક્રોધ |
| (૨) | અપ્રત્યાખ્યાનીય | અનંતાનુબંધી | માન |
| (૩) | અપ્રત્યાખ્યાનીય | અનંતાનુબંધી | માયા |
| (૪) | અપ્રત્યાખ્યાનીય | અનંતાનુબંધી | લોભ |
| (૫) | અપ્રત્યાખ્યાનીય | અપ્રત્યાખ્યાનીય | ક્રોધ |
| (૬) | અપ્રત્યાખ્યાનીય | અપ્રત્યાખ્યાનીય | માન |
| (૭) | અપ્રત્યાખ્યાનીય | અપ્રત્યાખ્યાનીય | માયા |
| (૮) | અપ્રત્યાખ્યાનીય | અપ્રત્યાખ્યીનીય | લોભ |
| (૯) | અપ્રત્યાખ્યાનીય | પ્રત્યાખ્યાનીય | ક્રોધ |
| (૧૦) | અપ્રત્યાખ્યાનીય | પ્રત્યાખ્યાનીય | માન |

| | | | |
|---|---|---|---|
| (૧૧) | અપ્રત્યાખ્યાનીય | પ્રત્યાખ્યાનીય | માયા |
| (૧૨) | અપ્રત્યાખ્યાનીય | પ્રત્યાખ્યાનીય | લોભ |
| (૧૩) | અપ્રત્યાખ્યાનીય | સંજવલન | ક્રોધ |
| (૧૪) | અપ્રત્યાખ્યાનીય | સંજવલન | માન |
| (૧૫) | અપ્રત્યાખ્યાનીય | સંજવલન | માયા |
| (૧૬) | અપ્રત્યાખ્યાનીય | સંજવલન | લોભ |

**અપ્રત્યાખ્યાનીય અનંતાનુબંધી કષાયનું વર્ણન :-**

આ કષાય સમકિતિ જીવોને હોય છે. આ કષાય સ્વાભાવિક રીતે પેદા થયેલો હોતો નથી પણ પુરૂષાર્થ કરીને પેદા કરવાનો હોય છે. તેના કારણે જેમ જેમ આ કષાયની સહાય મળતી જાય તેમ તેમ સમકિતમાં અતિચાર ન લાગે ને નિરતિચાર સંમકિતનું પાલન સારામાં સારી રીતે થાય તેવી જાગૃત અવસ્થા રહે છે. અને સંસારમાં પોતાની શકિત મુજબ ભગવાનની ભકિત- સાધુની વૈયાવ્યય સાધર્મીક ભકિત સારામાં સારી રીતે કરવાનું બળ આપે છે. આના પ્રતાપે જીનેશ્વર ભગવંતોએ જગતમાં પ્રરૂપેલા પદાર્થો એજ સત્ય છે. સંસાર તારક છે. એવી અવિહડ બુધ્ધિ પેદા થાય છે અને અશુભ કર્મોની સ્થિતિ તથા રસ ઘટાડતાં શુભ કર્મોની પુણ્યાનીબંધી પુણ્ય રૂપે સ્થિતિ તથા રસ વધારતાં પોતાના જન્મમરણ રૂપ ભવોની પરંપરા ઓછી કરતો જાય છે. દા.તા. શ્રેણીક મહારાજા તથા અભયકુમાર

**અપ્રત્યાખ્યાનીય અપ્રત્યાખ્યાનીય કષાયનું વર્ણન :-** આ કષાય ચોથા અવિરત સમ્યગ્દ્રષ્ટિ ગુણ સ્થાનકે ઉપશમ-ક્ષયોપશમ કે ક્ષાયિક સમકિતિ જીવોને હોય છે. આ કષાયના કાળમાં જીવોને ચારિત્ર લેવાની ભાવના પેદા થાય છે પોતાની શકિતપણ લાગે છે છતાં પણ પરિણામ પેદા થતો નથી તેના કારણે નાનામાં નાના પચ્ચકખાણ વ્રત નિયમ વગેરેથી શરૂ કરીને કોઈપણ જાતના વ્રત નિયમ પચ્ચકખાણ પેદા થવા દેતો નથી. પણ દેવભકિત- ગુરૂભકિત-સાધર્મિકભકિત પોતાની શકિત મુજબ સારામાં સારી રીતે કરવાનું બળ આપ છે. તથા કોઈપણ જીવો વ્રત નિયમ પચ્ચકખાણ વગેરે ગ્રહણ કરતાં હોય તો તેમનું હૈયું નાચી ઉઠે છે અને શરીરમાં રોમરાજી ખડી થઈ જાય છે. એટલો અત્યંત રાગ સર્વવિરતી પ્રત્યે રહેલો હોય છે. નિકાચીત અવિરતિનો ઉદય લઈને આવેલા હોય તો ચારિત્ર લઈ ન શકે પણ જે કોઈ લેતા હોય તેને સહાય કરે તેના વિઘ્નોને દૂર કરવા પ્રયાસ કરે અને ચારિત્ર અપાવવામાં પ્રેરક બળ પુરૂ પાડે છે. દા.ત. કૃષ્ણ મહારાજા. નેમનાથ ભગવાન જ્યારે દ્વારિકા નગરીના બહારના ભાગમાં સમોસર્યા ત્યારે દેશના સાંભળીને એટલો અત્યંત આનંદ પેદા થયો કે દેશના પૂર્ણ થયા બાદ આખી સભા વચ્ચે ઉભા થઈને ભગવાનને વિનંતી કરી " હે ભગવાન ! સર્વ વિરતિ એજ ખરેખર લેવા જેવી ચીજ છે. પરંતુ મને લેવાના પરિણામ પેદા થતા નથી પણ મારા તાબામાં ગણાતા દેશ નગર ગામો છે તેમાંથી જે કોઈને સર્વ વિરતિની ભાવના થશે તેને જે અંતરાય નડતા હશે તે અંતરાયો દૂર કરીને તેને સર્વ વિરતિ અપાવીશ. એવો અભિગ્રહ ભગવાન પાસે લીધો. (આની સાથે અપ્રત્યાખ્યાનીય અનંતાનુબંધી કષાયનું બળ રહેલું છે.) પોતાના દેશમાં જે કોઈ રૂપવાન કન્યા દેખાય તેના પ્રત્યે મોહ પેદા થતાં પોતાને ગમી જાય તો સૌ પ્રથમ

તેના માતાપિતાને જણાવે અને પોતાની પત્નિ કરવાની અભિલાષા સેવે માતાપિતા ન માને તો બળજબરી કરીને યુધ્ધ કરીને પણ તેને મેળવે. મેળવ્યા પછી સમાચાર જાણે કે ભગવાન પધાર્યા છે તો સૌ પ્રથમ તેને લઈને ભગવાન પાસે જાય દેશના સાંભળ્યા બાદ જેને હજુ હાથ અડાડયો નથી તે પોતાના સ્વામીને વિનંતી કરેકે મારે સંયમનો સ્વીકાર કરવો છે તો તરત જ ત્યાંને ત્યાં રજા આપીને સંયમનો સ્વીકાર કરાવતાં. આ કષાયની સાવધગીરી ન રાખે તો સમકિતની નિર્મળતાને બદલે અતિચાર પણ લગાડી શકે છે.

**અપ્રત્યાખ્યાનીય - પ્રત્યાખ્યાનીય કષાયનું વર્ણન :-**

આ કષાયના કાળમાં રહેલા જીવો ઉપશમ ક્ષયોપશમ કે ક્ષાયીક સમ્યક્દ્રષ્ટિ હોય છે વિરતિનો પરિણામ પેદા થતો નથી દેવભકિત-ગુરૂ વૈયાવચ્ય-સાધર્મિકભક્તિ કરતાં કરતાં વ્રત નિયમના પચ્ચકખાણ વગેરે દેશથી આચરણ કરી શકે છે પણ તે પચ્ચકખાણ વગેરેના પરિણામ પેદા થવા દેતું નથી. વ્રતનિયમ પચ્ચકખાણ લીધા બાદ એટલો બધો વિર્યોલ્લાસ રહેલો હોય છે કે પ્રાણ જાય તો પણ વ્રતાદિનો ભંગ ન થાય તેની સતત કાળજી રાખતો હોય છે. શ્રાવકના ૧૨ વ્રતનો અભ્યાસ કરતાં કરતાં ૧૧ પડિમાનું નિરતિચાર પણે પાલન કરી કરી શકે છે. દા.ત. રાવણ જ્યારે વિદ્યા સાધવા ગયેલા તેમાં કેવળી ભગવંત મળ્યા. તેમની દેશના સાંભળી. દેશના પરિણામ પામી કેવળી ભગવંતને પુછયું' મારૂં મૃત્યુ શેનાથી થશે ? (કોનાથી થશે ?) કેવળી ભગવંતે કહ્યું પરસ્ત્રીથી તારૂં મૃત્યુ થશે તે સાંભળતાની સાથે જ તેને અંતરમાં વિચાર પેદા થયો કે પરસ્ત્રીથી હું મરૂં ? એ વિચારે પોતાના આત્માને ધિક્કારીને કેવળીભગવંત પાસે અભિગ્રહ લીધો કે પરસ્ત્રી જ્યાં સુધી ઈચ્છે નહિં ત્યાં સુધી સ્પર્શ કરવો નહિં. આ નિયમની ટેક ગમે તેટલી ઈચ્છા પેદા થઈ છતાં જાળવી રાખી અને પોતાનો અભિગ્રહ અડગ રીતે એવો પાળ્યો કે જેના પ્રતાપે પોતાના પ્રાણ ખોયા. આવી રીતે અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય જીવો અપ્રત્યાખ્યાનીય અનુંતાનુબંધી કષાયનું બળ મેળવતાં ૧૨ વ્રતને અખંડ રીતે પાલન કરી શકે છે એટલે કે દેશવિરતીની બધી ક્રિયાઓ આ કષાયના ઉદય કાળમાં ચાલુ રહે છે.

**અપ્રત્યાખ્યાનીય સંજ્વલન કષાયનું વર્ણન :-**

આકષાયનો ઉદય અવિરતિ સમ્યક્દ્રષ્ટિ ઉપશમ ક્ષયોપશમ અને ક્ષાયિક સમકિતિ જીવોને હોય છે.

આ અપ્રત્યખ્યીનીય કષાય એવો પાતળો બનાવી દીધો છે કે જેના પ્રતાપે સર્વ વિરતિના પરિણામ પ્રાપ્ત ન થવા છતાં પણ પોતાની શકિતનું બળ વધારતાં સર્વવિરતિની ભાવના એવી તીવ્ર બને છે કે પોતાના ભોગાવલી કર્મ ખપાવવા માટે સર્વવિરતિ લઈને ભોગાવલી ખપાવીશ.સંસારમાં રહીને ભોગવાલી ખપશે નહિં. આવી વિચારધારાની ભાવનાથી સર્વ વિરતિ લઈ ભોગાવલી ખપાવવા માટે તપત્યાગ અને નિરતિચાર રીતે સુંદરપણે સંયમનું પરિપાલન કરતાં કરતાં પોતાના ભોગાવલી કર્મો ખપાવે છે. કેટલીવાર નિકાચિત ભોગાવલી કર્મના ઉદયથી ભોગ વગેરેનાં એટલેકે અવિરતિ જન્ય વિચારો પેદા થાય તો તેને આધીન ન થતાં પોતાના પ્રાણોનો નાશ કરવાના વિચાર સુધી પણ પહોંચે છે અને તેને માટે પ્રયત્ન પણ કરે છે. દા.ત. નંદિષેણ મુનિઃભગવાને ખુદ કહેલું કે તારૂં ભોગાવલી કર્મ બાકી છે. માટે તારા માટે હાલ સંયમ નથી. ત્યારે ભગવાનને કહ્યું કે હે

ભગવાન ? હું એટલો બધો કંટાળી ગયો છું કે અહિં રહીને ભોગાવલી ખંપાવવા બદલ કદાચ વધી જશે, હું ત્યાં રહીને પણ મારા ભોગાવલીને ખપાવીશ જ એ જ્યારે વિનંતી કરી ત્યારે ભગવાન મૌન રહ્યા છે અને નંદિષેણે સંયમનો સ્વીક કર્યો અને તપ ત્યાગ વગેરેમાં મગ્ન બનીને ભોગાવલીને નાશ કરવાનો પ્રય કરતા જાય છે જ્યારે નિકાચિતભોગાવલી ઉદયમાં આવ્યું અને સંસારમાં વેશ્ સાથે રહ્યા તેમાં સંયમના રાગના કારણે અભિગ્રહ કર્યો છે કે જ્યાં સુધી રોજ ૧ ને પ્રતિબોધ ન કરૂં ત્યાં સુધી અન્નપાણીનો ત્યાગ. ૧૨ વર્ષ સુધી રોજ ૧૦ ને પ્રતિબોધ કરી અનેક જીવોને સંયમી બનાવ્યા તે અપ્રત્યાખ્યાનીય સંજ્વલન કષાયની સાથે અપ્રત્યાખ્યાનીય અનંતાનુબંધીનું બળ મળ્યું તેના પ્રતાપે પોતાનું ચારિત્ર મોહનીયકર્મ એટલે કે નિકાચિત ભોગાવલી કર્મ પણ ખપાવી દીધું.

**પ્રત્યાખ્યાનીય કષાયનું વર્ણન :-**

આ કષાયની સ્થિતિ ચાર માસની હોય છે. ૪ માસ બાદ જો કષાય રહે તો અપ્રત્યાખ્યાનીય બની જાય છે. આ કષાયનો ઉદય અંત : કોટાકોટી સાગરોપમની સાતે કર્મની જે સ્થિતિસત્તા હોય છે. તેનાથી સંખ્યાતા પલ્યોપમ જેટલી સ્થિતિ સત્તા ઓછી થાય ત્યારે આ કષાયનો ક્ષયોપશમ ભાવ દેશવિરતિના પરિણામ સાથે વ્રત-નિયમ-પચ્ચકખાણ સુંદર રીતે પાલન કરાવી શકે છે અને અભ્યાસ પાડતાં પાડતાં શ્રાવકના ૧૨ વ્રત અને ૧૧ પડિમા સુધી સુંદર રીતે પાલન કરી શકે છે.

આ કષાયના પણ ૧૬ ભેદ હોય છે.

| | | |
|---|---|---|
| પ્રત્યાખ્યાનીય | અનંતાનુબંધી | ક્રોધ |
| પ્રત્યાખ્યાનીય | અનંતાનુબંધી | માન |
| પ્રત્યાખ્યાનીય | અનંતાનુબંધી | માયા |
| પ્રત્યાખ્યાનીય | અનંતાનુબંધી | લોભ |
| પ્રત્યાખ્યાનીય | અપ્રત્યાખ્યાનીય | ક્રોધ |
| પ્રત્યાખ્યાનીય | અપ્રત્યાખ્યાનીય | માન |
| પ્રત્યાખ્યાનીય | અપ્રત્યાખ્યાનીય | માયા |
| પ્રત્યાખ્યાનીય | અપ્રત્યાખ્યાનીય | લોભ |
| પ્રત્યાખ્યાનીય | પ્રત્યાખ્યાનીય | ક્રોધ |
| પ્રત્યાખ્યાનીય | પ્રત્યાખ્યાનીય | માન |
| પ્રત્યાખ્યાનીય | પ્રત્યાખ્યાનીય | માયા |
| પ્રત્યાખ્યાનીય | પ્રત્યાખ્યાનીય | લોભ |
| પ્રત્યાખ્યાનીય | સંજ્વલન | ક્રોધ |
| પ્રત્યાખ્યાનીય | સંજવલન | માન |
| પ્રત્યાખ્યાનીય | સંજવલન | માયા |
| પ્રત્યાખ્યાનીય | સંજવલન | લોભ |

**પ્રત્યાખ્યાનીય અનંતાનુબંધી કષાયનું વર્ણન :-**

આ કષાયનો ઉદય જીવોને સ્વાભાવિક રીતે પેદા થતો નથી પરંતુ પ્રયત્ન વિશેષથી પુરૂષાર્થ કરીને આ કષાયને પેદા કરે છે તેના કારણે આ કષાય વ્રત નિયમ પચ્ચકખાણ વિગેરે પાળવામાં એવું સામર્થ્ય પેદા કરે છે કે જેના પ્રતાપે વ્રતાદિના ભંગ સમયે ભંગ ન કરતાં પ્રાણનો નાશ કરી શકે છે. તથા વ્રતાદિના ભંગના જેટલા જેટલા સ્થાનો હોય તેનાથી સદા માટે જાગૃત અવસ્થા સતેજ કરતો જાય છે.

**પ્રત્યાખ્યાનીય અપ્રત્યાખ્યાનીય કષાય :-**

આ કષાયના ઉદયકાળમાં રહેલા જીવોને ઉલ્લાસપૂર્વક વ્રતનિયમ પચ્ચકખાણ વિગેરે ગ્રહણ કરેલા હોય તેમાં આગળ વધવાનું સામર્થ્ય પ્રાપ્ત કરવા દેતું નથી. તથા કેટલીક વાર લીધેલા વ્રત નિયમ પચ્ચકખાણ વગેરેમાં ભંગ કરાવી અતિચાર પણ લગાડે છે. શ્રમણ ભગવાન મહાવીરના ૧૧ શ્રાવકમાંથી કુંભાર નામના શ્રાવકે ૧૨ વ્રતગ્રહણ કરેલા હતા પરંતુ તે ગામમાં સાધુઓની અવરજવર રહેતી ન હતી તે કારણે વ્રત-નિયમ લીધા પહેલાં જે સન્યાસીઓનો ભગત હતો તેઓ ગામમાં આવીને ઉપદેશ આપી આને પતિત કરી વ્રત વગેરેમાં ભંગ કરીને અતિચાર લગાડાવતા હતા.

**પ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય કષાય :-**

આ કષાયના ઉદયકાળમાં જીવો વ્રત-નિયમ પચ્ચકષાણની વાતો સાંભળતાં પોતાના વિર્યોલ્લાસ અને સામર્થ્ય પ્રમાણે વ્રતાદિને ગ્રહણ કરે અને ગ્રહણ કર્યા પછી તેને અણિશુદ્ધ રીતે કેમ પળાય તેની સતત જાગૃતિ હોય છે એ વ્રતાદિમાં અતિચાર લાગી ન જાય અને ઉપયોગ પૂર્વક વર્તતાં તેમાં ભંગ ન થઈ જાય તેની સતત કાળજી રાખીને ભંગ સ્થાન તથા અતિચારથી સદા સાવધ હોય છે. આ કષાયના બળથી દેશવિરતિનો પરિણામ તથા શ્રાવકના ૧૨ વ્રત અને ૧૧ પડિમાને અણિશુદ્ધ રીતે નિરતિચાર પણે પાલન કરી શકે છે અને પાલન કરતાં ચારિત્ર મોહનીયના કર્મોને ખપાવી રહેલો હોય છે. દા. ત. સુદર્શન શેઠ (શૂળીનું સિંહાસનં બન્યું તે)

**પ્રત્યાખ્યાનીય સંજવલન કષાય :-**

આ કષાયના ઉદયકાળમાં વર્તતા જીવોને વિર્યોલ્લાસ અને સામર્થ્ય પેદા થતાં વર્તમાનમાં મળેલી સાહયબી સંપત્તિનો ત્યાગ કરીને સર્વવિરતિને ગ્રહણ કરે છે પણ તેને સર્વવિરતિનો પરિણામ પ્રાપ્ત થતો નથી. કારણકે ૭ કર્મોની સ્થિતિ સત્તા સંખ્યાતા પલ્યોપમ જેટલી ઓછી થયેલી હોય છે પણ સંખ્યતા સાગરોપમ જેટલી ઓછી હોતી નથી. નિરતિચારપણે ચારિત્રનું પાલન કરી શકે છે, અને એ પાલન કરતાં પોતાના ચારિત્રમોહનીય કર્મોને ખપાવી રહેલા હોય છે આજીવોને પ્રત્યાખ્યાનીય અનંતાનુબંધી કષાયની સહાય મળતાં તેના ભંગસ્થાન અને અતિચારથી ખૂબ સાવધગીરી પેદા કરાવીને વ્રતનિયમાદિના પચ્ચકખાણને વિષે ઉપયોગમાં સ્થિરતા પ્રાપ્ત કરાવે છે. દા.ત. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના શાસનમાં થયેલા છેલ્લા કેવળી જંબુકુમાર સ્વામીએ શીવકુમારના ભવમાં પોતાના ઘરમાં રહીને સુંદર રીતે ચારિત્રનું પાલન કર્યું. ૧૨ વરસ સુધી ચારિત્રની

પરિપાલના કરી પણ માતાપિતાએ ચારિત્ર લેવા માટેની આજ્ઞા આપી નહિં. કષાય સર્વવિરતિ ગુણને પ્રાપ્ત કરવા દેતું નથી તથા સર્વવિરતિ ગુણ પ્રાપ્ત થ હોય તો તેનો નાશ કરે છે.

**સંજવલન કષાયનું વર્ણન :-**

આ કષાયની સ્થિતિ ૧૫ દિવસની હોય છે. ૧૫ દિવસથી વધુ આ કષ રહેતો પ્રત્યાખ્યાનીય રૂપે ગણાય છે આ કષાય વિતરાગતા ગુણને પ્રાપ્ત કરવા દે નથી અને વિતરાગતા ગુણજો પ્રાપ્ત થયો હોય તો તેનો નાશ કરે છે. આ કષ સર્વવિરતિ ગુણને પ્રાપ્ત કરાવે છે પણ જો જીવ સાવધન ન રહે તો વચમાં વચ કષાયના ઉદયથી જીવને ચારિત્રમાં બળાપો પેદા કરાવે છે આ કષાયના પણ ૧ ભેદ હોય છે.

| | | |
|---|---|---|
| સંજવલન | અનંતાનુબંધી | ક્રોધ |
| સંજવલન | અનંતાનુબંધી | માન |
| સંજવલન | અનંતાનુબંધી | માયા |
| સંજવલન | અનંતાનુબંધી | લોભ |
| સંજવલન | અપ્રત્યાખ્યાનીય | ક્રોધ |
| સંજવલન | અપ્રત્યાખ્યાનીય | માન |
| સંજવલન | અપ્રત્યાખ્યાનીય | માયા |
| સંજવલન | અપ્રત્યાખ્યાનીય | લોભ |
| સંજવલન | પ્રત્યાખ્યાનીય | ક્રોધ |
| સંજવલન | પ્રત્યાખ્યાનીય | માન |
| સંજવલન | પ્રત્યાખ્યાનીય | માયા |
| સંજવલન | પ્રત્યાખ્યાનીય | લોભ |
| સંજવલન | સંજવલન | ક્રોધ |
| સંજવલન | સંજવલન | માન |
| સંજવલન | સંજવલન | માયા |
| સંજવલન | સંજવલન | લોભ |

**સંજવલન અનંતાનુબંધી કષાયનું વર્ણન :-**

શાસનનો ભયંકર ઉદદાહ (અપભ્રાજના) થતો હોય તથા કોઈ રાજવી વિગે સાધુ સાધ્વી ઉપર ભયંકર ક્રુર ઉપદ્રવ કરતો હોય તો જે સાધુઓની શક્તિ હો તેઓને કષાય આવતો ન હોવા છતાં પરાણે બળાત્કારે કષાયને પેદા કરી સંજવલન અનંતાનુબંધી જેવો કષાય પેદા કરે છે અને સાધુઓ શક્તિ છતાં પ આ કષાયને પ્રાપ્ત કરીને શાસનની અપભ્રાજના દૂર ન કરે તો અનંતસંસારી થા છે. જેમ કે વિષ્ણુકુમારે નમુચિ રાજાને સમજાવવા માટે બધી રીતે પ્રયત્ન કર્યા છત ન સમજ્યા તો પોતાની શક્તિનો ઉપયોગ કરીને ત્રણ ડગલા જેટલી જગ્યામાં છ

ખંડનો સમાવેશ કરી દીધો અને સાધુની અપભ્રાજના થતી અટકાવી. એવી જ રીતે બીજો દાખલો કલિકાચાર્ય ગર્દભીલ્લ રાજાને ખૂબ સમજાવવાનો પ્રયત્ન કરવા છતાં ન સમજતાં પોતે પોતાની શક્તિનો ઉપયોગ કરીને રાજાને હરાવીને સાધ્વીઓનું રક્ષણ કર્યું.

જો આમાં સાવધગીરી ન રાખે અને અપ્રશસ્ત કોટીનો કષાયે જો થઈ જાય. તેમાં જો કોઈ બચાવનાર ન મળે તો પોતાનું ભયંકર અકલ્યાણ કરીને અશુભ પ્રકૃતિઓનો બંધ કરે છે. દા. ત. વિશ્વભૂતિ વિશાખાનંદીને જોતાં તેના દ્વારા મશ્કરીથતાં વિશ્વભૂતીનો ગુસ્સો પ્રથમ સંજવલન અનંતાનુબંધી થયો પછી પતિત થઈ પહેલે ગુણસ્થાનકે અનંતાનુબંધી અનંતાનુબંધીના કષાયવાળા થઈ ગયા જે કારણે તેઓ ગાયને આકાશમાં ઉછાળી શક્યા. ઋષભદેવ ભગવાનના પુત્ર બાહુબલીજી સંયમનો સ્વીકાર કર્યા બાદ ભગવાન પાસે જતાં વિચાર આવે છે. કે જો હાલ ભગવાન પાસે જઈશ તો મારાથી નાના પણ સંયમી થયેલા ભાઈઓને વંદન કરવું પડશે માટે જ્યાં સુધી કેવળજ્ઞાન પેદા થાય નહિં ત્યાં સુધી ભગવાન પાસે જવું નહિં આ રીતે મનથી વિચારીને ચારિત્રનું પરિપાલન કરે છે આ વિચાર અપ્રશસ્ત કષાયવાળો કહેવાય છે.

**સંજવલન અપ્રત્યાખ્યાનીય કષાયનું વર્ણન :-**

આ કષાયના ઉદયકાળમાં વર્તતા જીવોને સર્વ સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરી સારી રીતે ચારિત્રનું પાલન કરતાં વચમાં વચમાં આ સંજવલન અપ્રત્યાખ્યાનીય કષાય હોવાથી વ્રત નિયમ પચ્ચકખાણ આદિમાં જેવો વિર્યોલ્લાસનો વેગ મળવો જોઈએ તેવો મળતો નથી. તેના કારણે પોતે પોતાની રીતે શક્તિનું માપ રાખીને વ્રત નિયમાદિ કરતા જાય છે, તેમાં અતિચાર પણ વારંવાર લાગ્યા કરે.

**સંજવલન પ્રત્યાખ્યાનીય કષાય :-**

આ કષાયના ઉદયકાળમાં વર્તતા જીવોને વીર્યોલ્લાસપૂર્વક સર્વવિરતિ પ્રાપ્ત કર્યાબાદ વારંવાર વિશેષ રીતે વ્રત નિયમ પચ્ચકખાણ આદિમાં આગળ વધવા માટે પ્રેરક બળ પ્રાપ્ત થતું જાય છે તથા શક્તિ મુજબ વીર્યોલ્લાસ પૂર્વક તપ નિયમાદિનું પણ અણિશુદ્ધ રીતે પાલન કરે છે. નિરતિચાર પણે ચારિત્ર પાળવાની ભાવના હોવા છતાં આ કષાય તેમાં જોરદાર વેગ પ્રાપ્ત થવા દેતો નથી. આની સાથે સંજવલન અનંતાનુબંધી કષાયનું પ્રેરક બળ મળે તો પ્રાણ કરતાં પણ અધિક પોતાના વ્રતાદિને ટકાવવા પ્રયત્ન કરતો જાય છે. જો તેમાં સંજવલન પ્રત્યાખ્યાનીય અપ્રશસ્ત કોટીનો કષાય પ્રાપ્ત થઈ જાય તો તેના પ્રતાપે નહિં બંધાતી સત્તામાં રહેલી અશુભ પ્રકૃતિઓનો સ્થિતિ-રસ-વધારીને નિકાચીત પણ કરી શકે છે. દા.ત. મલ્લિનાથ ભગવાનના જીવે પૂર્વભવને વિશે તિર્થંકર નામકર્મની નિકાચના કરતાં કરતાં અપ્રશસ્ત કોટીની સંજવલન માયાથી તપ કરીને સત્તામાં રહેલા નહિં બંધાતા સ્ત્રીવેદના દલિકોની સ્થિતિ રસ વધારી નિકાચીત કરી કે જેના કારણે સ્ત્રી તિર્થંકર રૂપે ઉત્પન્ન થવું પડ્યું.

**સંજવલન સંજવલન કષાય :-**

આ કષાયના ઉદયકાળમાં વર્તતા જીવોને સર્વ સાવધ વ્યાપારનો ત્યાગ કર્યાબાદ બારે પ્રકારની અવિરતિનો મન વચન કાયાથી સર્વથા ત્યાગ કર્યા બાદ

નિરતિચારપણે ચારિત્રનું પાલન કરવાનો વીર્યોલ્લાસ પેદા થતા થતા પોતાની શક્તિ મુજબ નિરતિચાર ચારિત્ર સુંદર રીતે પરિપાલન કરે છે. તથા સંજવલન અનંતાનુબંધી કષાયની સહાયથી નિરતિચાર ચારિત્રને દુષણ કરનારા એટલે કે અતિચાર લગાડનારા જેટલા જેટલા ભયસ્થાનો હોય છે. તેનાથી સદા માટે ઉપયોગ પૂર્વક્ જાગૃતિ રાખી સાવધ રહે છે. અને જેમ જેમ આ ચારિત્રનું પાલન સુંદર રીતે પ્રાપ્ત થતું જાય છે તેમ તેમ વિતરાગ ભાવને પેદા કરવાની વિચારણા સારામાં સારી રીતે પ્રાપ્ત થાય છે.

**કષાયના ભેદોને વિષે આયુષ્યબંધનું વર્ણન :-**

અત્રે જે આયુષ્યના બંધની વાત લખાય છે તે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા મનુષ્ય અને તિર્યંચના જીવને આશ્રયી જાણવું.

અનંતાનુબંધી અનંતાનુબંધી કષાયથી આયુષ્યનો બંધ પડે તો નિયમા નરક આયુષ્ય બંધાય છે. તેમાં જઘન્ય દસ હજાર વર્ષથી શરૂ કરીને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ સુધીના વચલા કાળના જેટલા સમયો થાય તેટલા આયુષ્ય બંધના અધ્યવસાય સ્થાનો હોય છે.

અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનીય કષાયથી નિયમા તિર્યંચનું આયુષ્ય બંધાય છે તેમાં જઘન્ય નિગોદનું એટલે કે ૨૫૬ અવલિકાના કાળ જેટલા આયુષ્યથી શરૂ કરીને ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમની વચમાં જેટલા સમયો પ્રાપ્ત થાય તેટલા આયુષ્ય બંધના અધ્યવસાય સ્થાનો હોય છે.

અનંતાનુબંધી પ્રત્યાખ્યાનીય કષાયથી જીવો નિયમા મનુષ્ય આયુષ્ય બાંધે છે તેમાં જઘન્ય આયુષ્ય ૨૫૬ અવલિકાના સમયથી ઉત્કૃષ્ટથી ૩ પલ્યોપમના આયુષ્ય સુધીના સમયોરૂપ આયુષ્ય બંધના અધ્યવસાય સ્થાનો હોય છે.

અનંતાનુબંધી સંજવલન કષાયથી નિયમા દેવ આયુષ્ય બાંધે છે. જઘન્ય ૧૦ હજાર વર્ષના આયુષ્યથી શરૂ કરીને ઉત્કૃષ્ટ ૩૧ સાગરોપમ સુધીના જેટલા સમયો થાય તેટલા આયુષ્યબંધના અધ્યવસાય સ્થાનો હોય છે. ૩૧ સાગરોપમનું આયુષ્ય બાંધવામાં મુખ્ય કારણ નિરતિચાર ચારિત્રનું (વ્યવહારથી) પાલન તથા (વહેવારથી) મોક્ષ પ્રત્યેનો અદ્વેષભાવ ગણાય છે.

અપ્રત્યાખ્યાનીય અનંતાનુબંધી કષાય સમકિતિ જીવોને હોય છે જો આ કષાય અતિચાર લગાડવામાં વેગ આપે તેમ હોય તો ભવનપતિ આદિનું આયુષ્ય બાંધે છે પણ વૈમાનિકનું આયુષ્ય બાંધતો નથી. તથા સમક્તિને નિરતિચાર કરવામાં સહાયભૂત બનતો હોયતો નિયમા વૈમાનિકનું આયુષ્ય બાંધે છે.

અપ્રત્યાખ્યાનીય અપ્રત્યાખ્યાનીય કષાયની વિદ્યમાનતામાં મોટે ભાગે જીવ સાતિચાર સમકિતિ હોય છે તેના કારણે આયુષ્યનો બંધ ભવનપતિ આદિનો પડે છે. પણ વૈમાનિકનું બાંધતો નથી.

અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય તથા સંજવલન કષાયમાં વિદ્યમાન જીવો નિરતિચાર પણે સમક્તિ ટકાવી રાખતા હોવાથી નિયમા વૈમાનિકનું આયુષ્ય બાંધે છે તેમાં જઘન્ય પલ્યોપમ અને ઉત્કૃષ્ટ ૧૨મા દેવલોક સુધીનું ૨૨ સાગરોપમનું આયુષ્ય બાંધી શકે છે.

પ્રત્યાખ્યાનીય અનંતાનુબંધી કષાયના ઉદયકાળમાં મોટે ભાગે સાતિચાર દેશવિરતિ હોય છે તેના કારણે વૈમાનિકના પહેલા દેવલોકનું આયુષ્ય બાંધી શકે છે.

પ્રત્યાખ્યાનીય અપ્રત્યાખ્યાનીય કષાયવાળા જીવોને વૈમાનિકનું આયુષ્ય બંધાય તથા તેમાં શ્રાવકના બારવ્રત આદિના નિયમો ગ્રહણ કરી સારી રીતે પરીપાલન કરી શકે છે.

પ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય તથા સંજવલન કષાયમાં વર્તતા જીવો દેશ વિરતિનું નિરતિચાર પણે પાલન કરે છે તેના કારણે વૈમાનિકનું આયુષ્ય બાંધી શકે છે જઘન્યથી ૧ પલ્યોપમ તથા ઉત્કૃષ્ટથી ૨૨ સાગરોપમ

સંજવલન અનંતાનુબંધી કષાય સાતિચાર ચારિત્રમાં વેગ આપે તો વૈમાનિકનું કિલ્બીષીયા આદિ દેવોનું આયુષ્ય બાંધે છે તથા નિરતિચાર ચારિત્રને વિષે વેગ આપે એવો કષાય હોય તો જઘન્યથી ૧ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમનું આયુષ્ય બાંધી શકે છે.

સંજવલન અપ્રત્યાખ્યાનીય કષાયમાં વર્તતા જીવોને મોટે ભાગે અતિચાર ચારિત્ર હોય છે તેના કારણે વૈમાનિકનું તેમાં પણ કિલ્બીષીયાનું આયુષ્ય બાંધી શકે છે.

સંજવલન પ્રત્યાખ્યાનીય કષાયવાળા જીવોવૈમાનિકનું આયુષ્ય બાંધે છે તેમાં જઘન્યથી ૧ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી ૨૨ સાગરોપમ સુધીનું પ્રાયઃ બાંધે છે.

સંજવલન સંજવલન કષાયવાળા જીવો નિયમા દેવલોકનું આયુષ્ય બાંધે છે. જઘન્યથી ૧ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમનું આયુષ્ય બાંધી શકે છે.

## આ રીતે ૧૬ કષાયના ૬૪ ભેદોનું વર્ણન

## સમાપ્ત

**નો કષાય :-** તેના ૯ ભેદ છે. (૧) હાસ્ય (૨) રતિ (૩) અરતિ (૪) શોક (૫) ભય (૬) જુગુપ્સા (૭) પુરુષવેદ (૮) સ્ત્રીવેદ (૯) નપુંસકવેદ

**(૧) હાસ્ય મોહનીય :-** કારણથી કે કારણ વગર એટલે કે નિમિત્તથી કે નિમિત્ત વગર જીવને હસવું પેદા થાય તે હાસ્ય મોહનીય કર્મ કહેલ છે.

**(૨) રતિ મોહનીય :-** રતિ એટલે પ્રિતિ અનુરાગ અથવા ખુશાલી. નિમિત્તથી કે નિમિત્ત વગર જીવને અંતરમાં જે ખુશાલી પેદા થાય તે રતિ મોહનીય કહેવાય છે.

**(૩) અરતિ મોહનીય :-** અપ્રિતિ અથવા ઉદ્વેગ નિમિત્તથી કે નિમિત્ત વિના જીવને અંતરમાં ઉદ્વેગ પેદા થાય તે અરતિ મોહનીય કર્મ કહેવાય છે.

**(૪) શોક મોહનીય :-** દિલગીરી, આક્રંદ અથવા દીર્ઘ નિસાસા નાંખવા તે નિમિત્તથી કે નિમિત્ત વિના જીવને અંતરમાં દિલગીરી કે આક્રંદ પેદા થાય તે શોક મોહનિય કહેવાય છે.

**(૫) ભય મોહનીય :-** ભય એટલે ફફડાટ બીક વિગેરે. નિમિત્તથી કે નિમિત્ત વગર જીવને અંતરમાં બીક લાગ્યા કરવી એ ભય મોહનીય કર્મ કહેવાય છે તેના સાત ભેદ છે. (૧) ઈહલોક ભય :- સજાતિય મનુષ્યાદિને સજાતિય અન્ય મનુષ્યાદિથી જે ભય પેદા થાય (બીક-ડર-ધાસ્તિ-દહેશત-થાક-ચિંતા-ફિકર-કાળજી) તે ઈહલોક ભય કહેવાય છે. (૨) પરલોક ભય :- વિજાતિય, તિર્યંચ, દેવ વગેરે અન્ય જાતિ તરફથી મનુષ્ય આદિને જે ભય ભેદા થાય તે (૩) આદાન ભય :- ધન-માલ વગેરે રૂપ આદાનને (સાચવવા) માટે ચોર વિગેરેથી, મનુષ્યનો ભય અથવા ચોરી, લુંટફાટ, વગેરેનો જે ભય તે આદાન ભય છે. (૪) અકસ્માત ભય :- નિમિત્ત વગર ઘર વગેરેમાં રહેલા ને રાત્રિના અંધકાર વિગેરેમાં જે ભય અથવા પ્રલય આદિનો ભયતે. (૫) આજીવિકા ભય :- આજીવિકા એટલે નિર્વાહનું સાધન (ગુજરાન) જ્યારે બીજા દ્વારા અટકાવાય કે રોકાય ત્યારે થતો જે ભય અથવા નિર્વાહના સાધનો તૂટી કે ચાલ્યા જવાનો જે ભય તે આજીવિકા ભય કહેવાય છે: (૬) મરણભય :- પ્રાણ વિયોગરૂપ મરણ એટલે મરવાનોજે ભય તે મરણભય. (૭) અપયશ (આશ્લાઘા) ભય :- આમ થશેતો મોટો અપયશ યશે એવા ભયથી પ્રાણી પ્રવૃત્તિ કરતો અટકી જાય છે અર્થાત્ યશકિર્તી ચાલી જવાનો અને અપકિર્તી થવાનો જે ભય રહ્યા કરે છે તે અપયશ ભય કહેવાય છે.

**(૬) જુગુપ્સા મોહનીય :-** નિમિત્તથી કે નિમિત્ત વગર બિભત્સ પદાર્થો જોવાથી કે યાદ આવવાથી મુખ બગાડવું નાક મચકોડવું તે જુગુપ્સા મોહનીય કર્મ કહેવાય છે.

આ છએ પ્રકારના નોકષાય મોહનીય કર્મના ભેદની ઠાણાંગ સૂત્રને વિષે ૪ પ્રકારે ઉત્પત્તિ કહેલી છે. (૧) દર્શનથી (૨) ભાષણથી (૩) શ્રવણથી આ ત્રણ બાહ્ય કારણ છે અને ૪થું સ્મરણથી આ અભ્યંતર કારણ છે.

**(૭) પુરુષવેદ :** સ્ત્રીને સેવવાનો અભિલાષ તે પુરુષવેદ કહેવાય છે, આ વેદનો ઉદય ઘાસના અગ્નિ જેવો છે. ઘાસના અગ્નિથી ભડકો જલદી થાય અને જલ્દી ઓલવાઈ પણ જાય છે.

**(૮) સ્ત્રીવેદ :-** પૂરુષને સેવવાનો અભિલાષ તે સ્ત્રી વેદ કહેવાય છે આ વેદ

બકરીની લીંડીના અગ્નિ જેવો હોય છે. જેમ જેમ એ અગ્નિ ફેરવવામાં આવે તેમ તેમ અગ્નિ વધે છે તથા પિત્તના પ્રકોપથી મિષ્ટાન્ન ખાવાની ઈચ્છા થાય તેની જેમ આ વેદ જાણવો.

**(૯) નપુંસક વેદ :-** પુરુષ અને સ્ત્રી બન્નેને સેવવાનો અભિલાષ તે નપુંસકવેદ કહેવાય છે. આને નગર દાહ જેવો ગણેલ છે જેમ નગરનો દાહ ઓલવી શકાતો નથી તેમ આ વેદનો ઉદય પણ શમાવી શકાતો નથી.

**આયુષ્ય કર્મ :-** આઠ કર્મોની અંદર આ કર્મની વિશેષતા એ છે કે આખા ભવની અંદર એક જ વાર એક અંતરમૂહૂર્ત સુધી જ બંધાય છે અને તેનો ઉદય જે ભવનું આયુષ્ય ચાલતું હોય તે ભવનું આયુષ્ય ભોગવતા પૂર્ણ થાય તેજ સમયે આ બંધાયેલા આયુષ્યનો ઉદય થાય છે. જ્યારે બાકીના કર્મો આ ભવમાં બાંધેલા હોય તો તે આ ભવમાં પણ ઉદયમાં આવે છે. આવતા ભવે પણ ઉદયમાં આવે છે તથા સંખ્યાતા અસંખ્યાતા ભવો પછી પણ ઉદયમાં આવી શકે છે અને આખા ભવમાં આયુષ્ય કર્મ જ્યારે બંધાતું હોય ત્યારે એક અંતરમૂહૂર્ત કાળ સુધી આઠે કર્મનો બંધ થાય છે. બાકીના કાળમાં સમયે સમયે ૭ કર્મોનો બંધ ચાલુ જ હોય છે.

આ આયુષ્ય કર્મનો બંધ બે પ્રકારે પડે છે. (૧) અનપવર્તનીય (૨) અપવર્તનીય

**(૧) અનપવર્તનીય :-** આ આયુષ્યના ઉદય કાળમાં ગમે તેટલી ઘાતો આવે અને લાગે કે હવે જીવ બચી શકે તેમ નથી પણ જો જીવનું આયુષ્ય સંપૂર્ણ પૂર્ણ થવાનું હોય તો મરણ પામે નહિતર આ જીવ જીવી જાય છે. આ આયુષ્ય ૬૩ શલાકા પુરુષ જીવોને, નારકી તથા દેવોને, યુગલીક મનુષ્યો તથા યુગલીક તિર્યંચોને, નિયમા હોય છે. બાકીના જીવોને હોય પણ ખરૂં અને ન પણ હોય.

**(૨) અપવર્તનીય :-** આ આયુષ્યના ઉદયકાળમાં મરણાંત કષ્ટ પડતાં કે કોઈપણ જાતની ઘાત વિગેરે આવતાં બંધાયેલા આયુષ્યને જેટલા કાળ સુધી ઉદયમાં ભોગવવા લાયક તરીકે બાંધેલું હતું. તેટલા કાળ સુધી સંપૂર્ણ ભોગવવા દે નહિં પણ ઘાત વખતે છેલ્લા અંતરમુહૂર્તે એક સાથે આયુષ્યના દલિકોનો ભોગવટો કરીને નાશ કરી નાંખે છે આ આયુષ્યના ઉદયવાળા સ્થાવરના જીવો, વિકલેંન્દ્રિયના જીવો, સંમુચ્છિંમ પંચેન્દ્રિય તિર્યંચ, સંમુચ્છિંમ મનુષ્યો, સંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચ તથા મનુષ્યો હોઈ શકે છે અપવાદ (મતાંતરે) યુગલિક મનુષ્ય અને તિર્યંચોમાં કોક જીવને હોય છે.

આ ઉપક્રમ ૭ પ્રકારે લાગે છે. (૧), અધ્યવસાયથી (ગાઢ રાગના અધ્યવસાયથી, કોઈની સાથેના સ્નેહના અધ્યવસાયથી તથા ભયના અધ્યવસાયથી) (૨) નિમિત્ત :- વિષના નિમિત્તથી, શસ્ત્ર, અગ્નિ, જલાદિ વગેરે (૩) વેદના :- શૂળ ઉપડે, સખત વેદના થાય એટલે (૪) પરાઘાત : જોરદાર આઘાતલાગવાથી (૫) આહાર :- અધિક ખાવાથી (૬) સ્પર્શ : સ્પર્શ કરવાથી એટલે કે કોઈપણ પદાર્થને સ્પર્શ કરતાં તેમાં રહેલું વિષે ચડતાં માણસ ખલાસ થઈ જાય જેમ કે વિષકન્યા. (૭) શ્વાસોશ્વાસ :- જોરદાર ચાલવાથી અથવા એકદમ રોકાઈ જવાથી મૃત્યુ થાય છે.

દેવતા, નારકી, યુગલિક તિર્યંચો, તથા યુગલિક મનુષ્યો પોતાનું ૬ માસ જેટલું આયૂષ્ય બાકી રહે ત્યારે આયુષ્યનો બંધ કરે છે બાકીના જીવો પોતાના આયુષ્યના

૩જે ભાગે અથવા ૯મે ભાગે, ૨૭મા ભાગે, ૮૧મા ભાગે, ૨૪૩ મા ભાગે, યાવત્ છેલ્લા અંતરમૂહૂર્તે પરભવનું આયુષ્ય બાંધે છે. (મતાંતરે- કેટલાક આચાર્યો યુગલિકોને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું આયુષ્ય બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બંધાય છે તેમ કહે છે તથા દેવતાને નારકી છેલ્લા અંતરમૂહૂર્તે આયુષ્ય બાંધે છે. એમ કહે છે આ વાત સેન પ્રશ્નમાં આવે છે.)

આયુષ્ય કર્મના ૪ પ્રકાર છે.

(૧) નરકાયુષ્ય (૨) તિર્યંચાયુષ્ય (૩)મનુષ્યાયુષ્ય (૪) દેવાયુષ્ય

**(૧) નરકાયુષ્ય :-** મનુંષ્ય અને તિંર્યયને પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં બંધાયેલા નરકાયુષ્યનો આ ક્ષેત્રને વિષે ઉદયથતાં જીવને ખેંચીને નરકક્ષેત્ર તરફ લઈ જાય અને ત્યાં પોતાના આયુષ્ય પ્રમાણે જીવને પકડાઈ રહેવું પડે તે નરકાયુષ્ય કહેવાય છે.

**(૨) તિર્યંચાયુષ્ય :** જે જે ગતિમાંથી જીવોને તે તે ભવનું આયુષ્ય પૂર્ણ થતાં તિર્યંચ આયુષ્યનો ઉદય થાય. જે ક્ષેત્ર તરફનું આયુષ્ય ઉદયમાં આવેલું હોય તે ક્ષેત્ર તરફ જીવને લઈ જાય તે તિંર્યય આયુષ્ય કહેવાય છે.

**(૩) મનુષ્યાયુષ્ય :-** જે જે ગતિમાં રહેલા જીવો પોતપોતાનું આયુષ્ય પૂર્ણ થતાં તે તે ક્ષેત્રમાં મનુષ્યનો ઉદય થતાં જીવને મનુષ્યગતિના ક્ષેત્ર તરફ લાવીને મનુષ્યગતિમાં જકડી રાખે તે મનુષ્યાયુષ્ય કહેવાય છે.

**(૪) દેવાયુષ્ય :-** મનુષ્ય અને તિર્યંયોને પોતાનું ભોગવાતું આયુષ્ય પૂર્ણ થતાં દેવાયુષ્યનો ઉદય થાય અને દેવગતિના ક્ષેત્ર તરફ જીવને લઈ જઈને તે ગતિમાં જેટલું આયુષ્ય હોય તેટલા કાળ સુધી જકડી રાખે તે દેવાયુષ્ય કહેવાય છે.

**નામ કર્મ :-** આ કર્મ વિચિત્ર પ્રકારનું હોય છે. અને જુદા જુદા અનેક વિચિત્ર પ્રકારના અધ્યવસાયોથી જીવો નામકર્મ ઉપાર્જન કરે છે. તેના મુખ્ય બે ભેદ છે. શુભ નામકર્મ-અશુભ નામકર્મ :-

શુભનામકર્મના મુખ્ય ૩ ભેદ (૧) પિંડ પ્રકૃતિ (૨) પ્રત્યેક પ્રકૃતિ (૩) ત્રસ દશક પ્રકૃતિઓ

અશુભંનામકર્મના મુખ્ય ૩ ભેદ છે (૧) પિંડ પ્રકૃતિ (૨) પ્રત્યેક પ્રકૃતિ (૩) સ્થાવર દશક પ્રકૃતિઓ

નામકર્મના ૪૨ ભેદની અપેક્ષાએ શુભનામ કર્મના ૩ ભેદના ૩૧ પેટાભેદ થાય છે.

પીંડ પ્રકૃતિના ૧૪ ભેદ (૧) ગતિ (૨) જાતિ (૩) શરીર (૪) અંગોપાંગ (૫) બંધન (૬) સંઘાતન (૭) સંઘયણ (૮) સંસ્થાન (૯) વર્ણ (૧૦) ગંધ (૧૧) રસ (૧૨) સ્પર્શ (૧૩) આનુપૂર્વિ (૧૪) વિહાયોગતિ

પ્રત્યેક પ્રકૃતીના ૭ ભેદ : પરાઘાત-ઉચ્છવાસ-આતપ-ઉદ્યોત-અગુરુલઘુ-જિનનામ-નિર્માણ

ત્રસ દસકના ૧૦ ભેદ (૧) ત્રસ (૨) બાદર (૩) પ્રર્યાપ્ત (૪) પ્રત્યેક (૫) સ્થિર (૬) શુભ (૭) શુભગ (૮) સુસ્વર (૯) આદેય અને (૧૦) યશ

૧૪ + ૭ + ૧૦ = ૩૧ ભેદ થાય છે.

અશુભ નામ કર્મના ૨૧ ભેદ થાય છે.

પિંડ પ્રકૃતિના ૧૦ ભેદ (૧) ગતિ (૨) જાતિ (૩) સંઘયણ (૪) સંસ્થાન (૫) વર્ણ (૬) ગંધ (૭) રસ (૮) સ્પર્શ (૯) આનુપૂર્વી (૧૦) વિહાયોગતિ

પ્રત્યેક (૧) ઉપઘાત.

સ્થાવર દશકના ૧૦ ભેદ (૧) સ્થાવર (૨) સુક્ષ્મ (૩) સાધારણ (૪) અપર્યાપ્ત (૫) અસ્થિર (૬) અશુભ (૭) દુર્ભગ (૮) દુસ્વર (૯) અનાદેય (૧૦) અયશ

૧૦ + ૧ + ૧૦ = ૨૧ ભેદ થાય છે.

૩૧ + ૨૧ = ૫૨ ભેદ થાય છે. આમાં પિંડ પ્રકૃતિના ૧૦ ભેદોનાં નામ

એક સરખા હોવાથી ૫૨ માંથી ૧૦ બાદ કરતાં નામ કર્મના ૪૨ ભેદ થાય છે.

**નામ કર્મના ૧૦૩ ભેદોનું વર્ણન** :- શુભ નામ કર્મના પિંડપ્રકૃતિના ૪૭ + પ્રત્યેકના ૭ + ૧૦ ત્રસ દશકના = ૬૪ ભેદ

પિંડ પ્રકૃતિના ૪૭ ભેદ :-

(૧) ગતિ-૨ મનુષ્યગતિ-દેવગતિ

(૨) જાતિ- મનુષ્યજાતિ

(૩) શરીર - ઔદારિક-વૈક્રિય-આહારક તૈજસ-કાર્મણ

(૪) ઔદારિક-વૈક્રિય-આહારક અંગોપાંગ

(૫) બંધન ૧૫ ઔદારિક ઔદારિક બંધન-ઔદારિક તૈજસ બંધન-ઔદારિક કાર્મણ બંધન-ઔદારિક તેજસ કર્મણ બંધન-વૈક્રિય વૈક્રિય બંધન-વૈક્રિય તેજસ બંધન- વૈક્રિય કાર્મણ બંધન-વૈક્રિય તેજસ કાર્મણ બંધન-આહારક આહારક બંધન-આહારક તૈજસ બંધન (૧૧) આહારક કાર્મણ બંધન (૧૨) આહારક તૈજસ કાર્મણ બેધન (૧૩) તૈજસ તૈજસ બંધન (૧૪) તૈજસ કાર્મણ બંધન (૧૫) કાર્મણ કાર્મણ બંધન

(૬) સંઘાતન : ૫ ઔદારિક-વૈક્રિય-આહારક-તૈજસ-કાર્મણ

(૭) સંઘયણ ૧ વજ્રઋષભનારાચ સંઘયણ

(૮) સંસ્થાન ૧ સમચતુરસ્ત્ર સંસ્થાન

(૯) વર્ણ : ૩ લાલ-પીળો સફેદ

(૧૦) ગંધ-૧ સુગંધ

(૧૧) રસ-૩ તુરો-ખાટો-મીઠો

(૧૨) સ્પર્શ ૪ લઘુ, ઉષ્ણ, સ્નિગ્ધ, મૃદુ

(૧૩) આનુપૂર્વિ ૨ મનુષ્યાનુપૂર્વી- દેવાનુપૂર્વી

(૧૪) વિહાયોગતિ : શુભ વિહાયોગતિ

૨ + ૧ + ૫ + ૩ + ૧૫ + ૫ + ૧ + ૧ + ૩ + ૧ + ૩ + ૪ + ૨ + ૧ = ૪૭ ભેદ થાય છે + ૭ પ્રત્યેકના + ૧૦ ત્રસ દશક = ૬૪ શુભનામ કર્મના - ભેદ થાય.

**અશુભ નામકર્મના ૩૯ ભેદ :-**

પિંડ પ્રકૃતિના ૨૮ ભેદ

(૧) ગતિ ૨ નરકગતિ-તિર્યંચગતિ

(૨) ૧-૨-૩-૪ જાતિ

(૩) સંઘયણ ૫ : ઋષભનારાચ સંઘયણ-નારાચ-સંઘયણ- અર્ધનારાચ સંઘયણ કિલીકા સંઘયણ સેવાર્ત (છેવટું) સંઘયણ

(૪) સંસ્થાન-૫ ન્યગ્રોધ-સાદિ-કુબ્જ-વામન-હુંડક

(૫) વર્ણ ૨ કાળો-લીલો

(૬) ગંધ-૧ દુર્ગંધ

(૭) રસ-૨ તીખો-કડવો

(૮) સ્પર્શ ૪ ગુરૂ-શીત-રૂક્ષ-કર્કશ

(૯) આનૂપૂર્વી-૨ નરકાનુપૂર્વિ-તિર્યંચાનુપૂર્વિ

(૧૦) વિહાયોગતિ-૧ અશુભવિહાયોગતિ

પિંડ પ્રકૃતિ ૨૮ + પ્રત્યેક-૧ + સ્થાવર દશક ૧૦ = ૩૯

કુલ ૬૪ + ૩૯ = ૧૦૩ ભેદ નામકર્મના થાય છે.

**નામ કર્મના ૯૩ ભેદનું વર્ણન**

શુભ નામકર્મના પિંડપ્રકૃતિના ૩૭ ભેદ :-૨ ગતિ-૧ જાતિ-૫ શરિર -૩ અંગોપાંગ ૫ બંધન ૫ સંઘાતન ૧ સંઘયણ-૧ સંસ્થાન-૩ વર્ણ-૧ગંધ-૩ રસ-૪ સ્પર્શ-૨ આનુપૂર્વિ - શુભવિહાયોગતિ = ૩૭ + પ્રત્યેકના-૭ + ત્રસના ૧૦ = ૫૪

અશુભ નામકર્મના પિંડપ્રકૃતિનાં ૨૮ ભેદ + પ્રત્યેકના -૧ ભેદ + સ્થાવર દશકના-૧૦ = ૩૯ ૫૪ + ૩૯ = ૯૩

**નામકર્મના ૬૭ ભેદનું વર્ણન**

શુભનામ કર્મના ૩૭

પિંડ પ્રકૃતિ ૨૦ :- ૨ ગતિ -૧ જાતિ ૫ શરિર ૩ અંગોપાંગ ૧ સંઘયણ ૧ સંસ્થાન ૪- વર્ણાદિ ૨ આનૂપૂર્વિ ૧ વિહાયોગતિ = ૨૦

| | |
|---|---|
| પ્રત્યેક | ૭ |
| ત્રસ | ૧૦ |
| કુલ | ૩૭ |

અશુભ નામકર્મના ૩૪

પિંડ પ્રકૃતિ ૨૩ :- ૨ ગતિ, ૪ જાતિ, ૫ સંઘયણ, ૫ સંસ્થાન, ૪ વર્ણાદિ, ૨ આનુપૂર્વિ, ૧ વિહાયોગતિ ૨૩

| | |
|---|---|
| પ્રત્યેક | ૧ |
| સ્થાવર | ૧૦ |
| કુલ | ૩૪ |

૩૭ + ૩૪ = ૭૧

શુભ નામકર્મ તથા અશુભનામકર્મ બન્નેમાં વર્ણાદિ ૪ એક સરખા હોવાથી ૪ બાદ કરતાં ૬૭ ભેદ થાય છે.

નામ કર્મના ૧૦૩ ભેદ

પિંડ પ્રકૃતિ-૭૫ + પ્રત્યેક-૮ + ત્રસ-૧૦ + સ્થાવર-૧૦ = ૧૦૩

પિંડ પ્રકૃતિ ૭૫ = ૪ ગતિ - ૫ જાતિ- ૫ શરીર-૩ અંગોપાંગ-૧૫ બંધન-૫ સંઘાતન-૬ સંઘયણ-૬ સંસ્થાન-૫ વર્ણ-૨ ગંધ-૫ રસ-૮ સ્પર્શ-૪ આનુપૂર્વિ-૨ વિહાયોગતિ

પ્રત્યેકના ૮ :- પરાઘાત-ઉચ્છ્વાસ-આતપ-ઉદ્યોત-અગુરૂલઘુ જિનનામ-નિર્માણ-ઉપઘાત

ત્રશ દશક - ત્રસ- બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-સુભગ- સુસ્વર- આદેય-યશ

સ્થાવર દશક-સ્થાવર-સુક્ષ્મ-અપર્યાપ્ત-સાધારણ-અસ્થિર-અશુભ-દુર્ભગ-દુસ્વર-અનાદેય-અયશ

નામ કર્મના ૯૩ ભેદ-પિંડ પ્રકૃતિ-પ્રત્યેક-ત્રસ-સ્થાવર

૬૫ + ૮ + ૧૦ + ૧૦ = ૯૩

પિંડ પ્રકૃતિઃ-૪ ગતિ, ૫ જાતિ, ૫ શરીર, ૩ અંગોપાંગ, ૫ બંધન, ૫ સંઘાતન, ૬ સંઘયણ, ૬ સંસ્થાન, ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ, ૪ આનુપૂર્વિ, ૨ વિહાયોગતિ = ૬૫

**નિયમ :** ૧ આ નામકર્મના ૧૦૩ ભેદ સત્તા પ્રકૃતિઓના વર્ણનમાં ઉપયોગી થાય છે જે પાંચમા કર્મગ્રંથમાં જણાવાશે.

**નિયમ :** ૨ નામની ૯૩ પ્રકૃતિઓ સત્તા પ્રકરણના વર્ણનમાં ઉપયોગી બને છે જેનું વર્ણન બીજા કર્મગ્રંથને વિષે સત્તા પ્રકૃતિઓના વર્ણનમાં જણાવાશે.

નામ કર્મના ૬૭ ભેદ :- પિંડ પ્રકૃતિ, પ્રત્યેક, ત્રસ, સ્થાવર

૩૯ + ૮ + ૧૦ + ૧૦ = ૬૭

પિંડ પ્રકૃતિ : ૩૯ : ૪ ગતિ, ૫ જાતિ, ૫ શરિર, ૩ અંગોપાંગ, ૬ સંઘયણ, ૬ સંસ્થાન, ૪ વર્ણાદિ ૪ આનુપૂર્વિ, ૨ વિહાયોગતિ = ૩૯

પ્રત્યેક ૮ : પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, અગુરુલઘુ, જીનનામ, નિર્માણ, ઉપઘાત.

ત્રસ દશક : ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, શુભગ, સુસ્વર, આદેય, યશ.

સ્થાવર દશક : સ્થાવર, સુક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ,

દુસ્વર, અનાદેય, અયશ.

**નિયમ :** ૧ નામકર્મની ૬૭ પ્રકૃતિઓ બીજા કર્મ ગ્રંથને વિષે તથા આગળના દરેક કર્મગ્રંથને વિષે બંધ ઉદય ઉદીરણામાં ઉપયોગી બને છે.

પિંડ પ્રકૃતિ : જે પ્રકૃતિઓના મૂળભેદ વિષે અવાંતર બીજા ભેદો રહેલા હોય છે તે પિંડ પ્રકૃતિ કહેવાય છે.

પ્રત્યેક પ્રકૃતિ :- જે પ્રકૃતિઓના મૂળ ભેદને વિષે અવાંતર ભેદો હોતા નથી એ પ્રકૃતિઓને પ્રત્યેક પ્રકૃતિ કહેવાય છે.

ત્રસ દશક :- ત્રસ નામ કર્મના પદથી શરૂ થતી ૧૦ પ્રકૃતિઓની સંજ્ઞાને ત્રસ દશક કહેવાય છે.

સ્થાવર દશક :- સ્થાવર નામકર્મ પ્રકૃતિથી શરૂ થતી ૧૦ પ્રકૃતિઓના સમુદાયને સ્થાવર દશક સંજ્ઞા કહેવાય છે.

(૧) નરકગતિ : જ્યાં સઘળી અશુભ પ્રકૃતિઓના મોટે ભાગે ઉદય હોય છે. તે નરકગતિ કહેવાય છે. જે જીવો તિર્થંકર નામકર્મ નિકાચિત કરીને નરકગતિમાં ગયેલા હોય છે તેઓને શુભ પુદ્ગલનો આહાર હોય છે.

(૨) તિર્યંચગતિ :- જીવને તિર્ચ્છું લઈ જાય-તિર્ચ્છું ચલાવે અને તિર્ચ્છાલોકને વિષે મોટે ભાગે ઉત્પન્ન કરે તેને તિર્યંચ ગતિનામ કર્મ કહેવાય છે.

(૩) મનુષ્યગતિ :- જીવોને મોટે ભાગે સામાન્ય રીતે શુભ પ્રકૃતિઓનો ઉદય પેદા કરાવે તે મનુષ્યગતિ કહેવાય છે.

(૪) દેવગતિ :- જીવોને જ્યાં સઘળી શુભ પ્રકૃતિનો ઉદય પેદા કરાવીને દેવગતિની અવસ્થાને પ્રાપ્ત કરાવનાર કર્મતે દેવગતિ નામકર્મ કહેવાય છે.

**અવ્યભિચાર** :- નિર્દોષ સરખાપણા વડે એક કરાયેલ વસ્તુસ્વરુપ જે એકેંદ્રિયાદિ શબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત એકેન્દ્રિયાદિ જીવોમાં સમાન પરિણામની પર્યાપ્તિ તે જાતિ કહેવાય છે.

બાહ્ય ઈંદ્રિયો, (દ્રવ્યઈંદ્રિય) અંગોપાંગ નામ કર્મઅને ઈંદ્રિય પર્યાપ્તિના ઉદયથી થાય છે અને ભાવેંદ્રિયો મતિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી પેદા થાય છે.

(૫) એકેંદ્રિયજાતિ :- જે જીવોને ૧ સ્પર્શેન્દ્રિયનો ક્ષયોપશમ ભાવ પેદા થયેલો હોય તે જીવોને એકેન્દ્રિય જાતિ નામકર્મવાળા કહેવાય છે.

(૬) બેઈંદ્રિયજાતિ : જેને સ્પર્શ અને રસનેન્દ્રિય આ બે ઈંદ્રિય હોય્ર તે જીવો બેઈંદ્રિયજાતિ નામકર્મવાળા કહેવાય.

(૭) તેઈંદ્રિય જાતિ : જેને સ્પર્શના-રસના-ઘ્રાણેંદ્રિય એમ ૩ ઈંદ્રિય હોય તેઓને તેઈંદ્રિય જાતિનામકર્મવાળા કહેવાય છે.

(૮) ચઉરિંદ્રિય : જે જીવોને સ્પર્શના-રસના-ઘ્રાણ અને ચક્ષુરિંદ્રિય આ ચાર ઈંદ્રિયો હોય તેઓને ચઉરિંદ્રિય જાતિ વાળા જીવ કહેવાય છે.

(૯) પંચેંદ્રિયજાતિ :- જે જીવોને સ્પર્શ-રસ-ઘ્રાણ-ચક્ષુ- શ્રોતેંદ્રિય હોય છે તેઓને પંચેંદ્રિય જાતિ નામકર્મવાળા જીવ કહેવાય છે.

**શરીરના ૫ ભેદ :** સુખ દુઃખના ઉપભોગનું સાધન તે શરીર

**(૧૦) ઔદારિક શરીર :-** જિનેશ્વરના શરીરદિની અપેક્ષાએ મનોહર પુદ્ગલોનું બનેલું સર્વોત્તમ શરીર ધર્મ-અધર્મ ઉપાર્જન કરવા સુખ-દુઃખનો અનુભવ કરવા તેમજ કેવળજ્ઞાન પ્રાપ્તિ માટે, મોક્ષની પ્રાપ્તિ માટે આ શરીરનું પ્રયોજન હોય છે.

જગતમાં રહેલા ઔદારિક વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી તે ઔદારિક રૂપે પરિણામ પમાડીને વિસર્જન કરવાની જે શક્તિ તે ઔદારિક શરીરનામકર્મ કહેવાય છે.

**(૧૧) વૈક્રિય શરિર :-** નાનાવિધ અનેક પ્રકારની વિશિષ્ટ ક્રિયા કરી શકે તે વૈક્રિય કહેવાય છે નાના મોટા, દ્રશ્ય અદ્રશ્ય, ભૂમિ પરથી આકાશમાં અને આકાશમાંથી ભૂમિપર સંચરી શકે તે વૈક્રિય શરીર.

જગતમાં રહેલા વૈક્રિય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણકરીને વૈક્રિયરુપે પરિણામ પમાડી વિસર્જન કરવાની જે શક્તિ તે વૈક્રિય નામકર્મ કહેવાય છે.

**(૧૨) આહારક શરીર :-** આ શરીર ૧૪ પૂર્વધર મહાત્માઓ લબ્ધિઓને પ્રાપ્ત કર્યા પછી પ્રમાદને વશ થઈ તિર્થંકરની રિદ્ધિ સિદ્ધિ જોવાની ઈચ્છાથી અથવા ૧૪ પૂર્વના પાઠને વિષે કોઈ શંકા વગેરે પેદા થાય તો તેના સમાધાન માટે આશરીર બનાવી ને તિર્થંકર પાસે મોકલે છે અને સમાધાન લઈને તરતજ પાછું આવે ત્યારે તેનું વિસર્જન કરે છે. જગતમાં રહેલા આહારક પુદ્ગલોને ગ્રહણ કરીને આહારક રુપે પરિણામ પમાડી વિસર્જન કરવાની જે શક્તિ તે આહારક શરીર નામકર્મ કહેવાય છે.

**(૧૩) તૈજસ શરિર :** ઉષ્ણતાવાળું કાર્મણની સાથે અનુગામિ આહાર પચાવવામાં સમર્થ તથા તપશ્ચર્યાદિથી તેજોલેશ્યા અને શીતલેશ્યા એમ બન્ને લબ્ધિ પ્રાપ્ત થવામાં નિમિત્ત ભૂત થનારું આ તૈજસ શરીર હોય છે. જગતમાં રહેલા તૈજસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને તૈજસ શરીરરુપે પરિણામ પમાડીને વિસર્જન કરવાની જે શક્તિ પ્રાપ્ત થાય તે તૈજસ શરીર નામકર્મ કહેવાય છે.

**(૧૪) કાર્મણ શરીર :-** જીવ પ્રદેશોની સાથે દૂધ અને પાણીની પેઠે પરસ્પર ભળી ગયેલ કર્મપ્રદેશો રુપ કાર્મણ શરીર હોય છે તથા સર્વ શરીરોના હેતુભૂત છે એક ભવમાંથી બીજા ભવમાં ગતિકરવા રૂપ પ્રયોજન વાળું છે.

જગતમાં રહેલા કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને સાત કર્મરૂપે કે આઠ કર્મ રુપે પરિણામ પમાડીને આત્માની સાથે એકમેક કરીને રહેલું હોય છે, તે કાર્મણ શરીર નામકર્મ કહેવાય છે.

અંગોપાંગ :- અંગ-૮ હોય છે. ૨ હાથ-૨ સાથળ ૧ પીઠ ૧-મસ્તક- ૧ છાતી
૧ ઉદર (પેટ) = ૮

...ાંગ :- આંગળી કપાળ વગેરે ઉપાંગ છે અને આંગળીઓની રેખા પર્વ વગેરે ...ગ ગણાય છે.

...રિક અંગોપાંગ :- આ નામકર્મના ઉદયથી ઔદારિક શરીરને વિષે ...ગ-અંગોપાંગ પ્રાપ્ત થાય તે ઔદારિક અંગોપાંગ નામકર્મ કહેવાય છે.

વૈક્રિય અંગોપાંગ :- આ નામકર્મના ઉદયથી વૈક્રિય શરીરને વિષે અગંઉપાંગને અંગોપાંગ પ્રાપ્ત કરાવે તે વૈક્રિય અંગોપાંગ નામકર્મ કહેવાય છે.

આહારક અંગોપાંગ :- આ નામકર્મના ઉદયથી આહારક શરીરને વિષે અંગ ઉપાંગને અંગોપાંગ પ્રાપ્ત કરાવે તે આહારાક અંગોપાંગ નામકર્મ કહેવાય છે.

બંધન :- સામાન્ય રીતે શરીરના નામ પ્રમાણે બંધન નામ કર્મના નામો હોય છે છતાં પણ એક સાથે જીવ વધારેમાં વધારે શરીરબંધ કરે તો ૪ શરીર બાંધે છે ઓછામાં ઓછા શરીરબંધ કરે તો ૩ શરીર બાંધે છે

ઔદારિક તૈજસ કાર્મણ,-વૈક્રિય તૈજસ કાર્મણ

૩ ૩

(અને વૈક્રિય-આહારક-તૈજસ-કાર્મણ એ ચાર શરીર)

આ કારણથી શરીર નામકર્મને પુદ્ગલોનો જે જથ્થો મળેલો હોય છે તે આ શરીરોથી મિશ્રણવાળો હોય છે. તેના કારણે બંધન નામ કર્મના ૧૫ ભેદ થાય છે.

પૂર્વે ગ્રહણ કરેલ ઔદારિક પુદ્ગલોની સાથે નવા ગ્રહણ કરતા ઔદારિક આદિ પુદ્ગલોને સંબંધ કરી આપનાર અથવા એકમેક કરનાર બંધનનામકર્મ કહેવાય છે આને લાખ અથવા રાખ સમાન કહેલ છે.

**સંઘાતન** :- શરીરની રચનાનુસારે પુદ્ગલોને એકઠા કરે તે સંઘાતન નામકર્મ કહેવાય છે આને દંતાલી સરખું કહેલું છે.

(૧) ઔદારિક સંઘાતન :- ઔદારિક શરીરના ઉદય વખતે સત્તામાં રહેલા ઔદારિક વર્ગણાના પુદ્ગલોને ઉદયમાં લાવીને એકમેક કરનાર કર્મતે ઔદારિક સંઘાતન નામકર્મ કહેવાય છે, વૈક્રિય આદિ ૪ સંઘાતન એજ રીતે જાણી લેવા.

**સંઘયણ** :- હાડકાની રચના વિશેષ જેને વહેવારમાં શરીરનો બાંધો કહેવાય તે સંઘયણ કહેવાય છે તેના ૬ ભેદ છે.

(૧) **વજ્રઋષભનારાચ સંઘયણ**- વજ્ર એટલે ખીલો, ઋષભ એટલે પાટો અને નારાચ એટલે મર્કટબંધ એટલે કે જે હાડકાની રચના વિશેષ મર્કટબંધ ઉપર હાડકાનો પાટો અને આખા મર્કટબંધને આરપાર પ્રાપ્ત થાય તેવો હાડકાનો ખીલો હોય તેને વજ્રઋષભનારાચ સંઘયણ કહેવાય છે.

(૨) **ઋષભનારાચ સંઘયણ** :- જે હાડકાંની રચના વિશેષ મર્કટબંધ તથા ઉપર હાડકાંનો પાટો રહેલો હોય તે ઋષભનારાચ સંઘયણ કહેવાય છે.

(૩) **નારાચ સંઘયણ** :- જે હાડકાંની રચના વિષેશમાં માત્ર મર્કટબંધ જેવી રચના હોય તે નારાચ સંઘયણ કહેવાય છે.

(૪) **અર્ધનારાચ સંઘયણ** :- જે હાડકાંની રચના વિષેશમાં એકબાજુ અડધો મર્કટબંધ હોય અને બીજી બાજુ હાડકાંની ખીલીઓ જેવા હાડકા હોય અર્ધનારાચ સંઘયણ કહેવાય છે. ૨

(૫) **કિલીકા સંઘયણ** :- જે હાડકાંની રચના વિશેષ માત્ર એકબીજા ખીલીઓ જેવા હાડકાથી સંધાયેલા હોય તે કિલીકા સંઘયણ કહેવાય છે. છે

(૬) **છેવટ્ઠું (સેવાર્ત) સંઘયણ** :- જે હાડકાની રચના વિશેષ એ

સપરસ અડીને રહેલા હોય કે જેના કારણે વારંવાર સેવા માંગ્યા કરે તે છેવટ્ઠું વા સેવાર્ત સંઘયણ કહેવાય છે.

સંસ્થાન :- શરીરનો આકાર વિશેષતે સંસ્થાન કહેવાય છે.તેના ૬ ભેદ છે.

(૧) **સમચતુરસ્ત્ર સંસ્થાન** :- લક્ષણ યુક્ત પ્રમાણ યુક્ત સર્વ અવયવે સામુદ્રિક સ્ત્ર અનુસાર, સર્વપ્રકારે શુભ હોય પુરુષ પોતાના અંગુલે ૧૦૮ અંગુલ ઉંચો ય (તિર્થંકરોને ૧૨ અંગુલની શીખા હોય જેથી ૧૨૦ અંગુલ ઉંચા હોયછે) તેમાં ક એટલે એડ્ડી ઉપરનો ભાગ ૪ અંગુલ, જંઘા ૨૪ અંગુલ, ઢીંચણ ગુડાનો ઢેડો અંગુલ, સાથળ ૨૪ અંગુલ, ભાગ ૧૨ અંગુલ, ઉદર ૧૨ અંગુલ, છાતિ ૧૨ ગુલ, ગ્રીવા ૪ અંગુલ, મુખ ૧૨ = ૧૦૮ અંગુલ થાય પગનું તળિયું અંગુઠા હિત ૧૪ અંગુલ દીર્ઘ વિસ્તૃત ૬ અંગુલ, કેડની લંબાઈ ૧૮ અંગુલ, છાતીનો સ્તાર ૨૪ અંગુલ, આંગલીઓ સાથે હાથની લંબાઈ ૪૬ અંગુલ, મસ્તકની રિધિ ૩૨ અંગુલ, જંઘાની પરિધિ ૧૮ અંગુલ, જાનુનિ પરિધિ ૨૧ અંગુલ, થળની પરિધિ ૩૨ અંગુલ, નાભિ નીચે ૪૬ અંગુલ, છાતી તથા પીઠ મળીને ૬ અંગુલ, અને ગ્રીવાની ૨૪ અંગુલ પરિધિ હોય છે અંગુલી આદિના બીજા માણ પણ અનેક છે.

અથવા જેના ચારે ભાગ એક સરખા હોય એટલે કે પદમાસને રહેલા મનુષ્યની ઢીંચણની લંબાઈ, જમણા ઢીચણથી ડાબા ખભાની લંબાઈ, ડાબા ઢીંચણથી મણા ખભાની લંબાઈ, અને પલાઠીના મધ્ય ભાગની લલાટ સુધીની લંબાઈ. ચારે એક સરખી હોય તે સમચતુરસ્ત્ર સંસ્થાન કહેવાય છે.

(૨) **ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાન** :- નાભિની ઉપરનો ભાગ લક્ષણોપેત અને ભ હોય અને નીચેનો ભાગ લક્ષણ રહિત હોયતે ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાન હેવાય.

(૩) **સાદિ સંસ્થાન** :- નાભિની નીચેનો ભાગ લક્ષણો પેત અને શુભ હોય ને ઉપરનો ભાગ લક્ષણથી રહિત હોય તે સાદિ સંસ્થાન કહેવાય છે.

(૪) **વામન સંસ્થાન** :- મસ્તક ગ્રીવા હસ્ત ચરણ લક્ષણ રહિત હોય અને તી ઉદર વગેરે લક્ષણથી યુક્ત હોય તે વામન સંસ્થાન કહેવાય છે.

(૫) **કુબ્જ સંસ્થાન** :- મસ્તક ગ્રીવા હસ્ત ચરણ લક્ષણવાળા હોય અને છાતી દર વગેરે લક્ષણથી રહિત હોય તે કુબ્જ સંસ્થાન કહેવાય છે.

(૬) **હુંડક સંસ્થાન** :- શરીરના સઘળાય અવયવો શાસ્ત્રોક્ત લક્ષણથી રહિત ય તે હુંડક સંસ્થાન કહેવાય છે.

વર્તમાન કાળમાં છએ સંસ્થાનમાંથી કોઈને કોઈ સંસ્થાન હોઈ શકે છે પરંતુ યણ છેલ્લું છેવટ્ઠું જ હોય છે.

**વર્ણ** :- શરીરને વિષે જે વર્ણાદિ પેદા થાય તે વર્ણાદિ નામ કર્મના ઉદયના ણે થાય છે વર્ણ પાંચ છે (૧) કાળો (૨) લીલો (૩) લાલ ( ૪) પીળો (૫) દ

**કાળો વર્ણ** : જે વર્ણનામકર્મના ઉદયથી જીવના શરીરને વિષે કાળો વર્ણ પેદા તે કૃષ્ણવર્ણનામ કર્મ કહેવાય છે.

**નીલવર્ણ :** જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે નીલ વર્ણ અથવા લી વર્ણ પ્રાપ્ત થાય તે નીલવર્ણ નામકર્મ કહેવાય છે.

**લાલવર્ણ :** જે કર્મના ઉદયથી જીવના શરીરને વિષે લાલ વર્ણ પેદા થાય રક્ત વર્ણનામકર્મ કહેવાય છે.

**પીળોવર્ણ :-** જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે પીળો વર્ણ પેદા થાય પીતવર્ણનામ કર્મ કહેવાય છે.

**શ્વેતવર્ણ :-** જે કર્મના ઉદયથી જીવોના શરારને વિષે શ્વેતવર્ણ પેદા થાય તે શ્વે વર્ણનામકર્મ કહેવાય છે.

**સુગંધ :-** જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે પક્ષીની જેવી સુવાસ પે થાય તે સુગંધનામ કર્મ કહેવાય છે.

**દુર્ગંધ :-** જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે લસણાદિ જેવી ગંધ પે થાય તે દુર્ગંધ નામ કર્મ કહેવાય છે.

**રસ :-** (૧) તીખો : જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિશે તીખો એટ મરી-મરચી આદિ જેવો રસ પેદા થાય તે તિક્તરસ નામકર્મ કહેવાય છે.

(૨) કડવો રસ : જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે કડવા લીમડા જેવો કે દરિયાના જેવો રસ પેદા થાય તે કટુ રસ નામકર્મ કહેવાય છે.

(૩) તુરો રસ :- જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે ત્રિફળા જેવો તુ રસ પેદા થાય તે તુરોરસ નામકર્મ કહેવાય છે.

(૪) ખાટો રસ :- જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે આમલી જેવો રસ પેદા થાય તે ખાટો રસ નામ કર્મ કહેવાય છે.

(૫) મીઠો રસ :- જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે શેરડી આદિ જેવો રસ પેદા થાય તે મધુર રસનામ કર્મ કહેવાય છે.

**સ્પર્શ :** (૧) ગુરુ સ્પર્શ : જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે ભા ચામડી આદિ અર્થાત્ કઠોરતારૂપ સ્પર્શ પેદા થાય તે ગુરૂસ્પર્શનામકર્મ કહેવાય છે

(૨) લઘુ સ્પર્શ : જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે કઠોર ચામડી વિગે ન રહેતાં હળવો સ્પર્શ લાગતો હોય તે લઘુ સ્પર્શ નામકર્મ કહેવાય છે.

(૩) શીત સ્પર્શ : જે કર્મના ઉદયથી જીવોનું શરીર શીત એટલે કે ઠંડુ હોય અર્થાત્ શીત સ્પર્શવાળું હોય તે શીત સ્પર્શનામ કર્મ કહેવાય છે.

(૪) ઉષ્ણ સ્પર્શ :- જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે ઉષ્ણતા રહેલ હોય તે ઉષ્ણસ્પર્શનામકર્મ કહેવાય છે.

(૫) મૃદુ સ્પર્શ :- જે કર્મના ઉદયથી જીવોનું શરીર કોમળ હોય તે મૃ સ્પર્શનામ કર્મ કહેવાય છે.

(૬) કર્કશ સ્પર્શ :- જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે કર્કશતા પ્રા થયેલી હોય તે કર્કશ નામકર્મ કહેવાય છે.

(૭) સ્નિગ્ધ સ્પર્શ :- જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે ચિકાશ પ્રા

લી હોય તે સ્નિગ્ધ સ્પર્શ નામકર્મ કહેવાય છે.

(૮) રૂક્ષ સ્પર્શ :- જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે રૂક્ષતા રહેલી હોય રૂક્ષ સ્પર્શ નામકર્મ કહેવાય છે.

**નરકાનુપૂર્વિ** :- જે કર્મોનો ઉદય બળાત્કારે જીવને નરકગતિ સન્મુખ લઈ જાય તે નરકાનુપૂર્વિ નામકર્મ કહેવાય છે.

**તિર્યચાનુપૂર્વિ** :- જે કર્મોનો ઉદય જીવોને વળાંકથી અથવા બળાત્કારે ર્યંચગતિ તરફ લઈ જાય છે તે તિર્યચાનુપૂર્વિ નામકર્મ કહેવાય છે.

**મનુષ્યાનુપૂર્વિ** :- જે કર્મના ઉદયથી જીવોને વળાંકથી અથવા બળાત્કારે નુષ્યગતિ તરફ લઈ જાય તે મનુષ્યાનુપૂર્વિ નામકર્મ કહેવાય છે.

**દેવાનુપૂર્વિ** :- જે કર્મોનો ઉદય જીવોને વળાંકથી અથવા બળાત્કારે દેવગતિ રફ લઈ જાયતે દેવાનુપૂર્વિ નામકર્મ કહેવાય છે.

**શુભ વિહાયોગતિ** :- જે કર્મના ઉદયથી જીવોની ચાલ હંસ અને હાથી જેવી ય તે શુભ વિહાયોગતિ નામકર્મ કહેવાય છે.

**અશુભ વિહાયોગતિ** :- જે કર્મના ઉદયથી જીવની ચાલ ઉંટ-અશ્વ જેવી હોય તે શુભવિહાયોગતિ નામકર્મ કહેવાય છે.

**પરાઘાત નામકર્મ** :- જે કર્મના ઉદયથી પોતે શક્તિમાં નબળો હોવા છતાં પણ મા બળવાન માણસોને પોતાના શરિરની આકૃતિથી હંફાવી દે અથવા ઠંડો પાડી તે પરાઘાત નામકર્મના ઉદયવાળો જીવ કહેવાય છે.

**ઉચ્છ્વાસ નામકર્મ** :- જે કર્મના ઉદયથી જગતમાં રહેલા શ્વાસોશ્વાસ વર્ગણાના દ્ગલોને ગ્રહણ કરીને ઉચ્છ્વાસ રુપે પરિણામાવી નિશ્વાસ રુપે વિસર્જન કરે તે ચ્છ્વાસ નામકર્મ કહેવાય છે.

**આતપ નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવોનું પોતાનું શરીર શીત હોવા છતાં ના પ્રકાશના કિરણો જેમ જેમ દૂર થતાં જાય તેમતેમ ઉષ્ણતા પ્રાપ્ત થતી જાય તે તપનામકર્મ કહેવાય છે. આ નામકર્મનો ઉદય સૂર્યના વિમાનમાં એટલેકે સૂર્યના માન રુપે રહેલા પૃથ્વીકાય જીવોને જ હોય છે. બીજા કોઈને હોતો નથી.

**ઉદ્યોત નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવોનું પોતાનું શરીર શીત હોય અને ના પ્રકાશના કિરણો પણ શિતળતા પ્રાપ્ત કરાવે તે ઉદ્યોતનામ કર્મ કહેવાય છે.

**અગુરુલઘુ નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવોનું શરીર ગુરૂ એટલે કે ભારે ણ નહિં અને લઘુ એટલે હલકું પણ નહિં પરંતુ સમ હોય તે અગુરુલઘુ નામકર્મ હેવાય છે.

**જિનનામ કર્મ** :- જે કર્મના ઉદયથી જીવો ત્રણેલોકને વિષે પૂજ્યતાને પામે તે નનામ કર્મ કહેવાય છે.

**નિર્માણ નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે અંગોપાંગ વગેરે પ્રાપ્ત થયેલ હોય તેની યથા યોગ્ય રચના વિશેષ કરવી તે નિર્માણ નામકર્મ વાય છે.

**પઘાત નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે કોઈપણ

અંગ-ઉપાંગ કે અંગોપાંગ અથવા શરીરના વિશેષ અવયવો (તલ-મસા) વગેરે કારણે જીવ પોતે પીડા પામે તે ઉપઘાત નામકર્મ કહેવાય છે.

**ત્રસ નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવોને હલન-ચલન કરવાની શક્તિ પ્રા થાય છે તે ત્રસ નામ કર્મ કહેવાય છે.

**બાદર નામકર્મ** :- જે નામકર્મના ઉદયથી જીવોને સ્થુળપણું પ્રાપ્ત થાય છે બાદરનામકર્મ કહેવાય છે.

**પર્યાપ્ત નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવ પોતાને મળેલી સંપૂર્ણ પર્યાપ્તિ પ્રાપ્ત કરે તે પર્યાપ્ત નામકર્મ કહેવાય છે.

**પ્રત્યેક નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવોને પોતપોતાનું એકએક શરીર પ્રા થાય છે તે પ્રત્યેક નામકર્મ કહેવાય છે.

**સ્થિર નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે હાડકાં- દાંત વગે સ્થિર રૂપે હોય છે તેને સ્થિર નામકર્મ કહેવાય છે.

**શુભ નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે નાભી ઉપર અવયવો પ્રાપ્ત થાય છે તે શુભ નામકર્મ કહેવાય છે.

**શુભગ નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવોનું શરીર બેડોળ હોય- કદરૂપો હો જોવો ગમે નહિં બોલાવવાની ઈચ્છા થાય નહિ છતાં તે જીવને બોલવવાનું મ થાય તે શુભગનામકર્મ કહેવાય છે.

**સુસ્વર નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવોને કંઠ એટલે કે અવાજ સારો મ તે સુસ્વર નામકર્મ કહેવાય છે.

**આદેય નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવો ખોટું વચન બોલતા હો ભગવાનના વચનથી વિરુદ્ધ પ્રવચન કરતા હોય છતાં પણ તે સાંભળવા ગ્રહ કરવા જેવું લાગે તે આદેય નામકર્મ કહેવાય છે.

**યશ નામકર્મ** :- આ લોકમાં જે ખ્યાતિ-યશ એટલે પોતાના દેશમાં જે ખ્યાતિ તે યશ અને બીજા દેશોમાં ખ્યાતિ તે કિર્તિ કહેવાય છે. પોતે કામ કરતો ન હો ખરાબ કામ કરતો હોય છતાં દુનિયામાં જેની ખ્યાતિ કિર્તિ પ્રસરતી જાય તે ય નામકર્મ કહેવાય છે.

**સ્થાવર નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવોને હલન ચલન કરવાની શક્તિ પ્રાપ્ત થતી નથી તે સ્થાવર નામકર્મ કહેવાય છે.

**સુક્ષ્મ નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવોના શરીર એક બે સંખ્યાતા કે અસંખ્યાતા ભેગા થવા છતાં દેખી શકાતા નથી એવા શરીર પ્રાપ્ત થાય તે સુક્ષ્મ નામકર્મ કહેવાય છે.

**અપર્યાપ્ત નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવોને જેટલી પર્યાપ્તિ કહેલી છે તે પર્યાપ્તિ પૂર્ણ ન કરે અર્થાત્ છેલ્લી પર્યાપ્તિ અધૂરીએ મરણ પામે તે અપર્યાપ્ત નામકર્મ કહેવાય છે.

**સાધારણ નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવોને અનંતા જીવો વચ્ચે ૧ શરીર પ્રાપ્ત થાય તે સાધારણ નામકર્મ કહેવાય છે.

**અસ્થિર નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે-જીભ- અંગોપાંગ- વગેરે અસ્થિરતા રુપ પ્રાપ્ત થાય છે તે અસ્થિર નામકર્મ કહેવાય છે.

**અશુભ નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવોના શરીરને વિષે નાભિ નીચેના અવયવો જે પ્રાપ્ત થાય તે અશુભ નામકર્મ કહેવાય છે.

**દુર્ભગ નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવોનું શરીર રૂપવાન હોય- દેખાવડો હોય જોવા બોલાવવાનું મન થવું જોઈએ છતાં પણ તેની સામે જોવા કે બોલાવવાનું મન ન થાય તે દુર્ભગ નામકર્મ કહેવાય છે.

**દુસ્વર નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવોનો કંઠ (સ્વર) સુંદર મધુર ન હોય તે દુસ્વર નામકર્મ કહેવાય છે.

**અનાદેય નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવો સાચું બોલતા હોય ભગવાનની આજ્ઞા મુજબ પ્રરૂપણ કરતા હોય એવા વચનોને પણ સાંભળવા કે ગ્રહણ કરવા યોગ્ય ન લાગે તે અનાદેય નામકર્મ કહેવાય છે.

**અયશ નામકર્મ** :- જે કર્મના ઉદયથી જીવો સારું કાર્ય સારાભાવથી તન-મન પરોવીને કરવાં છતાં તેનો અપયશ જ ફેલાય અર્થાત્ અયશ મળતો હોય તે અયશ નામકર્મ કહેવાય છે.

**ગોત્ર કર્મ** :- જેનો ઉદય આત્માને ઉચ્ચ-નીચ કુળને વિષે જન્મ અપાવે તે ગોત્ર કર્મ કહેવાય છે. આ કર્મ કુંભાર જેવું છે, કારણ કે કુંભાર સારા નરસા અનેક પ્રકારના ઘડાઓ બનાવે છે તેની જેમ સારા નરસાપણું પ્રાપ્ત કરાવે તે ગોત્ર કર્મ કહેવાય છે.

(૧) ઉચ્ચગોત્ર : ધર્મ અને નિતિના રક્ષણ કરવાના કારણથી જે કુળની ચિરકાળ પ્રસિદ્ધિ થયેલી હોય તે ઉચ્ચગોત્ર કર્મ કહેવાય છે.

(૨) નીચ ગોત્ર : અધર્મ-અનિતિના કારણથી જે કુળની ચીરકાળ પ્રસિદ્ધિ થયેલી હોય તે નીચગોત્ર કહેવાય છે.

અંતરાય કર્મ :- આત્માની દાનાદિ શક્તિઓ રુપ જે ગુણો તેમાં ધાત કરનાર તે અંતરાયકર્મ કહેવાય છે. આ કર્મ ભંડારી સરખું છે તેના પાંચ ભેદ છે. (૧) દાનાંતરાય (૨) લાભાંતરાય (૩) ભોગાંતરાય (૪) ઉપભોગાંતરાય (૫) વિર્યાંતરાય

દાનાંતરાય : દાન આપવાની સામગ્રી હોય, સામે સુપાત્ર કે પાત્ર હોય, દાનના ફળને જાણતો હોય છતાં પણ આપવાનો ઉત્સાહ એટલે મન પેદા ન થાય તે દાનાંતરાય કર્મ કહેવાય છે.

**લાભાંતરાય** :- દાતા ઉદાર હોય, દાતાને ઘેર વસ્તુ હોય યાચકમાં કુશળપણું હોવા છતાં પોતે ધાર્યો એવો લાભ શક્તિ મુજબનો ન મેળવી શકે તે લાંભાંતરાય કર્મ કહેવાય છે.

**ભોગાંતરાય :- એકવાર ભોગવવા યોગ્ય સામગ્રી** હોવા છતાં, ભોગવવાની શક્તિ હોવા છતાં **તે સામગ્રીનો ભોગવટો** ન થાય તે ભોગાંતરાય કર્મ કહેવાય છે.

**ઉપભોગાંતરાય :- વારંવાર ભોગવવા યોગ્ય સામગ્રી** હોવા છતાં, શક્તિ હોવા

છતાં તેનો ભોગવટો ન કરી શકે તે ઉપભોગાંતરાય કર્મ કહેવાય છે.

**વિર્યાંતરાય કર્મ :-** યુવાન વય હોવા છતાં, નિરોગી શરીર હોવા છતાં, બળવાન હોવા છતાં, પોતાના વિર્યનો ઉપયોગ ન કરી શકે તે વિર્યાંતરાય કર્મ કહેવાય છે.

સાંસારિક કાર્યો ન કરી શકે તે બાલવિર્યાંતરાય કર્મ કહેવાય છે. દેશવિરતિના પાલનની ચાહના હોવા છતાં પાલન ન કરી શકે તે બાલ પંડિત વિર્યાંતરાય કહેવાય છે, તથા સમ્યગ્ દ્રષ્ટિ અને સાધુઓ મોક્ષની ચાહના રાખતા હોવા છતાં પણ તે માટેની જે ક્રિયા જ્ઞાની ભગવંતોએ બતાવેલી છે તે ક્રિયાને કરી ન શકે એટલે કે ક્રિયાને વિશે પોતાનું વીર્ય ફોરવી ન શકે તે પંડિત વિર્યાંતરાય કર્મ કહેવાય છે.

**કર્મબંધના કારણો :-**

સામાન્ય રીતે ૧ થી ૫ ઈંદ્રિય સુધીના સઘળાય જીવો (એટલે કે ૧ થી ૧૦ ગુણસ્થાનકમાં વિદ્યમાન) સમયે સમયે આયુષ્ય કર્મ સિવાય સાતે કર્મોનો બંધ કરે છે. આના કારણે સમયે સમયે એક જ અધ્યવસાયથી પુણ્ય પ્રકૃતિઓ અને પાપ પ્રકૃતિઓ સતત બંધાયા કરે છે તેમાં જ્યારે જ્યારે કષાય-અવિરતિ-યોગાદિનો વિશેષ જોરદાર ઉદય વિશેષ રીતે તેને કર્મનો બંધ કરે છે. અર્થાત્ જ્ઞાનાવરણીય કર્મને વિશેષ બાંધવા માટે જે જે કારણનું સેવન થતું હોય તેનાથી પ્રધાનપણે જ્ઞાનાવરણીય કર્મનો સ્થિતિ-રસ વિશેષ પડે અને બાકીના બીજા કર્મોને વિષે ગૌણ પણે સ્થિતિરસ બંધાય છે.

**જ્ઞાનાવરણીય આદિકર્મબંધના વિશેષ કારણો :**

**(૧) જ્ઞાનાવરણીય કર્મબંધના કારણો :-** જ્ઞાન સંબંધમાં જ્ઞાન પ્રત્યે અને જ્ઞાન ઉત્પન્ન કરવાના હેતુંઓને વિષે જે વિઘ્ન-નિન્હવપણું- પિશુનતા-જ્ઞાનની આશાતના-જ્ઞાનનો ઘાત કરવો તથા જ્ઞાન પ્રત્યે મત્સરભાવ ધરાવવો તે જ્ઞાનાવરણીય કર્મ બાંધવાના કારણો છે.

જ્ઞાન ભણનારને અથવા જ્ઞાનીને અંતરાય કરવો, જ્ઞાન આપનાર ગુરૂનું નામ બોલવું નહિં જ્ઞાન આપનાર ગુરૂની ચાડી કરવી, તેમની આશાતના કરવી તેમનો ઘાત કરવો અને જ્ઞાનવાન પ્રત્યે ઈર્ષાકરવી-અદેખાઈ કરવી અને પોતાથી આગળ ન આવી જાય તેવો પ્રયત્ન કરવો તે સર્વે જ્ઞાનાવરણીય કર્મો બાંધવાના કારણો કહ્યા છે.

સામાન્ય રીતે વર્તમાન કાળમાં મોટાભાગના જીવોને સમ્યગ્જ્ઞાન પ્રત્યે ઉપેક્ષાભાવ-કંટાળો અને તેના કારણે અવજ્ઞા દોષ રહેલો દેખાય છે, તેથી સમયે સમયે જ્ઞાનાવરણીય કર્મ બંધાયાજ કરે છે તથા કોઈપણ અક્ષરવાળી ચીજ ખાવી-ખાવાની ચીજ અક્ષર લખેલા કાગળોમાં લાવવી તેમાં વાપરવી તથા જ્ઞાન અને જ્ઞાનના સાધન કે જ્ઞાનના અક્ષરવાળા કાગળો પાસે રાખીને લઘુનીતિ વડી નિતી કરવી તે કાગળો માથા નીચે મુકીને સૂઈ જવું લખેલા કાગળો પર બેસવું, થુંક લગાડવું, પગ લગાડવો તથા સુતા સુતા જ્ઞાનના પુસ્તકો વાંચવા આ બધા જ્ઞાનાવરણીય કર્મને બાંધવાના કારણો જણાય છે.

**દર્શનાવરણીય કર્મ બાંધવાના કારણો :-** દર્શનના સંબંધમાં દર્શનવાળાઓ પ્રત્યે

દર્શન ઉત્પન્ન કરવાના હેતુઓમાં જે અંતરાય કરવો તેના ગુણને ઓળવવા-દર્શનીય ચીજની ચાડી ખાવી, દર્શનીય પદાર્થોની આશાતના કરવી દર્શનીય પદાર્થોનો નાશ કરવો તથા દર્શનીય સચેતન કે અચેતન પદાર્થો પ્રત્યે ઈર્ષા કરવી, અદેખાઈ ધરવી તે દર્શનાવરણીય કર્મ બાંધવાના કારણો છે.

ચાર પ્રકારના દર્શનની (ઉપશમ-ક્ષપોયશમ-વેદક-ક્ષાયિક) વિપરિત પ્રરૂપણા કરવી અથવા દર્શન પ્રાપ્ત કર્યું છે જેમણે તેમના પ્રત્યે તથા દર્શન ઉત્પત્તિના કારણો પ્રત્યે વિઘ્ન કરવા, તેમના નામ આદિ ઓળવવા, તેમના પ્રત્યે ઈર્ષા કરવી તે દર્શનાવરણીય કર્મ બાંધવાના કારણો સમજવા.

**શાતા વેદનીય કર્મબંધના કારણો :-**

દેવપૂજા ગુરુસેવા (સંસારમાં વડીલો તથા મા બાપની સેવા) પાત્ર દાન (પાત્ર સુપાત્રનું દાન) દયા (અનુકંપા એટલે દ્રવ્યદયા અને ધર્મ રહિત જીવો પ્રત્યે ધર્મ પેદા કરવા માટેની જે કરૂણા તે ભાવદયા) રાગ પૂર્વકનું સંયમ, દેશવિરતિ, અકામ નિર્જરા, નિયમ અને વ્રતાદિમાં અતિચાર ન લગાડવા અને આત્માને પવિત્ર રાખવો તે શૌર્ય-બાળતપ તથા શુદ્ધ પરિણામ પેદા કર્યા બાદ સકામ નિર્જરા કરતો કરતો વિશુદ્ધ પરિણામની વૃદ્ધિ થાય ઈત્યાદિ શાતા વેદનીય કર્મબાંધવાના કારણો છે.

**અશાતા વેદનીય કર્મ બાંધવાના કારણો :**

દેવપૂજા ન કરે, ગુરૂસેવા ન કરે,- પાત્રમાં દાન દેવાની ભાવના ન હોય,- પરિણામ નિષ્ઠુર હોય,- સ્વભાવ ક્રોધીલો હોય, અવિરતીનું સેવન, પોતાને દુઃખ થાય તેવી પ્રવૃત્તિ, પરને દુઃખ થાય તેવી પ્રવૃત્તિ, બન્નેને દુઃખ થાય તેવી પ્રવૃત્તિ, શોક, વધ, તાપ, આક્રંદ કરવું, વિલાપ કરવો કે પશ્ચાતાપ ઉત્પન્ન કરવો તથા બીજાને કરાવવો તે અશાતા વેદનીય કર્મ બાંધવાના કારણો કહેલો છે.

**દર્શન મોહનીય કર્મ બાંધવાના કારણો :-** વિતરાગના-વિતરાગ શાસ્ત્રના-સંઘના-ધર્મના-સર્વ દેવતાઓના અવર્ણવાદ બોલવા, તીવ્ર મિથ્યાત્વના પરિણામ કરવા, સર્વજ્ઞ અને સિદ્ધમાં દેવપણું ન માનવું તેમ વિપરીત ભાવ બતાવવો, તેમના ગુણાદિકને ઓળવવા, ધાર્મિક માણસોને દુષણ આપવું-, ઉન્માર્ગે ચાલવાનો ઉપદેશ કરવો, અનર્થ કરવાનો આગ્રહ રાખવો, અસંયમીની પુજા કરવી, વિચાર કર્યા વિના કોઈપણ કાર્ય કરવું અને ગુરુ વગેરેની આશાતના અવજ્ઞા કરવી તે દર્શન મોહનીય કર્મ બાંધવાના કારણો છે. દર્શન મોહનીયને વિષે ૧ મિથ્યાત્વ મોહનીયજ બંધાય છે માટે મિથ્યાત્વ બાંધવાના કારણો પણ કહીએ તો ચાલે.

**ચારિત્ર મોહનીય કર્મ બાંધવાના કારણો :-**

કષાયના ઉદયથી આત્માના તીવ્ર પરિમામ પેદા થવા તે ચારિત્ર મોહનીય બાંધવાના કારણો છે. એટલે કે અનુકુળ પદાર્થોની ઈચ્છા અથવા તૃષ્ણા તથા પ્રતિકુળ પદાર્થો પ્રત્યે દ્વેષ નારાજી કંટાળો એ કષાય મોહનીય બાંધવાના કારણો છે.

**હાસ્ય મોહનીય કર્મ બાંધવાના કારણો :** મશ્કરી કરવાની ટેવ, કામ ઉત્પન્ન કરે એવી સ્ત્રી આદિની હાંસી કરવી તે સકામ ઉપહાસ કહેવાય છે. વિશેષ હસવાનો સ્વભાવ બહુ બોલવાનો સ્વભાવ અને દિનતા બતાવનારી યુક્તિ તે હાસ્ય મોહનીય કર્મના કારણો છે.

**રતિ મોહનીય કર્મ બાંધવાના કારણો :** અનેક દેશોગામો તથા જોવા લાયક સ્થળોને જોવાની ઉત્કંઠા, અનેક પ્રકારે રમવું, ખેલવું, રમતાં અને ખેલતાં બીજાના ચિત્તને આકર્ષવું અથવા વશ કરવું તે રતિ મોહનીય બાંધવાના કારણો છે.

**અરતિ મોહનીય બાંધવાના કારણો :** (૧) અસૂયા :- (ગુણમાં દોષનું આરોપણ કરવું) ૧૮ પાપ-સ્થાનકોમાંથી કોઈપણ પાપનું વિશેષ રીતે કે સામાન્ય રીતે સેવન કરવાનો સ્વભાવ, બીજાના આનંદનો નાશ કરવો. કોઈનું ખરાબ થતું હોય અથવા અમંગળની વાતો સાંભળવા મળે તો તેને જોઈ સાંભળીને તેનો ઉપહાસ કરવો તે અરતિ મોહનીય કર્મ બાંધવાના કારણો છે.

**ભય મોહનીય કર્મ બાંધવાના કારણો :-** પોતામાં ભયના પરિણામ હોય બીજાને ભય પેદા કરવામાં કુશળ-બીજાને ત્રાસ પમાડવામાં કુશળ તથા દયા રહિતપણું આ ભય મોહનીય કર્મ બાંધવાના કારણો છે.

**શોક મોહનીય કર્મ બંધવાના કારણો :-** પોતે શોક ઉત્પન્ન કરી શોચ કરવો (બીજાને દુઃખી કરાવવા) તથા રૂદન કરવામાં એટલે કે રોવામાં અતિ આસક્તિ કરવી અર્થાત્ પોતાનું ધાર્યું થતું ન હોય તો ધાર્યું કરાવવા અને ઈચ્છિત પદાર્થો પોતાથી નાશ પામ્યા હોય તેને મેળવવા, આસક્તિપૂર્વક રૂદન કરવું તે શોક મોહનીય કર્મબાંધવાના કારણો છે.

**જુગુપ્સા મોહનીય કર્મ બાંધવાના કારણો :-** ચતુર્વિધ સંઘના અવર્ણવાદ બોલવા. તેમના તરફ તિરસ્કાર બતાવવો અને સદાચારની નિંદા કરવી તે જુગુપ્સા મોહનીય કર્મ બંધવાના કારણો છે.

**પુરુષવેદ બાંધવાના કારણો :-** પોતાની સ્ત્રીમાં સંતોષ, ઈર્ષા રહિત સ્વભાવ, મંદ કષાય અવક્રાચાર, શીલ એટલે કે સરળતા યુક્ત મનવાળો શુભ આચાર આ પુરુષવેદ બાંધવાના કારણો છે.

**સ્ત્રીવેદ બાંધવાના કારણો :-** ઈર્ષા-વિષયોમાં લોલુપતા-જુઠું બોલવું- અતિ વક્રતા- એટલે કે વારંવાર માયાનું સેવન કરવું તથા પરસ્ત્રીના વિલાસમાં આસક્તિ કરવી આ સ્ત્રીવેદ બાંધવાના કારણો છે.

**નપુંસકવેદ બાંધવાના કારણો :-** સ્ત્રી-પુરુષ બન્નેને સેવવાનો અભિલાષ-ઉગ્ર કષાય-તીવ્ર-કામેચ્છા-પાખંડ અને સ્ત્રીના વ્રતનો ભંગ કરવો તે નપુંસકવેદ બાંધવાના કારણો છે.

**ચારિત્ર મોહનીયના વિશેષ કારણો :-**

સાધુઓની નિંદા કરવી, ધર્મિષ્ઠ લોકોને વિઘ્ન કરવા-મધુ માંસાદિથી અવિરત પુરુષોની પાસે અવિરતિની પ્રશંસા કરવી. દેશવિરતિ પુરુષોને વારંવાર અંતરાય કરવો. અવિરતિપણે સ્ત્રી આદિના ગુણોનું આખ્યાન (કહેવું) કરવું- ચારિત્રને દુષણ આપવું અને બીજાઓના કષાય નોકષાયની ઉદીરણા કરવી તે ચારિત્ર મોહનીય બાંધવાના કારણો કહ્યા છે.

**નરક આયુષ્ય બાંધવાના કારણો :-**

રાત્રીભોજન કરવું- પંચેન્દ્રિય પ્રાણીઓનો વધ મહારંભ-મહાપરિગ્રહ-અનુગ્રહ કરવાનો ત્યાગ- માંસ ભોજન-સદા માટે સ્થિર રૂપે વૈર બુદ્ધિ, અનંતાનુંબંધી કષાય, રૌદ્ર ધ્યાન, કૃષ્ણ, નીલ, કાપોત, લેશ્યા અસત્ય ભાષણ,

પરદ્રવ્યહરણ,-વારંવાર મૈથુન સેવન અને ઈંદ્રિયોનું વિવશપણું આ નરકઆયુષ્ય બાંધવાના કારણો કહ્યા છે.

**તિર્યંચ આયુષ્ય બાંધવાના કારણો :** ઉન્માર્ગે ચાલવાની દેશના માર્ગનો નાશ, ગુપ્ત રીતે ધનનું રક્ષણ, આર્તધ્યાન, શલ્ય સહીતપણું, માયા, આરંભ, પરિગ્રહ, શીયળ, તથા વ્રતમાં અતિચારપણું કૃષ્ણ, નીલ તથા કાપોત લેશ્યા તથા અપ્રત્યાખ્યાનીય કષાય આ તિર્યંચ આયુષ્ય બાંધવાના કારણો કહેલા છે.

**મનુષ્ય આયુષ્ય બાંધવાના કારણો :-** અલ્પઆરંભ તથા અલ્પપરિગ્રહ, સ્વાભાવિક કોમળતા, હૈયાની સરળતા, ધર્મ ધ્યાનને વિષે અનુરાગ, મધ્યમ પરિણામ એટલે કે સજ્જન માણસોના ગુણો, દાન દેવાની રૂચિ, દેવની પુજા, ગુરૂની પુજા, વહેવારૂચિત પ્રવૃત્તિ તથા લોક વિરૂદ્ધના ત્યાગના ગુણો એટલે કે લોક સમુહમાં મધ્યસ્થપણું આ મનુષ્ય આયુષ્ય બાંધવાના કારણો કહેલા છે.

**દેવાયુષ્ય બાંધવાના કારણો :-** સરાગસંયમ, દેશ સંયમ, અકામ નિર્જરા, કલ્યાણ મિત્રનો પરિચય, ધર્મ શ્રવણ કરવાનું ધ્યેય, પાત્ર સુપાત્રમાં દાન, શક્તિ મુજબનો તપ, દેવગુરુધર્મ પ્રત્યેની શ્રદ્ધા, ત્રણ રત્નની આરાધના, બાર તપ, અગ્નિ, જળ વિગેરેથી મૃત્યુ પામવું, ગળે ફાંસો ખાવો આ બધા દેવાયુષ્ય બાંધવાના કારણો છે.

**અશુભનામ કર્મ બાંધવાના કારણો :-** મન, વચન, કાયાની વક્રતા, બીજાઓને છેતરવા, માયા પ્રયોગ કરવો, મિથ્યાત્વ, પિશુનતા (ચાડી ખાવી) મનની ચપળતા, બનાવટી સુવર્ણાદિ બનાવવું, ખોટી સાક્ષી પુરવી, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શનું જુદી રીતે સંપાદન કરવું કોઈના અંગ ઉપાંગ કાપવા, કપાવવા, યંત્રની ક્રિયા, પંજરની ક્રિયા, ખોટા માપ, ખોટા તોલ, ખોટા ત્રાજવા બનાવવા, ખોટા ત્રાજવા વાપરવા, અન્યની નિંદા કરવી, આત્મ પ્રશંશા કરવી, હિંસા અસત્ય વચન બોલવું, ચોરી કરવી, અબ્રહ્મનું સેવન કરવું , મોટા આરંભ સમારંભ કરવા, ઘણો પરિગ્રહ રાખવો, કઠોર વચન બોલવા, કનિષ્ટ ભાષણ કરવું, સારા વેષાદિનો મદ કરવો, વાચાળ પણું, આક્રોશ કરવો, સૌભાગ્યનો નાશ કરવો, કામણ કરવું, ત્યાગીપણાની વિડંબણાથી ઉન્માર્ગે ગમન કરવું, યતિ વિગેરે થઈને બીજાઓને કૌતુક ઉત્પન્ન કરવું, વેશ્યાદિને અલંકાર આપવા, દાવાનળ સળગાવવા દેવાદિકની પુજાને બહાને સુગંધી પદાર્થોની ચોરી કરવી, તીવ્ર કષાય કરવો, ચૈત્ય ઉપાશ્રય ઉદ્યાન અને પ્રતિમાઓનો નાશ કરવો, અંગારકર્મ આદિ ૧૫ કર્માદાનની ક્રિયાઓ કરવી ઈત્યાદિ અશુભ નામકર્મ બાંધવાના કારણો હોય છે.

**શુભનામ કર્મ બાંધવાના કારણો :-** ઉપર કહેલા આશ્રવોથી વિપરીત આશયો, મન-વચનકાયાની સરળતા, મિથ્યાત્વની મંદતા, ચિત્તની પ્રસન્નતા, ન્યાય સંપન્ન વૈભવ, સાદાચારનું સેવન, પોતાના દોષની નિંદા, બીજાના ગુણોની પ્રશંસા, યથાસક્તિ બ્રહ્મચર્યનું પાલન, અલ્પ પરિગ્રહ, અલ્પ આરંભ, દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે શ્રદ્ધા, તથા ત્યાગ ભાવનાની વૃત્તિ ચૈત્ય, ઉપાશ્રય આદિનું રક્ષણ, ધાર્મિક પુરુષોનું દર્શન, સંભ્રમ અને પ્રમાદનો નાશ, સદ્ભાવનું અર્પણ, સંસારની ભીરૂતા, ક્ષાંતિ વગેરે ગુણો પ્રગટ કરવા ઈત્યાદિ શુભનામકર્મ બાંધવાના કારણો કહેલ છે.

**તિર્થંકરો નામકર્મ બાંધવાના કારણો : વીશ સ્થાનકની** આરાધના તે વીસે પદોના નામ આ **પ્રમાણે છે.**

| | |
|---|---|
| (૧) અરિહંત પદ | (૧૧) બ્રહ્મચર્ય સેવનમાં અપ્રમાદ |
| (૨) સિદ્ધપદ | (૧૨) વિનય |
| (૩) ગુરુપદ | (૧૩) જ્ઞાનાભ્યાસ |
| (૪) સ્થવિર પદ | (૧૪) તપ |
| (૫) બહુશ્રુતપદ | (૧૫) ત્યાગ (દાન) |
| (૬) ગચ્છ પદ | (૧૬) શુભધ્યાન |
| (૭) શ્રુતજ્ઞાન પદ | (૧૭) તિર્થ પ્રભાવના |
| (૮) તપસ્વી ભક્તિ પદ | (૧૮) ચતુર્વિધ સંઘને સમાધિ ઉપજાવવી તથા સાધુઓની વૈયાવચ્ચ કરવી |
| (૯) આવશ્યકાદિ ક્રિયામાં એકાગ્રપણું | (૧૯) અપૂર્વ જ્ઞાનનું ગ્રહણ કરવું- એટલે કે ઉલ્લાસ પૂર્વક નવા નવા જ્ઞાનનો અભ્યાસ કરવો |
| (૧૦) ચારિત્રની સ્થિરતા પદ | (૨૦) સમક્તિ દર્શનની શુદ્ધિ |

આ અવસર્પિણી કાળના ૨૪ તિર્થકરોમાંથી પહેલા છેલ્લા તિંર્થકરોએ આ વીસે પદની આરાધના કરેલી છે. (ત્રીજે ભવે) અને બીજા તિર્થકરોએ તેમાંથી ૧-૨ અથવા ૩ સ્થાનકોની આરાધના કરેલી છે. આ તિર્થકરો નામ કર્મ બાંધવાના કારણો હોય છે.

**નીચ ગોત્ર બાંધવાના કારણો :** પરનિંદા, દેવ ગુરુ ધર્મની અવજ્ઞા, તથા ઉપહાસ, સદ્‌ગુણનો લોપ, અન્યના છતા અછતા દોષનું કથન, પોતાની પ્રશંસા, પોતાના છતા અછતા ગુણના વખાણ, પોતાના દોષોનું આચ્છાદન અને જાતિ મદ, કુળમદ વગેરે આઠ પ્રકારના મદનું સેવન આ બધા નીચ ગોત્ર બાંધવાના કારણો છે.

**ઉચ્ચગોત્ર બાંધવાના કારણો :** નીચ ગોત્ર બાંધવાના જે કારણો કહ્યા છે તેનાથી વિપરિત એટલે કે આત્મનિંદા, દેવગુરુ ધર્મની શક્તિ મુજબની ભક્તિ તથા ગુણોનું વર્ણન, સદ્‌ગુણ મેળવવા માટેનો પ્રયત્ન, જાતિ મદ, કુળ મદ વગેરે આઠ પ્રકારના મદથી રહિત પણું, ભણવા તથા ભણાવવામાં રસીક, ગર્વરહિતપણું, મન વચન કાયાથી વિનય કરવો ઈત્યાદિ ઉચ્ચગોત્ર બાંધવાના કારણો કહ્યા છે.

**અંતરાય કર્મ બાંધવાના કારણો :** દેવગુરુની ભક્તિને વિશે અંતરાય કરવો, ભણવા ભણાવવાના વિષે અંતરાય કરવો, જ્ઞાન જ્ઞાનીની અવજ્ઞા તથા તેનો નાશ કરવો ઈત્યાદિ અંતરાય કર્મ બાંધવાના કારણો કહેલા છે.

બીજી રીતે કષાયોના ૪ ભેદ મહાપુરુષોએ જણાવેલા છે. (૧) સ્વ પ્રતિષ્ઠિત કષાય :- પોતાના દોષાદિ જાણી પોતાની જાત ઉપર ગુસ્સો કરવો તે (૨) અન્ય પ્રતિષ્ઠિત કષાય :- કોઈ બીજો તિરસ્કારાદિ કરે તેના ઉપર ગુસ્સો કરવો તે અન્યઃ- પ્રતિષ્ઠિત કષાય કહેવાય (૩) ઉભય પ્રતિષ્ઠિત :- પોતાનો દોષ અને અન્યનું નિમિત્ત મળતાં ગુસ્સો કરવો તે (૪) અપ્રતિષ્ઠિત કષાય :- પોતાનો દોષ

પણ ન હોય અને પરનું નિમિત્ત પણ ન હોય છતાં ગુસ્સો કરવો તે અપ્રતિષ્ઠિત કષાય કહે છે. આ ક્રોધનો બંધજ એવા પ્રકારે પડેલા હોય કે વિના નિમિત્તે પણ ઉદય થયા વિના રહે નહિ આ રીતે માનાદિ કષાયોમાં પણ ૪-૪ ભેદ જાણવા.

આયુષ્ય જેમ સોપક્રમી અને નિરુપક્રમી હોય છે તેની જેમ દરેક કર્મનું ફળ પણ સાપેક્ષ અને નિરપેક્ષ હોય છે.

દરેક કર્મનો ચાર પ્રકારે કર્મબંધ હોય છે :- ચાર પ્રકારોમાંથી કોઈને કોઈ પ્રકારે જીવ બંધ કરે છે.

**(૧) સ્પૃષ્ટ કર્મ :** ઉપયોગવાળાં જીવને સહસાત્કારે જે કર્મનો બંધ થાય તે સ્પૃષ્ટ કર્મબંધ કહેવાય છે આ કર્મબંધ નિંદા, ગર્હાદિ પશ્ચાતાપથી નાશ પામે છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિની જેમ.

**(૨) બદ્ધ કર્મ :-** રાજકથા, દેશકથા, ભક્તકથા, સ્ત્રીકથા, ઈત્યાદિ વીર કથાઓનું સેવન કરવાથી તથા પ્રમાદથી બંધાતા કર્મોતે બદ્ધ કર્મ કહેવાય છે. આ કર્મ આલોચના અને પ્રતિક્રમણ કરવાથી નાશ પામે છે. મૃગાવતી સાધ્વીજીની માફક

**(૩) નિધ્ધત કર્મ :-** દર્પપણે કરેલ અથવા ઈંદ્રિયોની એકતા પૂર્વક જાણી જોઈને ઉપાર્જન કરેલ કર્મ તે નિધ્ધત કર્મ કહેવાય છે. આ કર્મ ગુરુ મહારાજે આપેલ આલોચના ને શુદ્ધિપૂર્વક, ઉપયોગપૂર્વક, સારામાં સારી રીતે પૂર્ણ કરી આપે તો, છુટે દા.ત. સિદ્ધાસેન દિવાકરસૂરિજી.

**(૪) નિકાચિત કર્મ :-** જાણીને પાપ કરેલ હોય, પાછું કરીશ એમ માને.

ફરીપણ એમજ કરીશ એ રીતે વારંવાર પાપ કરીશ આ રીતે એની અનુમોદના કરવાથી જે કર્મ બંધાય તે નિકાચિત કર્મ કહેવાય છે. આ કર્મ ભોગવેજ છુટકો થાય. અગ્નિશર્માએ છેલ્લા ચંડાળના ભવમાં બાંધેલા કર્મની જેમ.

**આ રીતે દેવેન્દ્રસૂરિ મહારાજાએ કહેલ કર્મ વિપાકનામના પ્રથમ કર્મગ્રંથનું વિવેચન સમાપ્ત થયું.**

## પૂજય ગણિવર્યશ્રીના પ્રકાશિત થયેલા પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. જીવવિચાર* | પ્રશ્નોત્તરી | રૂ. ૬.૦૦ |
| ૨. દંડક* | પ્રશ્નોત્તરી | રૂ. ૪.૦૦ |
| ૩. નવતત્ત્વ* | પ્રશ્નોત્તરી | રૂ. ૮.૦૦ |
| ૪. કર્મગ્રંથ ભાગ-૧* | પ્રશ્નોત્તરી | રૂ. ૬.૦૦ |
| ૫. કર્મગ્રંથ ભાગ-૨* | પ્રશ્નોત્તરી | રૂ. ૭.૦૦ |
| ૬. કર્મગ્રંથ ભાગ-૩* | પ્રશ્નોત્તરી | રૂ. ૧૦.૦૦ |
| ૭. કર્મગ્રંથ સત્તાપ્રકરણ | પ્રશ્નોત્તરી | રૂ. ૧૦.૦૦ |
| ૮. ઉદય સ્વામિત્વ | પ્રશ્નોત્તરી | રૂ. ૧૫.૦૦ |
| ૯. કર્મગ્રંથ-૪ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | રૂ. ૧૫.૦૦ |
| ૧૦. કર્મગ્રંથ-૪ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | રૂ. ૧૫.૦૦ |
| ૧૧. કર્મગ્રંથ-૫ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | રૂ. ૧૫.૦૦ |
| ૧૨. કર્મગ્રંથ-૫ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | રૂ. ૧૫.૦૦ |
| ૧૩. લઘુ સંગ્રહણી | પ્રશ્નોત્તરી | રૂ. ૬.૦૦ |
| ૧૪. જીવવિચાર દંડક લઘુસંગ્રહણી | પ્રશ્નોત્તરી | રૂ. ૨૦.૦૦ |
| ૧૫. કર્મગ્રંથ-૫ ભાગ-૩ | પ્રશ્નોત્તરી | રૂ. ૨૫.૦૦ |
| ૧૬. કર્મગ્રંથ-૫ ભાગ-૪ | પ્રશ્નોત્તરી | રૂ. ૧૮.૦૦ |
| ૧. જીવવિચાર | વિવેચન | રૂ. ૧૫.૦૦ |
| ૨. નવતત્ત્વ | વિવેચન | રૂ. ૧૮.૦૦ |
| ૩. કર્મગ્રંથ ભાગ-૨ | વિવેચન | રૂ. ૧૫.૦૦ |

* આ નિશાનીવાળા પુસ્તકો અલભ્ય છે.

**Printed by : Arihant - (Jitu Shah)**
687/1, Chhipa Pole, Kalupur, Ahmedabad-1. Ph. : 396246